


# ન્યુઝ 4 કચ્છ

‘વાત કચ્છીયતની’

RNI No. GujGuj/2023/87263 | તંત્રી : જય દિનેશભાઈ દવે | News4Kutch Daily


**સુવિચાર**

સામાન્ય માણસનું મહાન બનવું
એ તો સામાન્ય છે પણ,
મહાન બન્યા પછી સામાન્ય બની
રહેવું એ ખરેખર અઘરું છે!


News Help Line : 78 74 88 99 33

વર્ષઃ ૦૨ અંક : ૭ તા.૨૦.૦૭.૨૦૨૪, શનિવાર પાનાઃ ૬ કિંમતઃ રૂા.૧ રજી.ઓફિસઃ ૯, માતૃભવ, સત્યમ સોસાયટી, ભુજ(કચ્છ) ૩૭૦૦૦૧ Email: news4kutchinfo@gmail.com

Year : 02 Issue : 7 Dt. 20-07-2024, Saturday Page : 6 Price : Rs. 1 Office : 9, Matrubhav, Satyam Society, Bhuj - Kutch 370001 Mob: 7874889933 Email : news4kutchinfo@gmail.com


# સૌરાષ્ટ્રમાં આફત : દ્વારકા, પોરબંદર, જુનાગઢ જળમગ્ન

**અનેક રાજ્યોમાં વરસાદ કહેર બની વરસી રહ્યો છે ત્યારે ગુરૂવાર-શુક્રવારે ગુજરાતના સૌરાષ્ટ્રમાં અતિભારે વરસાદથી અનેક શહેરોમાં મુશ્કેલી સર્જાઇ છે. પોરબંદરમાં મેઘતાંડવ જોવા મળ્યું હતુ છેલ્લા ૩૨ કલાકમાં ૨૨ ઈંચથી વધુ વરસાદથી વાહનો-પશુઓ તણાયા હતા અને અનેક ઘરોમાં પાણી ભરાયા હતા. મોટાભાગના વિસ્તારમાં વિજળી ગુલ છે. તો સૌરાષ્ટ્રના જુનાગઢ-સોમનાથમાં ભારે વરસાદથી નદીઓ ગાંડીતુર બની હતી.**







પોરબંદર, તા.૧૯

ગુજરાતમાં ભારે વરસાદની આગાહી વચ્ચે પોરબંદરમાં મેઘ તાંડવ જોવા મળ્યું હતુ. ગઈકાલે ગુરૂવારના બપોરે ૧૨થી આજે શુક્રવાર સુધીમાં ૨૨ ઈંચ વરસાદથી સમગ્ર પંથકમાં તારાજી સર્જાઈ હોય તેવાં દશ્યો સર્જાયા હતા ભારે વરસાદ બાદ પશુઓ તણાયાં હતા, વાહનો ડૂબ્યાં હતા, ઘરો-દુકાનોમાં પાણી ઘૂસ્યાં હતા. અને ચો તરફ પાણી ભરાયા હતા. પોરબંદરમાં દાયકા બાદ આવી સ્થિતીનુ નિર્માણ થયુ છે.બરડા પથક માં ભારે વરસાદ પડતા વાડી-ખેતરો પાણીથી તરબોળ બન્યા હતા તો શહેરમાં એમ.જી. રોડ, છાયાચોકી રોડ, સુદામાચોક સહિતના વિસ્તારો માં ઘૂટણસમાં પાણી ભરાતા જનજીવન અસ્તવ્યસ્ત બની ગયુ હતુ પોરબંદરનો એક એવો વિસ્તાર નહી હોય જ્યા ઘરોમા પાણી ન ભરાયા હોય વર્તુ નદી બે કાંઠે વહી નિકળી હતી. વરસાદ બાદ અનેક સ્થળો પર પાણી ભરાયા બાદ લોકોને બચાવવાની ફરજ પડી હતી. જે લોકો પાણીમાં ફસાયા હતા ભારે વરસાદને કારણે ઘેડ પંથકમાં પણ ઓઝત અને મધુવન્તિ નદીમાં પૂર આવ્યું હતુ અવીરત અને ભારે વરસાદ પડતાં પોરબંદર શહેર પાણીમાં ડૂબી ગયું હતું. મુખ્ય માર્ગો અને અનેક વિસ્તારો તેમજ સોસાયટીમાં પાણી ઘૂસી ગયાં હતાં. જેને પગલે લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. જીલ્લામાં ૧૧ લોકોને રેસ્કયુ કરવા પડ્યા હતા જ્યારે વધુ વરસાદને પગલે શાળાઓમાં રજા જાહેર કરી દેવામા આવી હતી પોરબંદરના રાણાવાવ, કુતિયાણા સહિતના ગ્રામ્ય વિસ્તારમાં પણ ભારે વરસાદને કારણે અનેક લોકો મુશ્કેલીમાં મુકાયા હતા. શહેરમાં ભારે વરસાદને કારણે હોર્ડીંગ તથા વૃક્ષો પડી ગયા હતા જેને દુર ખસેડી વાહન વ્યવહાર પુર્વવત કરાયો હતો. શહેરના અનેક વિસ્તારો જાણે બેટમા ફેરવાયા હતા. તો પોરબંદર સાથે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં છેલ્લા બે દિવસથી પડી રહેલા વરસાદને કારણે જનજીવન અસ્તવ્યસ્ત બન્યુ છે. તો ખંભાળિયા, ભાણવડ, કલ્યાણપુર સહિતના વિસ્તારોમાં ભારે વરસાદથી મુશ્કેલી સર્જાઇ છે. સૌરાષ્ટ્રના મોટા ભાગના વિસ્તારમાં ૩ ઈંચથી વધુ મેઘમહેર થતા પાણી-પાણી થઇ ગયુ છે. કલ્યાણપુરના ભાટિયા, નંદાણા, પટેલકા સહિતનાં ગામો સાથે ભાટિયા ગામના બસ સ્ટેશન ચોક, રેલવે સ્ટેશન રોડ, મેઈન બજાર સહિતના માર્ગો પર નદી જેવાં દશ્યો જોવા મળ્યાં હતાં. સારા વરસાદને કારણે ઘી ડેમ,સિંહણ ડેમ ઓવરફ્લો થવાને આરે છે. હવામાન વિભાગ દ્વારા આગામી ૨૨ જુલાઈ સુધી રાજ્યના વિવિધ ભાગોમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. રાજ્ય પર એકસાથે વરસાદની ચાર સિસ્ટમ સક્રિય થતાં ભારે પવન સાથે ધોધમાર વિસ્તારની સંભાવના છે. જેમાં સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ભારે થી અતિભારે વરસાદની શક્યતા વ્યક્ત હવામાન વિભાગે કરી છે. આ સાથે જ ત્રણ દિવસ ભારે પવન ફૂંકાવાની સંભાવના હોવાથી દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારમાં માછીમારો ને દરિયો ન ખેડવા સૂચના આપ વામાં આવી છે. હવામાન ખાતાની આગાહી મુજબ દ્વારકા જિલ્લામાં સાવર્ત્રિક વરસાદ જોવા મળ્યો હતો. ગત રાત્રથી ગાજવીજ સાથે શરૂ થયેલ ધોધમાર વરસાદ હાલ પણ સમગ્ર દ્વારકા જિલ્લાને તરબોડ કરી રહ્યો હોય તેવા દ્રશ્યો સામે આવ્યા હતા. ગત રાત્રે કલ્યાણપુર પંથક ૨ કલાકમાં ૬ ઈંચ વરસાદ સાથે હાલ સુધી ૧૪ ઇંચ જેટલો પડ્યો છે. ખંભાળિયા પંથકમાં ૭ ઈંચ, દ્વારકા અને ભાણવડ પંથકમાં ૫થી ૬ ઈંચ વરસાદ ખાબક્યો હતો દ્વારકાના જામ રાવલ ગામે ભારે વરસાદના કારણે આખું ગામ બેટ માં ફેરવાય ગયુ છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં શુક્રવારે મેઘરાજા મન મુકીને વરસ્યા હતા. ખાસ કરીને જિલ્લાના કલ્યાણપુરતાલુકમાંસારોઅનેનોંધપાત્ર વરસાદ વરસતા, અનેક સ્થાનિક નદી નાળા છલકાઈ ગયા હતા. ખંભાળિયા તાલુકાના લાલપરડા ગામે મેઘરાજાની તોફાની બેટિંગથી નદી નાળાઓમાં ધસમસતા પાણીના પૂર વહ્યાં હતા. કલ્યાણપુર ના જુવાનપુર ગામે સ્થાનિક નદીમાં ઘોડાપૂર આવવાથી કેટલીક ગાયો ફસાઈ ગઈ હોવાના દ્રશ્યો સામે આવ્યા હતા. વરસાદી પાણી ભરાઈ રહેવાના પગલે, મગફળીના પાકને નુકસાન થવાની ભીતિ ખેડૂતો સેવી રહ્યાં છે. જૂનાગઢ જિલ્લામા પડેલા સાર્વત્રિક વરસાદથી તારાજી સર્જાઈ છે. સમગ્ર જૂનાગઢ જિલ્લાના ૭૫ જેટલા રસ્તાઓ ઉપર વરસાદી પાણી ફરી વળતા, વાહનોની અવર જવર માટે બંધ કરી દેવાયા છે. ધોધમાર વરસેલા વરસાદનું પાણી જૂનાગઢ જિલ્લાના ૬૨ ગામની ફરતે ફરી વળ્યું હોવાથી જમીન માર્ગે આ ગામોનો સંપર્ક થઈ શકે તેમ નથી. તો બીજી તરફ માર્ગ મકાન વિભાગ રાજ્ય હસ્તકના પણ ૮ સ્ટેટ હાઈવે બંધ હાલતમાં છે. જુનાગઢ કલેક્ટર દ્વારા ટ્વીટ કરી પાણી ભરાયેલા રસ્તાઓ પર પસાર ન થવા સૂચના આપવામાં આવી છે. રસ્તાઓ પર પાણી વળતાં અનેક ગામડાંઓનો સંપર્ક તૂટી ગયો છે. જૂનાગઢમાં ભારે વરસાદ બાદ ભાખરવડ ડેમ ફરી વખત ઓવરફ્લો થયો છે. નીચાણવાળા વિસ્તારોને એલર્ટ રહેવા તંત્ર દ્વારા ચેતવણી અપાઈ છે. ૧૫ થી વધારે ગામોને એલર્ટ રહેવા ચેતવણી આપી દેવામાં આવી છે. નીચાણવાળા વિસ્તારોનાં ગામો વડાળા, અવાણીયા, ભાખરવડ, માળીયાહાટીના, જાનડી, ઘુમટી, આંબેચા, નાની ધણેજ, મોટી ધણેજ, ગડુ શેરબાગ, ભંડુરી સહિતના વિસ્તારોને એલર્ટ રહેવા તંત્ર દ્વારા ચેતવણી આપવામાં આવી છે.

## જાહેર સેવા આયોગે IAS પૂજા ખેડકર વિરુદ્ધ FIR નોંધાવી

વિવાદાસ્પદ ટ્રેઈની આઈએએસ અધિકરી પૂજા ખેડકરની માતાની ‘બંદૂક’ વાળી કરતુતો બાદ પૂજા પર એક પછી એક મુસીબતો આવી છે. હવે તેની સામે જાહેર સેવા આયોગે FIR નોંધાવી છે, તો બીજીતરફ સંસ્થાએ પણ તેને નોટીસ પાઠવી ગડબડનો જવાબ માંગ્યો છે. સંસ્થાએ તેને કહ્યું છે કે, તમારી ઉમેદવારી રદ કેમ ન કરવામાં આવે. આ ઉપરાંત પૂજાને આગામી પરીક્ષાઓમાંથી પણ બાકાત કરવામાં આવી શકે છે. ઉલ્લેખનીય છે કે, પૂજા ખેડકર પર આરોપ છે કે તેણે ઓબીસી હેઠળ અનામત મેળવવા માટે છેતરપિંડી કરી. સેવામાં તહેનાત થતા જ ખોટી માગણીઓ શરૂ કરી. તેની આવી હરકતો ધ્યાને લેવાયા બાદ ફાઈલ ખુલી છે, જેમાં તેણે ઘણા કારસ્તાન કર્યા હોવાનું સામે આવ્યું છે. યુપીએસસીના સત્તાવાર નિવેદન મુજબ, ‘પૂજા વિરુદ્ધ વિસ્તૃત તપાસ કરાઈ છે, જેમાં જાણ થઈ છે કે, તેણે સિવિલ સેવા પરીક્ષા-૨૦૨૨માં ઉલ્લંઘન કરીને પરીક્ષા આપી છે. તેણે પોતાનું નામ, પિતાનું નામ, માતાનું નામ, ફોટો અને સાઈટ બદલી નાખ્યા છે. આ ઉપરાંત મોબાઈલ નંબર, ઈ-મેઈલ આઈડી અને સરનામું પણ બદલી નાખ્યું છે. આ જ કારણે તેને મર્યાદા કરતા વધુ વખત પરીક્ષામાં બેસવાની તક મળી છે.’ યુપીએસસીએ કહ્યું કે, અમે પૂજા સામે તપાસ કર્યા બાદ તેની વિરુદ્ધ એફઆઈઆર નોંધાવી છે તેમજ તેને નોટિસ પાઠવીને કહ્યું છે કે, વર્ષ ૨૦૨૨ની પરીક્ષા યોજાયા બાદ તમારી પસંદગી રદ કેમ રદ કરવામાં ન આવે. અમે તેના પર ભવિષ્યમાં યોજાનારી પરીક્ષા આપવા પર પણ પ્રતિબંધ લગાવી દીધો છે. યુપીએસસી એક બંધારણીય સંસ્થા છે અને અમારી જવાબદારી નિયમોનું પાલન કરવાની છે. અમે સ્પષ્ટ કહેવા માંગીએ છીએ કે, પરીક્ષામાં કોઈપણ પ્રકારની ધાંધલી ન થાય અને જો કોઈ ગડબડ કરે, તો તેની વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવે. અમે વિશ્વાસ ઉભો કર્યો છે.

## શેરબજારમાં બ્લેક ફ્રાઈડે

આગામી સપ્તાહે મંગળવારે ૨૩ જુલાઈના રોજ બજેટ રજૂ કરવામાં આવશે. અને તેના પ્રથમ સપ્તાહના છેલ્લા ટ્રેડિંગ સેશનમાં ભારતીય શેરબજાર ભારે ઘટાડા સાથે બંધ થયું હતું. એનર્જી, ઓટો અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ સેક્ટરના શેરોમાં ભારે વેચવાલીથી બજારમાં આ ઘટાડો જોવા મળ્યો છે. આજના સત્રમાં મિડકેપ અને સ્મોલકેપ શેરો પણ નીચે બંધ થયા છે. બજાર બંધ થયા બાદ મ્જીઈ સેન્સેક્સ ૭૩૯ પોઈન્ટ ઘટીને ૮૦,૬૦૪ પોઈન્ટ પર બંધ થયો હતો. તો નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૨૭૦ પોઈન્ટ ઘટીને ૨૪,૫૩૦ પોઈન્ટ પર બંધ થયો છે. બજાર બંધ સમયે, સેન્સેક્સના ૩૦ શેરોમાંથી, ફક્ત ૪ શેર લીલા નિશાન પર હતા અને ૨૬ લાલ નિશાન પર હતા. તે જ સમયે, નેશનલ સ્ટોક એક્સચેન્જનો સૂચકાંક નિફ્ટી આજે ૧.૦૯ ટકા અથવા ૨૬૯ પોઇન્ટ ઘટીને ૨૪,૫૩૦ પર બંધ થયો હતો. બજાર બંધ સમયે નિફ્ટીના ૫૦ શેરોમાંથી ૪ શેર લીલા નિશાન પર અને ૪૬ શેર લાલ નિશાન પર હતા. ભારતીય શેરબજારમાં આવેલા તીવ્ર ઘટાડાથી રોકાણકારોને ભારે નુકસાન થયું છે. મ્જીઈ પર લિસ્ટેડ શેરોનું માર્કેટ કેપિટલાઇઝેશન રૂ. ૪૪૬.૨૫ લાખ કરોડ પર બંધ થયું હતું, જે અગાઉના સત્રમાં રૂ. ૪૫૪.૩૨ લાખ કરોડના સ્તરે બંધ થયું હતું. એટલે કે આજના સત્રમાં રોકાણકારોને રૂ. ૮.૦૭ લાખ કરોડનું નુકસાન થયું છે. નિફ્ટી પેક શેર્સમાં આજે સૌથી મોટો ઘટાડો ટાટા સ્ટીલમાં ૪.૯૭ ટકા, જેએસડબલ્યુ સ્ટીલમાં ૪.૬૮ ટકા, બીપીસીએલમાં ૩.૯૮ ટકા, હિન્દાલ્કોમાં ૩.૯૧ ટકા, ઓએનજીસીમાં ૩.૪૪ ટકાનો ઘટાડો નોંધાયો હતો. તે જ સમયે, ઈન્ફોસિસ,ૈંઝ, એશિયન પેઈન્ટ અને બ્રિટાનિયાના શેરમાં વધારો નોંધાયો હતો.

## શિવસેનાને દાન સ્વિકારવા મંજુરી

ચૂંટણી પંચે ગુરુવારે શિવસેના પાર્ટીને સરકારી કંપનીઓ સિવાય વ્યક્તિઓ અને કંપનીઓ પાસેથી જાહેર દાન સ્વીકારવાની મંજૂરી આપી હતી. પાર્ટીના મહાસચિવ સુભાષ દેસાઈના નેતૃત્વમાં એક પ્રતિનિધિમંડળ પણ ગુરુવારે કમિશનને મળ્યું હતું.મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી પહેલા ચૂંટણી પંચે ઉદ્ધવ ઠાકરેની પાર્ટીને મોટી રાહત આપી છે. પંચે ગુરુવારે શિવસેના (UBT) પક્ષને જાહેર દાન સ્વીકારવાની મંજૂરી આપી હતી. ઉદ્ધવની પાર્ટીની માંગ સ્વીકારવાના થોડા દિવસો પહેલા, પંચે એનસીપી (એસપી)ની સમાન માંગ સ્વીકારી હતી.પંચ દ્વારા ગુરુવારે જારી કરાયેલા પત્રમાં કહેવામાં આવ્યું છે કે, લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ની કલમ 29B અને કલમ 29C હેઠળ સરકારી કંપની સિવાયની કોઈપણ વ્યક્તિ અથવા કંપની દ્વારા ઉદ્ધવ ઠાકરેની પાર્ટીને આપવામાં આવેલ કોઈપણ સ્વૈચ્છિક દાન લઈ શકે છે. રકમ શિવસેના (UBT) એ મહા રાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને જાહેર દાન તરીકે નાણાં સ્વીકારવાની ચૂંટણી પંચને માંગ કરી હતી. પાર્ટીના મહાસચિવ સુભાષ દેસાઈના નેતૃત્વમાં એક પ્રતિનિધિમંડળ પણ ગુરુવારે કમિશનને મળ્યું હતું.

## ૧૩ રાજ્યમાં વરસાદનું એલર્ટ

ઉત્તર પ્રદેશ સહિત દેશના અનેક રાજ્યો છે જેમા હાલ પુર જેવી સ્થિતી નિર્માણ પામી છે. પૂરની સૌથી વધુ અસર ગોરખપુરમાં છે. અહીં રાપ્તી નદી ખતરાના નિશાનથી ઉપર વહી રહી છે. અત્યાર સુધીમાં ૫૫થી વધુ ગામો પાણીમાં ડૂબી ગયાં છે ૧૦૦ બોટ સાથે ટીમ તૈનાત છે. વારાણસીમાં ગંગાના ૩૦ ઘાટ ડૂબી ચૂક્યા છે. ત્યારે હજુ ૪ દિવસ ભારે વરસાદનું એલર્ટ આપવામા આવ્યુ છે ખાસ કરીને છત્તીસગઢ, ગોવા, મધ્ય મહા રાષ્ટ્ર, ઓડિશા, તેલંગાણા, મધ્યપ્રદેશ, ગુજરાત, કર્ણાટકમાં ભારે વરસાદની ચેતવણી અપાઇ છે. છત્તીસગઢના બે જિલ્લામાં ભારે વરસાદનું રેડ એલર્ટ આપવામાં આવ્યુ છે. આમ ઉત્તરભારત સહિત અનેક રાજ્યો હાલ વરસાદ અને પુરથી પ્રભાવીત છે જેની મુશ્કેલી આગામી સમયમાં વધી શકે છે. વરસાદથી હાલ લાખો લોકો પ્રભાવીત બન્યા છે. દેશભરમાં ઉત્તરથી લઈને દક્ષિણ અને પૂર્વથી લઈને પશ્ચિમના ભાગોમાં વરસાદે તારાજી સર્જી છે. અને અનેક રાજ્યોમાં પૂરની સ્થિતિ છે.

**મંગવાણા પાણી-પાણી**



**કચ્છમાં શુક્રવારે પડેલા વરસાદમાં સૌથી વધુ નખત્રાણાના મંગવાણામાં પડ્યો હતો જેથી ભારે મુશ્કેલી સર્જાઇ હતી.અનુમાન મુજબ ગામમાં ૮ ઇંચ જેટલો વરસાદ પડ્યા બાદ ભુજ નલિયા હાઇવે બેટમાં ફેરવાયો હતો સાથે ગામની શેરીઓ પણ નદી માં ફેરવાઈ હતી વરસાદના** **વધુ અહેવાલ છેલ્લા પાને.....**

## ગુજરાત પર પાંચ દિવસ ભારે

સમગ્ર ગુજરાતમાં મેઘરાજા મહેરબાન થયા છે. સૌરાષ્ટ્રના અનેક જિલ્લાઓમાં ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. રાજ્યના હવામાન વિભાગે વરસાદને લઈ ફરી આગાહી કરી છે.આગાહી અનુસાર, રાજ્યમાં આગામી પાંચ દિવસ ગાજવીજ સાથે વરસાદ દર્શાવાયો છે. ઑફશોર ટ્રફ, શીયર ઝોન અને સાયક્લોનિક સર્ક્યુલેશન સિસ્ટમ સક્રિય થતા વરસાદની આગાહી કરાઈ છે. જેથી કેટલાક જીલ્લામાં રેડ અલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું.દક્ષિણ ગુજરાતમાં સુરત, નવસારી, વલસાડ, દમણ અને દાદરા નગર હવેલીમાં અત્યંત ભારે વરસાદની આગાહી કરાઈ છે. સૌરાષ્ટ્રમાં દ્વારકા, પોરબંદર, જૂનાગઢ, ગીરસોમનાથ, અમરેલી અને રાજકોટમાં પણ અત્યંત ભારે વરસાદની આગાહી હવામાન વિભાગે કરી છે. ભારે વરસાદની આગાહીના પગલે આ જિલ્લાઓમાં રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. કચ્છ, જામનગર, મોરબી, સુરેન્દ્રનગર, બોટાદ અને ભાવનગરમાં ઓરેન્જ અલર્ટ સાથે ભારેથી અતિભારે વરસાદની આગાહી હવામાન વિભાગે કરી છે.

## ભારતીય મહિલા ટીમે પાકિસ્તાનને હરાવ્યું



ભારતે મહિલા એશિયા કપમાં પોતાની પ્રથમ મેચમાં પાકિસ્તાનને હરાવીને જીતી લીધી છે. ડિફેન્ડિંગ ચેમ્પિયન ટીમ ઈન્ડિયાએ પાકિસ્તાનને ૭ વિકેટે હરાવ્યું હતુ. ટૉસ જીતીને પહેલા પાકિસ્તાન બેટીંગ કરવા આવ્યું હતુ પરંતુ ભારતીય બોલર્સ સામે ૧૦૮ રનમાં ઓલઆઉટ થઈ ગઇ હતી સિદરા અમીને સૌથી વધુ ૨૫ રન બનાવ્યા હતા. દીપ્તિ શર્માએ ૩ વિકેટ લીધી હતી.રન ચેઝમાં ભારતીય ઓપનર શેફાલી વર્મા અને સ્મૃતિ મંધાનાએ ૮૫ રનની ભાગીદારી કરી હતી. સ્મૃતિએ ૪૫ રન અને શેફાલીએ ૪૦ રનની ઈનિંગ રમી હતી. પાકિસ્તાન તરફથી સૈયદા અરુબ શાહે ૨ વિકેટ લીધી હતી. જેમિમાહ રોડ્રિગ્સે ૧૫મી ઓવરના પહેલા બોલ પર એક રન લઈને ભારતને જીત અપાવી હતી. ભારતીય ટીમે આ મેચ ૭ વિકેટે જીતી લીધી હતી.

## બાંગ્લાદેશ હિસામાં સળગ્યું ૬૪ના મોત

બાંગ્લાદેશમાં વિદ્યાર્થીઓનું આંદોલન હિંસક બની ગયું છે. છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલા રમખાણે હિંસક સ્વરૂપણ ધારણ કરી લીધું છે. પથ્થરમારો, ગોળીબાર, ટીયર ગેસના સેલ છોડવાની ઘટનાઓ બન્યા બાદ હવે જેલમાં આગ ચાંપવાની ઘટના બની છે.દરમિયાન ઢાકા પોલીસે હિંસક પ્રદર્શન રોકવા માટે તમામ જાહેર સમારોહ પર પ્રતિબંધ લગાવી દીધો છે. બીજીતરફ એક પ્રદર્શનકારીએ કહ્યું કે, ‘અમારો વિરોધ યથાવત્ રહેશે. તેઓ બાંગ્લાદેશના વડાંપ્રદાન શેખ હસીનાના રાજીનામાની માંગ કરી રહ્યા છે. પ્રદર્શન દરમિયાન જે હત્યાઓ થઈ છે, તેની પાછળ સરકાર જવાબદાર છે.’ હિંસાની ઘટનાઓમાં અત્યાર સુધીમાં કુલ ૬૪ લોકોના મોત થયા હોવાના અહેવાલો મળ્યા છે. ઢાકા, ચિત્તાગોંગ, રંગપુર અને કુમિલા સહિત બાંગ્લાદેશના ઘણા શહેરોમાં લાકડીઓ અને પથ્થરોથી સજ્જ હજારો વિદ્યાર્થીઓ ની સશસ્ત્ર પોલીસ સાથે હિંસક અથડામણ થઈ હતી. વડાંપ્રધાન શેખ હસીનાએ રવીવારે પ્રદર્શનકારીઓની સરખામણી રઝાકારો સાથે કરીને આગમાં ઘી નાખવાનું કામ કર્યું હતું. રઝાકાર એ બાંગ્લાદેશમાં દેશદ્રોહીઓ માટે વપરાતો શબ્દ છે.ત્યાર બાદ હિંસા વધુ ઉગ્ર બની છે. બાંગ્લાદેશમાં ચાલી રહેલી હિંસા બાદ ત્યાંથી ભારતીય લોકોનું સ્થળાંતર શરૂ થઈ ગયું છે. નેપાળ, આસામ સહિતના રાજ્યોના લોકો ત્યા છે.

## રસીકરણ મામલે સરકારની સ્પષ્ટતા


નવી દિલ્હી, તા.૧૯

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન અને યુનિસેફે તાજેતરમાં જ તેમના વૈશ્વિક રસીકરણ અહેવાલમાં જણાવ્યું છે કે રોગચાળાના ત્રણ વર્ષ પછી પણ ભારતમાં બાળકોના રસીકરણનું સ્તર હજુ સુધી રોગચાળા પહેલાના સ્તરે પહોંચ્યું નથી. હવે સરકારે આ અંગે સ્પષ્ટતા કરી અને કહ્યું કે ભારતમાં ઝીરો ડોઝવાળા બાળકોની વધુ સંખ્યાને રેખાંકિત કરતા મીડિયા રિપોર્ટ માં દેશના રસીકરણના પ્રયાસોની અધૂરી તસવીર દર્શાવવામાં આવી છે.ભારતમાં ‘ઝીરો ડોઝ ચિલ્ડ્રન’ની મોટી સંખ્યાને પ્રકાશિત કરતા મીડિયા અહેવાલો દેશના રસીકરણ ના પ્રયાસોનું અધૂરું ચિત્ર દોરે છે. આ મીડિયા અહેવાલો ભારતની વસ્તી અને ઉચ્ચ રસીકરણ કવરેજને ધ્યાનમાં લીધા વિના અન્ય દેશો સાથે ખામીયુક્ત સરખામણીઓ રજૂ કરે છે.કુલ વસ્તીની ટકાવારી તરીકે, દેશના ઝીરો ડોઝ બાળકો કુલ વસ્તીના ૦.૧૧ ટકા છે. ભારતની વિશાળ વસ્તીને ધ્યાનમાં લેતા, અન્ય દેશોની સરખામણીમાં અહીં રસીકરણ કરાયેલા બાળકોની સંખ્યા સૌથી વધુ છે.નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે દેશનું સંપૂર્ણ રસીકરણ કવરેજ ૯૩.૨૩% છે. ભારતનો રસીકરણ કાર્યક્રમ વાર્ષિક ૧.૨ કરોડ રસીકરણ સત્રો દ્વારા ૨.૬ કરોડ બાળકો અને ૨.૯ કરોડ સગર્ભા સ્ત્રીઓના વિશાળ જૂથને લક્ષ્યાંકિત કરતી વૈશ્વિક સ્તરે સૌથી મોટી જાહેર આરોગ્ય પહેલ છે.તે જ સમયે, મિશન ઈન્દ્રધનુષ હેઠળ, ૨૦૨૩ સુધીમાં ૫.૪૬ કરોડ બાળકો અને ૧.૩૨ કરોડ ગર્ભવતી મહિલાઓને રસી આપવામાં આવી છે.તે જ સમયે, સોમવારે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન અને યુનિસેફે વૈશ્વિક રસીકરણ અહેવાલમાં જણાવ્યું હતું કે રોગચાળાના ત્રણ વર્ષ પછી પણ ભારતમાં બાળકોના રસીકરણનું સ્તર હજી સુધી રોગચાળા પહેલાના સ્તરે પહોંચ્યું નથી.

## દુનિયાભરમાં માઈક્રોસોફ્ટમાં ટેક્નિકલ ખામી સર્જાઈ

વોશિંગ્ટન, તા.૧૯

માઈક્રોસોફ્ટમાં ટેક્નિકલ ખામી સર્જાતાં મધ્ય અમેરિકા, ભારત અને ઓસ્ટ્રેલિયામાં ઘણી કંપનીઓના કોમ્પ્યુટર અને લેપટોપ આપોઆપ બંધ થઈ ગયા હતા. બપોરે ૧૨ વાગ્યે અનેક કર્મચારીઓએ ફરિયાદ કરી હતી કે, તેમના લેપટોપ અને કોમ્પ્યુટર આપમેળે બંધ થઈ ગયા છે. બેન્કોથી માંડી સ્ટોક એક્સચેન્જ, એરલાઈન્સના કામકાજ પર અસર થઈ છે. મુસાફરો ચેક-ઈન કે ચેક આઉટ કરવા અસમર્થ બન્યા છે. અહેવાલો અનુસાર, ભારત અને અમેરિકામાં ૧૪૭ એરલાઈન્સ રદ કરવામાં આવી છે.





આ ખામીની અસર ભારતમાં પણ વ્યાપકપણે જોવા મળી હતી. દિલ્હી, મુંબઈ, બેંગલુરુ અને ગુરુગ્રામમાં આવેલી વિવિધ કંપનીઓમાં કામ કરતા કર્મચારીઓની સિસ્ટમ પર અચાનક બ્લ્યૂ સ્ક્રીન દેખાવા લાગી હતી સ્ક્રીન પર એક મેસેજ પણ લખાયેલો હતો. જેમાં લખ્યું હતું કે તમારી સિસ્ટમને રિસ્ટાર્ટ કરવાની જરૂર છે.

બ્લ્યૂ સ્ક્રીન એરર, જેને બ્લેક સ્ક્રીન એરર અથવા STOP કોડ એરર પણ કહેવાય છે, ત્યારે આવી શકે છે જ્યારે વિન્ડોઝમાં ગંભીર સમસ્યા સર્જાઈ હોય અને તે અચાનક કામ કરતી બંધ થઈ જાય. વિશ્વની ટોચની સાયબર સિક્યોરિટી પ્લેટફોર્મ ક્રાઉડસ્ટ્રાઈકમાં ટેક્નિકલ ખામી સર્જાતાં માઈક્રોસોફ્ટની સેવાઓ અટકી પડી છે. અમેરિકાની ઈમરજન્સી ૯૧૧ સેવાઓમાં ખામી સર્જાઈ છે. તેમજ આંતરરાષ્ટ્રીય એરલાઈન્સ, બેંક્રો, મીડિયા આઉટલેટ્સ, પબ્લિક ટ્રાન્સપોર્ટેશન થંભી ગયા છે. અમેરિકા ઉપરાંત ઓસ્ટ્રેલિયા અને જર્મનીમાં પણ બેકિંગ, ટેલીકોમ, મીડિયા આઉટલેટ અને એરલાઈન્સની સેવાઓ પ્રભાવિત થઈ છે. ઓસ્ટ્રેલિયાના નેશનલ સાઈબર સિક્યોરિટી કોઓર્ડિનેટરે કહ્યુ કે દેશમાં આજે બપોરે મોટાપાયે અનેક કંપનીઓની સેવાઓ પ્રભાવિત થઇ હતી. આ ખામીને કારણે, અમેરિકા અને ઓસ્ટ્રેલિયામાં બેંક્રો અને સરકારી કચેરીઓમાં કમ્પ્યુટર અને લેપટોપ પણ બંધ થઈ ગયા હતાં.

### સર્વર ડાઉન પર ભારત સરકારની પ્રતિક્રિયા

માઈક્રોસોફ્ટના સર્વરમાં ટેકનિકલ ખામી સર્જાઇ છે. જેના કારણે દુનિયાભરમાં એરલાઈન્સ, ટીવી ટેલિકાસ્ટ, બેંકિંગ અને ઘણી કોર્પોરેટ કંપનીઓની કામગીરી પ્રભાવિત થઈ રહી છે. હવે આ અંગે ભારત સરકાર તરફથી નિવેદન આવ્યું છે. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, ‘MEITY વૈશ્વિક આઉટેજ અંગે માઈક્રોસોફ્ટ અને તેના સહયોગિઓ સાથે સંપર્કમાં છે. આ આઉટેજનું કારણ જાણવામાં આવ્યું છે અને સમસ્યાના ઉકેલ માટે અપડેટ્સ જાહેર કરવામાં આવ્યા છે. CERT ટેક્નિકલ એડવાઈઝરી જાહેર કરી રહ્યું છે. NIC નેટવર્ક અસરગ્રસ્ત નથી. માઈક્રોસોફ્ટ આઉટેજ પર, બીજેપી નેતા રાજીવ ચંદ્રશેખરે કહ્યું, “માઈક્રોસોફ્ટ ૩૬૫ અને માઈક્રોસોફ્ટ સ્યુટ્સ લાખો ભારતીયો દ્વારા ઉપયોગમાં લેવાય છે. આ પ્લેટફોર્મ પર કોઈપણ આઉટેજ ઘણી કંપનીઓના વ્યવસાય અને કામગીરીને અવરોધે છે. મને આશા છે કે માઈક્રોસોફ્ટ ટૂંક સમયમાં તેની સેવાઓ પુનઃસ્થાપિત કરશે.” સેવાઓ શક્ય તેટલી વહેલી તકે પુનઃસ્થાપિત થાય તેની ખાતરી કરવા માટે ભારત સરકાર સૈષ્ઠર્જિકં સાથે કામ કરશે. માઈક્રોસોફ્ટ વિન્ડોઝ યુઝર્સ ઓપરેટિંગ સિસ્ટમમાં ખામીને કારણે સમસ્યાનો સામનો કરી રહ્યા છે. યુઝર્સ બ્લુ સ્ક્રીન ઓફ ડેથ એરર અનુભવી રહ્યા છે. આ અંગે માઈક્રોસોફ્ટે પોતાના નિવેદનમાં કહ્યું છે કે ક્રાઉડસ્ટ્રાઈક અપડેટને કારણે આ સમસ્યા ઉભી થઈ છે.

## લોકસભા અધ્યક્ષે બિઝનેસ એડવાઈઝરી કમિટીની રચના કરી

નવી દિલ્હી, તા.૧૯

સંસદનું ચોમાસુ સત્ર આવતા સપ્તાહથી શરૂ થઈ રહ્યું છે. આ સત્ર દરમિયાન ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટમાં સુધારા સહિત છ નવા બિલ રજૂ કરવામાં આવશે. ફાઈનાન્સ બિલ ઉપરાંત, સરકારે ૧૯૩૪ના એરક્રાફ્ટ એક્ટને બદલવા માટે ભારતીય એરક્રાફ્ટ બિલ ૨૦૨૪ને પણ સૂચિબદ્ધ કર્યું છે.ગુરુવારે સાંજે લોકસભા સચિવાલય દ્વારા જારી કરાયેલા સંસદ બુલેટિનમાં બિલોની યાદી પ્રકાશિત કરવામાં આવી હતી. ચોમાસુ સત્ર ૨૨મી જુલાઈથી શરૂ થશે અને ૧૨મી ઓગસ્ટ સુધી ચાલશે. નાણામંત્રી નિર્મલા સીતારમણ ૨૩ જુલાઈ, મંગળવારે કેન્દ્રીય બજેટ રજૂ કરવા જઈ રહ્યા છે. અત્યાર સુધીની માહિતી મુજબ સરકાર ચોમાસુ સત્રમાં છ બિલ રજૂ કરશે.સત્ર દરમિયાન સૂચિબદ્ધ અન્ય બિલોમાં ફાઈનાન્સ બિલ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ, બોઈલર્સ બિલ, ઈન્ડિયન એરક્રાફ્ટ બિલ, કોફી પ્રમોશન એન્ડ ડેવલપમેન્ટ બિલ અને રબર પ્રમોશન એન્ડ ડેવલપમેન્ટ બિલનો સમાવેશ થાય છે. સત્રમાં અનુદાનની માંગ પર ચર્ચા અને મતદાન થશે. આ સિવાય વિનિયોગ બિલ પસાર કરવામાં આવશે. જમ્મુ-કાશ્મીરના બજેટ પર પણ ચર્ચા થશે અને બજેટ પસાર કરવામાં આવશે. લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ સંસદીય કાર્યસૂચિ નક્કી કરવા માટે બિઝનેસ એડવાઈઝરી કમિટી (BAC) ની રચના કરી છે. લોકસભા સ્પીકર ઓમ બિરલા આ સમિતિના અધ્યક્ષ છે. વિવિધ પક્ષોના ૧૪ સાંસદો નોમિનેટ થયા છે. આ સમિતિ લોકસભાનું કામ, ચર્ચાનો સમય વગેરે નક્કી કરે છે.જેમાં ભાજપમાંથી નિશિકાંત દુબે, અનુરાગ સિંહ ઠાકુર, ભર્ત્રીહરિ મહતાબ, પીપી ચૌધરી, બિજયંત પાંડા, ડો.સંજય જયસ્વાલ વગેરેનો સમાવેશ થાય છે.

## આજનું રાશિફળ

**મેષ :**
આજના દિવસ ની શરૂઆત તમે યોગ અને ધ્યાન થી કરી શકો છો, આવું કરવું તમારા માટે ફાયદાકારક રહેશે અને તમારી અંદર ઉર્જા કાયમ રહેશે। લાંબા-ગાળાના લાભ માટે શેર્સ તથા મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરો. બાળકો વધુ ધ્યાનની માગ કરશે- પણ તેઓ સહાયક અને દેખભાળભર્યું વર્તન કરશે. તમારા સમર્પિત તથા અડગ પ્રેમમાં જાદુઈ રચનાત્મક શક્તિઓ છે. સમય નું ચક્ર ખૂબ જ ઝડપ થી ફરે છે, તેથી આજ થી જ તમારા કિંમતી સમય નો ઉપયોગ કરવા નું શીખો. આજ પહેલા લગ્નજીવન આટલું અદ્ભુત ક્યારેય નહોતું.

**વૃષભ :**
આજે થોડી બેચેનીને કારણે તમારી માનસિક શાંતિમાં ખલેલ પહોંચશે પણ સમસ્યા ઉકેલવામાં મિત્ર ખૂબ જ મદદરૂપ થશે. તાણ ભગાવવા માટે શાતા પહોંચાડે તેવું સંગીત સાંભળો. આ રાશિ ના એ લોકો જે વિદેશ થી વેપાર કરે છે તે લોકો ને ઘણું સારું આર્થિક લાભ થવા ની શક્યતા છે. જરૂર પડશે તો તમારા મિત્ર તમારી મદદે આવશે. તમારી બારીમાં ફૂલો મૂકી તમારો પ્રેમ દર્શાવો. ખાલી સમય નું તમે આજે સદુપયોગ કરશો અને તે કામો ને પુરા કરવાની કોશિશ કરશો જે ગત દિવસો માં પુરા નથી થયા હતા. તમારા જીવનસાથી આજે તમને ખુશ કરવા માટે ખાસ જહેમત લેશે.

**મિથુન :**
આજે વાહન ચલાવતી વખતે તકેદારી રાખજો. વેપારીઓ ને આજ પોતાના વેપાર માં ખોટ આવી શકે છે અને પોતાના વેપાર ને સારો બનાવવા માટે તમારે તમારા પૈસા ખર્ચ કરવા પડી શકે છે. તમારા માતા-પિતાનું સ્વાસ્થ્ય વધુ ધ્યાન તથા દરકાર માગશે. આજે તમને તમારા જીવનમાં સાચા પ્રેમની કમી સાલશે.ચિંતા ન કરો સમય સાથે બધું જ બદલાઈ જાય છે અને તેમાં તમારૂં રૉમેન્ટિક જીવન પણ અપવાદ નથી. આજે સાંજે તમે તમારી નજીક ના કોઈ ની સાથે સમય પસાર કરવા માટે તેના ઘરે જઈ શકો છો, પરંતુ આ સમય દરમિયાન તમારે તેમની કોઈ વાત ખરાબ લાગશે અને તમે નિર્ધારિત સમય પહેલાં પાછા આવી શકો છો. સંબંધીઓને કારણે તમારી વચ્ચે તકરાર થવાની શક્યતા છે, પણ દિવસના અંતે બધું જ સુંદર રીતે આટોપવામાં તમે સફળ રહેશો.

**કર્ક :**
આજના દિવસે તમે કોઈક વિચિત્ર પરિસ્થિતિમાં સપડાઈ જાવ તો નિરાશ ન થતા. જેમ ભોજનમાં સ્વાદ મીઠાને આભારી છે તેમ સાચા આનંદનું મૂલ્ય સમજવા માટે કેટલીક તકલીફ પણ જરૂરી છે. તમારા મૂડને બદલવા સામાજિક મેળાવડામાં હાજરી આપો. આજે તમે મૂડી આસાનીથી ઊભી કરી લેશો-લેણાં નીકળતાં નાણાની ઉઘરાણી કરો-અથવા નવા પ્રૉજેક્ટ્સ પર કામ કરવા માટે ધીરાણ માગો. તમારે નિરાંત અનુભવવાની તથા નિકટના મિત્રો અને પરિવારના સભ્યો વચ્ચે ખુશી શોધવાની જરૂર છે. તમારો ખાસ મિત્ર તમારા આંસું લૂંછશે. તમારા જીવનમાં કશુંક રસપ્રદ થાય એની તમે લાંબા સમયથી રાહ જોઈ રહ્યા હો- તો તમને ચોક્કસ કંઈક રાહત મળશે. તમે તમારા જીવનસાથીના પ્રેમને ઝંખતા હતા, આજનો દિવસ તમને તમારા જીવનસાથીનો પ્રેમ આશીર્વાદ રૂપે આપશે.

**સિંહ :**
આજે માત્ર તમે જ જાણો છો કે તમને શું જોઈએ છે-આથી દૃઢ અને નીડર બનો અને ઝડપી નિર્ણય લો અને પરિણામો સાથે જીવવાની તૈયારી રાખો. ઝડપથી નાણાં કમાઈ લેવાની ઈચ્છા તમે ધરાવશો. તમારા બાળકોની ચિંતાઓમાં સહકાર આપવો મહત્વનો છે. કોઈ પિકનિક સ્પૉટની મુલાકાત લઈ તમે તમારૂં પ્રેમ જીવન ઝળકાવી શકો છો. તમારું વ્યક્તિત્વ એવું છે કે તમે વધારે લોકો ને મળવા થી પરેશાન થયી જાઓ છો અને પછી તમારા માટે સમય શોધવા નો પ્રયાસ શરૂ કરો છો. તેથી, આજ નો દિવસ તમારા માટે ઉત્તમ દિવસ બની રહ્યો છે. આજે તમને તમારા માટે પૂરતો સમય મળશે. શું તમે જાણો છો, તમારા જીવનસાથી તમારી માટે ખરો દેવદૂત છે, અમારી વાત પર વિશ્વાસ નથી? આજે નિરીક્ષણ કરી તેનો જાતઅનુભવ કરો.

**કન્યા :**
આજે અન્યોની જરૂરિયાત તમારી ઈચ્છામાં હસ્તક્ષેપ કરશે આથી પોતાનું ધ્યાન રાખો-તમારી લાગણીઓને દબાવો નહીં અને હળવાશ અનુભવવા માટે તમને જે ક્રમમાં ચીજો કરવી ગમે છે તેમ કરો. જો તમે કોઈ ની જોડે પાછું માંગી રહ્યા હતા અને તે દર સમયે તમારી વાત ને ટાળતો હતો તે આજ ના દિવસે કીધા વગર તમારા પૈસા પાછા આપી શકે છે. જીવનસાથી તમને ધૂમ્રપાનની લત છોડવા પ્રેરણા આપશે. વળી, આ લતમાંથી છૂટવા માટે આ સમય યોગ્ય પણ છે. યાદ રાખો લોઢું ગરમ હોય ત્યારે જ આપણે ઘા કરવો જોઈએ. આજે તમને તમારા જીવનમાં સાચા પ્રેમની કમી સાલશે.ચિંતા ન કરો સમય સાથે બધું જ બદલાઈ જાય છે અને તેમાં તમારૂં રૉમેન્ટિક જીવન પણ અપવાદ નથી.

**તુલા :**
આજે ઘરની બહારની પ્રવૃત્તિઓ તમને લાભ કરાવશે. કિલ્લા જેવી જીવનશૈલી તથા હંમેશાં સુરક્ષાની ચિંતા કરવી એ બાબત તમારી માનસિક તથા શારીરિક વિકાસ પર અસર કરશે. આ બાબત તમને નર્વસ કરી મુકશે. જે લોકો ઘણા સમય થી નાણાકીય મુશ્કેલી માં થી પસાર થયી રહ્યા હતા તેમને આજે ક્યાંક થી ધન પ્રાપ્ત થયી શકે છે જેથી જીવન માં ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે. એક સુંદર અને અદભુત સાંજ માટે મહેમાનો તમારા ઘરમાં ભીડ કરશે. જે લોકો તેમના પ્રેમી થી દૂર રહે છે તે આજે તેમના પ્રેમી ને યાદ કરી શકે છે. તમે રાત્રે પ્રેમી સાથે કલાકો સુધી ફોન પર વાત કરી શકો છો. રાત્રે ઓફિસ થી ઘરે આવતા સમયે, તમારે આજે કાળજીપૂર્વક વાહન ચલાવવું જોઈએ, નહીં તો કોઈ અકસ્માત થઈ શકે છે અને તમે ઘણા દિવસો માટે બીમાર પડી શકો છો.

**વૃશ્ચિક :**
આજે તમારા ભયનો ઈલાજ કરવાનો સમય પાકી ગયો છે.તમારે એ સમજવું જોઈએ કે ભય માત્ર શારીરિક ક્ષમતાઓને જ હાનિ નથી પહોંચાડતો પણ જીવનને પણ ટૂંકાવે છે. નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે.જો તમે કોઈ વ્યક્તિ ને પૈસા ઉધાર આપ્યા હતા તો તે પૈસા આજે પાછા મળવા ની પુરી શક્યતા છે. તમને જેના પર વિશ્વાસ છે તે કદાચ તમને આખું સત્ય નથી જણાવી રહ્યા- તમારી વાત અન્યોને ગળે ઉતારવાની તમારી આવડત તમને આવાનારી સમસ્યાઓ ઉકેલવામાં મદદ કરશે. ચેતતા રહેજો કોઈક તમારી સાથે ખોટી પ્રણયચેષ્ટાઓ કરશે. આ રાશિ ના લોકો આજે મફત સમય માં રચનાત્મક કાર્ય કરવા ની યોજના બનાવશે, પરંતુ તેમની યોજના પૂર્ણ થશે નહીં.

**ધન :**
આજના બહારનું બિનઆરોગ્યપ્રદ ખોરાક ખાવાનું ટાળજો, આ રાશિ ના મોટા વેપારીઓ ને આ ના દિવસે ઘણું સોચી અને સમજી ને પૈસા નિવેશ કરવા ની જરૂર છે. મિત્રો તથા પરિવાર સાથે આનંદદાયક સમય. તમારા પ્રેમ જીવનની બાબતમાં આજનો દિવસ અકલ્પ્ય છે. બસ પ્રેમ કરતા રહો. ઘર ની બહાર જઇ ને, આજે તમારે ખુલ્લી હવા માં ફરવું ગમશે. આજે તમારું મન શાંત રહેશે, જે તમને દિવસભર ફાયદો કરાવશે. તમારા અને તમારા જીવનસાથી વચ્ચે ચોક્કસ જ વિશ્વાસનો અભાવ સર્જાશે. તેને કારણે લગ્નજીવનમાં તાણ સર્જાશે. જીવન માં સરળતા ત્યારે જ હોય છે જ્યારે તમારું વર્તન સરળ હોય.

**મકર :**
આજે તમારા વિનમ્ર વર્તનની સરાહના થશે. અનેક લોકો તમારા છુટ્ટા મોંએ વખાણ કરશે. સટ્ટા અથવા અણધાર્યા લાભ દ્વારા તમારી આર્થિક હાલત સુધરશે. તમારા ઉદાર સ્વભાવનો લાભ તમારા મિત્રોને ન લેવા દો. તમારા પ્રિયપાત્ર સાથે પિકનિક પર જઈ તમારી અમૂલ્ય ક્ષણોને ફરીથી જીવો. આજે તમે નવા વિચારોથી તરબતર હશો તથા પ્રવૃત્તિની તમારી પસંદગી તમારી અપેક્ષા કરતાં અનેક ગણો વધારે લાભ અપાવશે. તમારા જીવનસાથી આજે તમને ધરતી પર સ્વર્ગનો અનુભવ કરાવશે. શાંતિ નો વાસ તમારા હૃદય માં રહેશે અને તેથી જ તમે ઘરે સારા વાતાવરણ ની રચના કરી શકશો.

**કુંભ :**
આજે કામના સ્થળનું તથા ઘરનું દબાણ આજે તમને ગુસ્સાહાળા સ્વભાવના બનાવશે. આજે તમને પોતાના ભાઈ અથવા બહેન ની મદદ થી ધન લાભ થવા ની શક્યતા છે. ઘરમાં કોઈક વિધી અથવા મંગળ સંસ્કાર થવા જોઈએ. રૉમાન્સ માટે સારો દિવસ. આજે તમને તમારી સાસુ-સસરા તરફ થી કોઈ ખરાબ સમાચાર મળી શકે છે, જેના કારણે તમારું મન ઉદાસ થઈ શકે છે અને તમે વિચારવા માં ઘણો સમય પસાર કરી શકો છો. લગ્નજીવનના અતિ આનંદને માણવાની આજે તમને અનેક તક મળશે. આજે તમે બાળકો ની જેમ બાળકો ની સારવાર કરશો જેથી તમારા બાળકો આખો દિવસ તમારી સાથે વળગી રહે.

**મીન :**
દિવસ ની શરૂઆત તમે યોગ અને ધ્યાન થી કરી શકો છો। આવું કરવું તમારા માટે ફાયદાકારક રહેશે અને તમારી અંદર ઉર્જા કાયમ રહેશે। લાંબા-ગાળાના દૃષ્ટિકોણથી રોકાણ કરવું જરૂરી. દૂરના કોઈ સગાં તરફથી અણધાર્યા સમાચાર આખા પરિવાર માટે ખુશીની ક્ષણો લાવશે. ઉત્સાહજનક દિવસ કેમ કે આજે તમને તમારા પ્રિયપાત્ર નો કૉલ આવશે. આજે લોકો તમારા વિશે શું વિચારે છે તેનાથી તમને વાંધો નહીં. તેના બદલે આજે તમને તમારા મફત સમય માં કોઈને મળવાનું ગમશે નહીં અને એકાંત માં ખુશ રહેશો. બધા જ ઝઘડા અને ગેરસમજ બાજુ પર મુકી તમારા જીવનસાથી તમને પ્રેમથી આલિંગન આપશે ત્યારે જીવન ખરેખર ઉત્સાહથી સભર હોવાનું તમને વાગશે. તમારા માટે સારો સમય શોધવો સારું રહેશે. તમારે પણ તેની અત્યંત જરૂર છે.

### ઘણીવાર લોકોને ખબર પણ નથી પડતી કે આ તાવ ગંભીર છેઃ સાવચેતી જરૂરી

# ડેન્ગ્યુનો તાવ મચ્છરજન્ય રોગ છે : જેનાથી માનવી મરણ પણ પામે છે

ભુજ તા.૧૯
ચોમાસા દરમિયાન મચ્છરજન્ય બીમારીઓનું પ્રમાણ વધી જાય છે,ત્યારે કચ્છનું આરોગ્ય તંત્ર નાગરિકોને રોગચાળાથી બચાવવા સઘન કામગીરી કરી રહ્યું છે. લોકોમાં મચ્છરોના આશ્રયસ્થાનોના નાશ, તેનાથી બચવાના ઉપાય અંગે જાગૃતિ સહિતના મચ્છરજન્ય રોગચાળાની રોકથામ માટે ઘર ઘર સર્વે, દવા છંટકાવ, પોરાનાશક કામગીરી સહિતની પ્રવૃતિઓ હાથ ધરવામાં આવી છે.

આમ છતાં એક જાગૃત નાગરિક તરીકે અમુક સાવચેતીઓ રાખવાથી ડેન્ગ્યુ, મલેરીયા સહિતની નાની મોટી બીમારીઓથી સરળતાથી બચી શકાય છે. તો આવો જાણીએ ડેન્ગ્યુથી બચવા આપણે શું સાવચેતીના પગલા ભરી શકીએઃ ડેન્ગ્યુનો તાવએ એક પીડાદાયક અને મચ્છરજન્ય રોગ છે, આ મચ્છરો મેલેરિયાના વાઈરસનું વહન કરે છે જે મનુષ્યમાં મચ્છરજન્ય બીમારીનું કારણ બને છે. ડેન્ગ્યુ મચ્છરની વિશેષ પ્રજાતિ એડીસ પ્રજાતિઓને કારણે ફેલાય છે, ઘણીવાર લોકોને ખબર પણ નથી પડતી કે આ તાવ ગંભીર છે.

ડેન્ગ્યુના લક્ષણોમાં સતત તાવ, સાંધા તથા માંસ-પેશીઓમાં દુઃખાવો, ચામડી ઉપર ચકામા, થાક લાગવો અને ગભરામણ થવી તેને લોકો સામાન્ય માનીને અવગણી નાખે છે. જે લાંબા ગાળે હાનિકારક બની શકે છે જેથી જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા ઘરે ઘરે સર્વે કરી લોકોને સમજ આપી મચ્છર ઉત્પતિના સ્થાનો શોધી પોરાનાશક કામગીરી કરવામાં આવી રહી છે. વર્તમાન સમયમાં કચ્છ જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા ઈન્ટ્રા તથા પેરા ડોમેસ્ટીક સર્વે કામગીરી અંતર્ગત એન્ટીલાર્વલ કામગીરી હેઠળ હાઉસટુહાઉસસર્વેદરમિયાનપીવાલાયકસિવાયના પાણીમાં ટેમીફોસની કામગીરી, ઓઈલ/ઓઈલ બોલ નાખવાની કામગીરી, બાયોલોજીકલ ગપ્પીફીશ નાખવાની કામગીરી, સોર્સ રિડકશનની કામગીરી, ફોકલ સ્પ્રે કામગીરી, ડાઈફ્લુબેન્ઝુરોન દવા છંટકાવની કામગીરી, પ્રા.આ. કેન્દ્ર ટીમ દ્વારા ફોગીંગની કામગીરી કરવામાં આવી રહી છે. આ સાથે નગરપાલિકા દ્વારા પણ આરોગ્યલક્ષી કામગીરી અંતર્ગત વિવિધ સ્થળોએ ફોગીંગની કામગીરી અને એમ.એલ.ઓ. છંટકાવની કામગીરી હાથ ધરાઈ છે. આ સિવાય તકેદારીના ભાગરૂપે શિબિર આયોજન, પત્રિકા વિતરણ, પોરા નિદર્શન અને પોરાભક્ષક માછલી નિદર્શન જેવા માધ્યમો દ્વારા રોગનો ફેલાવો અટકાવવાની ઘનિષ્ઠ કામગીરી કરવામાં આવી રહી છે. ગુજરાત સરકાર દ્વારા "મેલેરિયા મુક્ત ગુજરાત-૨૦૩૦" અભિયાન અંતર્ગત કચ્છ જિલ્લાની જાહેર જનતા પાણીજન્ય તેમજ વાહકજન્ય રોગચાળાથી બચીને રહે તે માટે સઘન કામગીરી હાથ ધરવામાં આવી છે, જાગૃત નાગરિક તરીકે સ્વચ્છતા જાળવી આરોગ્ય પ્રત્યે રાખેલી અનેક બીમારીઓથી બચી શકાય છે.

**ડેન્ગ્યુ અટકાવવા માટેના ઉપાયો**
ઘરની આસપાસ ખાનગી કોમન પ્લોટમાં પાણીના ભરાવાને દૂર કરવું, પાણીની ટાંકી તથા સંગ્રહ કરવાના વાસણો જેવા કે, કેરબા, માટલા, ડોલ, હોજ જેવી જગ્યાએ આ મચ્છરો ઉત્પન્ન થાય છે જેથી આવા પાણી સંગ્રહના સાધનો ખુલ્લા ન રાખી હવા ચુસ્ત ઢાંકણ અથવા કપડાથી બાંધી દેવુ, પશુ પક્ષીઓ માટે સંગ્રહેલા પાણીને દર ત્રીજા દિવસે એક વાસણમાંથી બીજા વાસણમાં ગાળી ઉત્પન્ન થયેલા પોરાઓનો નાશ કરવો અને મચ્છરના ઈંડાના નાશ માટે વાસણના તળિયા ખૂબ ઘસીને સાફ કરવા અને પાણીના મોટા હોજ અને ટાંકામાં પોરા ભક્ષક માછલી આરોગ્ય કેન્દ્ર માંથી લાવીને નાંખવી હિતાવહ છે.

**ડેન્ગ્યુને કેમ ગંભીર ગણાય છે ?**
માદા ચેપી મચ્છર કરડવાથી આ રોગ થાય છે, જે લોહીમાં સફેદ કણને ખાઈ જાય છે, માનવ શરીરમાં સફેદકણના ઘટાડાના લીધે માનવ શરીરની ચામડીમાંથી લોહી આવે છે અને માનવી મૃત્યુ પણ પામે છે.

## માધાપરમાં મેલેરિયા પોરાનાશક દવાનો છંટકાવ કરાયો

ભુજ તા.૧૯
ગુજરાત સરકાર દ્વારા "મેલેરિયા મુક્ત ગુજરાત-૨૦૩૦" અભિયાન અતર્ગત કચ્છ જિલ્લામાંથી વર્ષ ૨૦૩૦ સુધીમાં મેલેરિયા રોગનું નિર્મુલન કરવા માટે એક્શન મોડમાં કામગીરી હાથ ધરવામાં આવી રહી છે, કચ્છ જિલ્લાના તમામ ગામો અને શહેરી વિસ્તારોમાં ૧૦૦૦ની વસ્તીએ મેલેરિયાના કેસનું પ્રમાણ વર્ષ ૨૦૨૭ સુધીમાં શુન્ય સ્તરે લઈ જવા જિલ્લા આરોગ્ય તંત્ર સંકલ્પ બદ્ધ છે. ત્યારે પીએચસી માધાપર વિસ્તારમાં આવેલી ટાયર પંચર દુકાન, ગેરેજ, ભંગારના વાડા, અવાડા, સ્કૂલ, ઓફિસમાં પોરાનાશક કામગીરી કરા હતી.



નવાવાસ ગ્રામ પંચાયતના સહકારથી નવાવાસ વિસ્તારમાં, પુલિયા નીચે વરસાદી પાણીથી ભરાયેલ ખાડા-ખાબોચિયામાં ડાયફ્લૂબેન્જુરોન દવાનો છંટકાવ કરવામાં આવ્યો હતો.

### ઇલેક્ટ્રીક વાહનો-હાઇબ્રીડ કાર માટે રોડ ટેક્સ મુક્તિ સાથે પ્રોત્સાહન માટે મુખ્યમંત્રી સમક્ષ ગાંધીધામ ચેમ્બરે માંગ કરી

## ઈ-મોબિલિટી માટે પ્રોત્સાહન આપવા મુખ્યમંત્રી સમક્ષ ચેમ્બરની માંગ

ભુજ તા.૧૯
વિશ્વના પરિવહનના પ્રાથમિક માધ્યમો એ મોટી સમસ્યાઓનો સામનો કરી રહયા છે અને, તેલની વધતી કિંમત અને કાર્બન ઉત્સર્જનમાં વધારો થવાના પરિણામે ઈલેક્ટ્રીક વાહનો ચઈફજૃ લોકપ્રિયતા મેળવી રહયા છે ત્યારે, આવા પડકારોનો સામનો કરવા અને ઈલેક્ટ્રીક વાહનો કે હાઈબ્રીડ કારોને પ્રોત્સાહન આપવા માટે રોડ ટેક્ષમાંથી મુક્તિ આપવા સાથે કાર્બન ઉત્સર્જન અને વાયુ પ્રદુષણમાં ઘટાડો વાનો બેવડો લાભ અપાવવા ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સમક્ષ લેખિત રજુઆત કરાઈ છે.ગાંધીધામ ચેમ્બર પ્રમુખશ્રી મહેશ પુજના જણાવ્યા અનુસાર ઈલેક્ટ્રીક વાહનો અને હાઈબ્રીડ કાર માટે સંપૂર્ણ રોડ ટેક્સ મુક્તિમાં રાહત આપવાથી ગ્રાહકોનો ખરીદી ખર્ચ ઘટશે.

સાથે સબસીડી કે કર રાહત મળવાથી લોકો આવા વાહનો ખરીદવા માટે આકર્ષાશે. આ માટે રાજય સરકારે જ ઉત્તર પ્રદેશ જેવા રાજયોની તર્જ પર આ વાહનોના પર્યાવરણીય અને આર્થિક લાભો વિશે લોકોને શિક્ષિત કરવા માટે જાહેર જાગૃતિ અભિયાનો શરૂ કરવાની પણ અપીલ કરી હતી.ચેમ્બરના માનદ મંત્રી મહેશ તિર્થાણીના જણાવ્યા મુજબ ગાંધીધામ ચેમ્બરે રાજય સરકારને આ મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ધ્યાન આપવા અને ટકાઉ પરિવહનને પ્રોત્સાહન આપવા માટે બને તેટલા ઝડપી પગલાં લેવા વિનંતી કરી છે. સાથે હવા પ્રદુષણ ઘટાડવામાં પણ મદદરૂપ થવાની આ પહેલથી ગુજરાતને સ્વચ્છ અને હરિયાળું બનાવવાનો હેતુ પરિપૂર્ણ થશે. અને આ દિશામાં તાત્કાલિક કાર્ય કરવાની જરૂર છે. કેમ કે હાઈબ્રીડ કારો, તેમજ ઈલેક્ટ્રીક વાહનો પરંપરાગત વાહનો રતાં ઘણા ઓછા પ્રદુષણનું ઉત્સર્જન કરતાં હોઈ આપણે પર્યાવરણને સુરક્ષિત રાખવામાં મહત્વ પૂર્ણ ભૂમિકા આ મથી અદા કરી શકાશે.

રાજય સરકારે આ માટે ઝડપી ચાર્જીંગ સ્ટેશનોનું નેટવર્ક વિક્સાવવામાં પણ રોકાણ કરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર વધારવું જોઈએ જેથી આવા વાહનધારકો માટે ચાર્જીંગ સરળ અને સુવિધાજનક બની શકે.કચ્છના સાંસદ વિનોદ ચાવડાને તથા ઔદ્યોગિક નગરીના ધારાસભ્ય માલતી મહેશ્વરીને પણ આ પ્રશ્ન પ્રશાસન સમક્ષ ઉઠાવી લેવા અપીલ કરતાં ગાંધીધામ ચેમ્બરે આ તબક્કે દાવો કર્યો છે કે, સરકાર દ્વારા આ પગલું ભરવાથી ગુજરાતને ટકાઉ પરિવહનના અગ્રણી રાજય તરીકે સ્થાપિત કરવામાં મદદરૂપ સાબિત થશે અને સ્વચ્છતાનો સંદેશ આપનાર ભૂમિકા તરીકે રાજયની એક આગવી ઓળખ બની આગળ ધપાવવામાં કારગત નિવડશે.

# સંજય લાલની સફળતા માટેની બ્લુપ્રિન્ટ ઉદ્યોગ ક્ષેત્રની યુવા પેઢી માટે પ્રેરણારૂપ

ભુજ તા.૧૯
આજનાં ઉદ્યોગજગતની યુવા પેઢીને પ્રેરણા આપવા માટે તથા તેમને સશક્ત બનાવવા માટે કન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી ગુજરાતે બ્રેકફાસ્ટ વિથ ચેમ્પિયન્સ ના નામે એક નવી પહેલ શરૂ કરી છે. આ નવી પહેલ અંતર્ગત આયોજીત એપિસોડમાં અરવિંદ લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર સંજય લાલભાઈ સાથે વાર્તાલાપ દર્શાવવામાં આવ્યો હતો, જેમણે ગુજરાતમાંઉદ્યોગોનાભવિષ્યસંદર્ભે પોતાના વિચારો અને દ્રષ્ટિકોણ રજુ કર્યા હતા. સીઆઈઆઈ ગુજરાત ટાસ્કફોર્સ ઓન સ્ટ્રેટેજિક ઈનિશિયેટિવ્સ એન્ડ એંગેજમેન્ટ્સના ચેરમેન અને સેવી ગ્રૂપના સ્થાપક તથા મેનેજિંગ ડિરેક્ટર સમીર સિન્હા દ્વારા સંચાલિત આ ઈવેન્ટના માધ્યમથી યુવા ઉદ્યોગકારોને ગુજરાતના સૌથી



પ્રતિષ્ઠિત ઉદ્યોગપતિઓ પાસેથી મૂલ્યવાન સૂચનો પ્રાપ્ત થયા હતા અને તેમને એક પ્લેટફોર્મ મળ્યું હતું. સંજય લાલભાઈએ જે વિચારો વ્યક્ત કર્યા હતા તે વ્યક્તિગત અનુભવો અને વ્યાવસાયિક સલાહનું મિશ્રણ હતું એટલું જ નહી પરંતુ તેમનાં વ્યવસાયિક મુલ્યો અને સિદ્ધાંતોનું પ્રતિબિંબ પણ હતું.

પોતાના શરૂઆતના દિવસોને યાદ કરતા અગ્રણીએ તેમના દાદાએ આપેલા કેટલાક મુલ્યવાન સૂચનોને પણ યાદ કર્યા હતા. તેમણે શિસ્ત અને બીજાના સમયના

**સીઆઇઆઇ ગુજરાતે બ્રેકફાસ્ટ વિથ ચેમ્પિયન્સ ના નામે નવો અભિગમ શરૂ કર્યો છે. જેમાં પ્રથમ એપિસોડમાં અરવિંદ લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર સંજય લાલભાઈએ પ્રેરણાત્મક પ્રવચન આપ્યુ હતુ**

મહત્વ ઉપર પણ ભાર મુક્યો હતો. પોતાના દાદાના શબ્દોને ટાંકતા તેમણે કહ્યું હતું કે, બીજા લોકોને કોઈ બાબતે રાહ જોવડાવવી યોગ્ય નથી. બીજાના સમયની પણ કિમત કરવી જોઈએ.વ્યક્તિગત જીવનમાં અને વ્યવસાયમાં આ જ એપ્રોચ રાખવો જોઈએ.વારસાગત કૌટુંબિક વ્યવસાયમાં થયેલા ઉછેર વચ્ચે આવેલા પડકારો અને વિશેષાધિકારો પર પણ પ્રકાશ પાડ્યો હતો.તેમણે સમાન અધિકારો અને ખાસ કરીને મહિલાઓ માટે કુટુંબની પ્રતિબદ્ધતા વિશે વાત કરી હતી. વ્યવસાયિક જવાબદારીઓ સાથે અંગત મૂલ્યોને સંતુલિત કરવાના તેમના દ્રષ્ટિકોણથી લોકો ઘણા પ્રભાવિત થયા હતા.અરવિંદ લિમિટેડની યાત્રા અને ભાવિ વિઝનની ખાસ કરીને કાપડ ઉદ્યોગમાં તેના પ્રદાન અંગે પણ ચર્ચા કરી હતી.તેમણે ૧૯૮૦ના દાયકાની શરૂઆતમાં અમદાવાદમાં ભારતના પ્રથમ ડેનિમ ઉત્પાદન પ્લાન્ટની સ્થાપના અંગે વાત કરી હતી.

આ પ્લાન્ટને કારણે દેશમાં ડેનિમ ક્રાંતિ આવી હતી. અરવિંદે ભારતમાં ડેનિમ જીન્સ લાવવામાં અને તેને લોકપ્રિય ફેશન તરીકે સ્થાપિત કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી અંતમાં નીતિનિર્માણ માટે સહયોગી અભિગમના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે વિકાસ પ્રક્રિયામાં વધુ હિસ્સેદારોને એકીકૃત કરવા માટે CII દ્વારા કરવામાં આવી રહેલા પ્રયાસોની પ્રશંસા કરી હતી.

## ગુજરાત રાજ્ય રેંક્કિંગમાં કચ્છના ટીટી ખેલાડીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન




આદિપુર, તા.૧૯
કેડીટીટીએ આદિપુરના ખેલાડી ધ્રુવ ભંભાણીએ વડોદરા ખાતે યોજાયેલી ગુજરાત સ્ટેટ રેંક્કિંગ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ ૨૦૨૪માં હોપ્સ બોયઝ (અંડર-૧૧) કેટેગરીમાં આ સિઝનનો તેનો ત્રીજો ગોલ્ડ મેડલ જીત્યો હતો. ફાઈનલમાં તેણે ભાવનગરના હેનિલ લંગાલિયાને ૧૧-૭, ૧૧-૫, ૬-૧૧, ૧૧-૮ (૩-૧)થી હરાવ્યો હતો. અગાઉ સેમિફાઇનલમાં તેણે અમદાવાદના નક્ષ પટેલને ૧૧-૪, ૧૧-૫, ૧૧-૬ (૩-૦)થી અને ક્વાર્ટર ફાઈનલમાં અમદાવાદના જ ધ્યાન શાહને ૧૧-૦, ૧૧-૮, ૧૨-૧૦ (૩-૦) થી હરાવ્યો હતો.કેડેટ બોયઝ (અંડર-૧૩) કેટેગરી માં નૈરિત વૈદ્ય ફાઈનલમાં સુરતના અનય બચાવત સામે હારી જતાં સિલ્વર મેડલથી સંતોષ માનવો પડ્યો હતો.બીજી બાજુ રેહાંસ સિંઘવીએ તેની છેલ્લી ટુર્નામેન્ટના પ્રદર્શનનું પુનરાવર્તન કર્યું હતું અને બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. ત્રીજા સ્થાનની મેચમાં તેણે અમદાવાદના નક્ષ પટેલને હરાવ્યો હતો હોપ્સ ગર્લ્સ (અંડર-૧૧) કેટેગરી માં માયરા ખેસ્કાની અમદાવાદની જેન્સી મોદી સામે ત્રીજા સ્થાનની હારી ગઈ હતી કેડેટ ગર્લ્સ (અંડર-૧૩) કેટેગરીમાં માં અનાઈષા સિંઘવી ક્વાર્ટર ફાઈનલમાં સુરતની નિયતી પાઠક સામે હારી ગઈ હતી આ સ્ટેટ ટુર્નામેન્ટમાં ૧ ગોલ્ડ, ૧ સિલ્વર અને ૧ બ્રોન્ઝ એકંદરે ૩ મેડલ કેડીટીટીએ એકેડમીના ખેલાડીઓએ જીત્યા હતા જેઓ બધા કોચ શંકનિલ બસાકના માર્ગદર્શન હેઠળ અહીના હરેશ સંગતાણી સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, કેડીટીટીએ માં તાલીમ લઈ રહ્યા છે.વિજેતા ખેલાડીઓને સંસ્થા ના બધા પદાધિકારીઓએ અભિનંદન પાઠવ્યા હતા.

**એબીવીપી દ્વારા ભુજમા બેઠકનુ આયોજન કરાયુ હતુ. જેમાં વિદ્યાર્થીઓને નળતા પ્રશ્ર્નો સહિત આગામી સમયમાં વધુ લોકોને જોડવા સહિતના મુદ્દે બેઠકમાં ચર્ચા કરાઇ હતી. વિદ્યાર્થીઓ માટે વિવિધ સ્પર્ધા સહિત છેવાડાના વિસ્તારમાં વિદ્યાર્થીઓને સતાવતા પ્રશ્નો બાબતે ચર્ચા કરાઇ હતી**

# એબીવીપી દ્વારા ૪ લાખ સદસ્ય બનાવવાના લક્ષ્યાંક સાથે ભુજમાં મંથન

ભુજ તા.૧૯
રાજ્યના સૌથી વિશાળ જિલ્લા કચ્છમાં કથળતા શિક્ષણનો મુદ્દો અવારનવાર ચર્ચામાં રહેતો હોય છે. ત્યારે સ્ટાફઘટથી માંડી વિદ્યાર્થીઓને શાળા અને કોલેજોમાં શિક્ષણ મેળવવામાં અનેકવિધ પ્રશ્નોનો સામનો કરવો પડે છે જે વચ્ચે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા વિદ્યાર્થીલક્ષી મુદાઓ સાથે છેવાડાના વિસ્તારમાં રહેલા વિદ્યાર્થીઓ પોતાની પ્રતિભા નિખારી શકે તે માટે પ્રથમ વખત સીટી ઓલિમ્પિક સ્પર્ધાનું આયોજન કરવાનું પણ નક્કી કરવામા આવ્યુ છે.

ભુજમાં આયોજીત બેઠકમાં આ તમામ મુદ્દે મંથન કરાયુ હતુ સાથે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા રાજ્યભરમાં સદસ્યતા અભિયાનની શરૂઆત કરવામાં આવી છે શાળા કોલેજોમાં એબીવીપી દ્વારા ૪ લાખ સદસ્ય બનાવવાનો લક્ષ્યાંકનક્કીકરવામાંઆવ્યોછેગત વર્ષે ૨.૫ના લક્ષ્યાંક સામે ૨.૬૭ લાખ વિદ્યાર્થીઓ પરિષદમાં જોડાયા હતા ત્યારે ચાલુ વર્ષે અલગ અલગ ૭૦૦ કેમ્પ સમાં સદસ્યતા અભિયાન યોજીને ૪ લાખ કાર્યકરો જોડવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે. બેઠકમાં કચ્છમાં ૧૫૦૦૦ કાર્યકરો બનાવવાનું લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યું હતુ એબીવીપીના પ્રદેશ સહમંત્રી શિવરાજસિંહ જાડેજાએ જણાવ્યું કે કચ્છ જિલ્લામાં શિક્ષણના અનેકવિધ પ્રશ્નો જોવા મળે છે છેવાડાના અબડાસા, લખપત, ખાવડા, ખડીર વિસ્તારમાં રહેતા વિદ્યાર્થીઓને શિક્ષણ મેળવવામાં હાલાકી ઊભી થાય છે તેમજ કચ્છ યુનિવર્સિટીમાં પણ તેઓને પરીક્ષા, પરિણામ સહિતના મુદ્દાઓમાં અવારનવાર સમસ્યાનો સામનો કરવો પડે છે.ત્યારે આ તમામ મુદ્દે એબીવીપી યોગ્ય રજુઆત કરશે વિદ્યાર્થીઓ માટે એબીવીપી હર હંમેશ પ્રશ્નો ઉપાડતું રહ્યું છે.



ભૂતકાળમાં આક્રમક લડત ચલાવીને પીએચડીની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી તેમજ તાજેતરમાં કોલેજમાં પ્રવેશ બાબતે જીકાસ પોર્ટલની રજૂઆતો કરતા યુનિવર્સિટી પ્રશાસને પગલા લેવા પડ્યા હતા.

હર હંમેશ વિદ્યાર્થીઓની રજૂઆતોનો સાનુકૂળ પ્રતિસાદ સાંભળ્યો છે.કચ્છ જેવા જિલ્લામાં વિદ્યાર્થીઓમાં પ્રતિભા ઘણી છે પરંતુ યોગ્ય પ્લેટફોર્મ ન મળવાના કારણે તેઓ પોતાનું કૌશલ્ય નિખારી શકતા નથી માટે પ્રથમ વખત સીટી ઓલિમ્પિક સ્પર્ધા યોજવામાં આવશે.

**દીકરીઓને સાહસિકતાની તાલીમ**

ખેલો ભારત અભિયાન અંતર્ગત એબીવીપી દ્વારા આવા વિદ્યાર્થીઓને શોધીને તેઓ પોતાની પ્રતિભા નિખારી શકે તે માટે એકત્રિત કરી સીટી ઓલિમ્પિક સ્પર્ધા યોજવાનું પણ નક્કી કરવામાં આવ્યું છે તેથી વિદ્યાર્થીઓ પોતાના કૌશલ્યને નિહાળી શકે આ ઉપરાંત સાહસ અભિયાન અંતર્ગત ભુજની મહિલા કોલેજોમાં દીકરીઓને સાહસિકતાની તાલીમ પણ આપવામાં આવે છે.જેથી તેઓ સેલ્ફ પ્રોટેક્શન કરી શકે વિદ્યાર્થીઓને શિક્ષણથી માંડી સમાજ ઘડતર અને સામાજિક રીતે પણ તેઓ સેવાકિય કાર્યમાં જોડાયેલા રહે તે માટેના કાર્યો કરવાની પ્રેરણા પરિષદ દ્વારા આપવામાં આવતી હોય છે સ્વચ્છતા અભિયાન હોય કે વરસાદના સમયમાં લોકોને મદદ કરવી તે સહિતના કાર્ય પરિષદ દ્વારા કરવામાં આવતા હોય છે તેના પર ભાર મૂકવામાં આવ્યો હતો.બેઠકમાં એબીવીપીના જવાબદાર હોદ્દેદારો,કાર્યકરો મોટી સંખ્યામાં જોડાયા હતા.

# યોજનાઓનો લાભ લઈ ખેતરમાં વૃક્ષારોપણ કરવા વનવિભાગ દ્વારા અનુરોધ

ભુજ તા.૧૯
સામાજિક વનીકરણ વિભાગની ખેડૂતલક્ષી યોજનાઓના લાભ લેવા વન વિભાગ દ્વારા અપીલ કરવામાં આવી છે. જો ખેડૂત પોતાનાં ખેતરમાં વૃક્ષોનો બ્લોક વાવેતર કે શેઢે પાળે વાવેતર કરવા ઈચ્છે તો વનવિભાગની વિવિધ યોજનાઓનો લાભ લઈ શકે છે. આ યોજના અંતર્ગત ખેડૂતને જીવંત રોપાની સંખ્યાને ધ્યાને લઈ સીધા બેંક એકાઉન્ટમાં પૈસા જમા કરી આપવામાં આવે છે. અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિના ખેડૂત ભાઈઓ માટે વિશેષ જોગવાઈનો પણ વનવિભાગ દ્વારા લાભ આપવામાં આવે છે.હાલની ગ્લોબલ વોર્મીંગ અને ક્લાઈમેટ ચેઇન્જની પરિસ્થિતિની અસર આપણા પર્યાવરણ ઉપર દેખાઈ રહી છે.

સમગ્ર વિશ્વમાં અનિયમિત વરસાદ, તાપમાનમાં વધારો જેવા ફેરફારો થઈ રહ્યા છે. આવી પરિસ્થિતિનો સામનો કરવો એ કોઇ એક નાગરિકની જવાબદારી સાથે સંકળાયેલી વાત નથી. વાતાવરણમાં વધતાં $CO_2$ નું પ્રમાણ એક મોટી સમસ્યા બનીને દુનિયાની સામે આવ્યું છે. અનેક વૈજ્ઞાનિકોએ આ પરિસ્થિતિના સમાધાન માટે મોટી સંખ્યામાં વૃક્ષારોપણ કરવા ભલામણ કરી છે.

વાતાવરણમાં $CO_2$ ના પ્રમાણનું સમતોલન કરવા માટે વૃક્ષારોપણ શ્રેષ્ઠ ઉપાય છે. ગુજરાતના વનવિભાગ દ્વારા જંગલ વિસ્તારની બહાર લોકો વધુમાં વધુ વૃક્ષારોપણ પ્રવૃતિમાં જોડાય તથા વૃક્ષારોપણ બાદ વૃક્ષ ઉછેર કરે તે માટે અનેક પ્રયત્નો હાથ ધરવામાં આવે છે. વનવિભાગની વિવિધ યોજનાઓનો લાભ લેવા સામાજિક વનીકરણ વિભાગના તાલુકાકક્ષાની રેન્જ કચેરીઓનો સંપર્ક કરવા કચ્છ વન વિસ્તરણ વિભાગના નાયબ વન સંરક્ષક હરેશ મકવાણા દ્વારા જણાવાયું છે.

# FILMY ગપશપ

### ફિલ્મ 'સરદાર ૨'ના સેટ પર અકસ્માત

## ૫૪ વર્ષના સ્ટંટમેનનું ૨૦ ફૂટ પરથી પડીને મોત

મુંબઈ, તા.૧૯

૫૪ વર્ષના વરિષ્ઠ સ્ટંટમેન ઈલુમલાઈનું અવસાન થયું છે. સ્ટંટ દરમિયાન પડી ગયો અને જીવ ગુમાવ્યો - ફિલ્મના સેટ પર સ્ટંટ દરમિયાન સુરક્ષાના અભાવે તે ૨૦ ફૂટ પરથી પડી ગયો. તેને તાત્કાલિક હોસ્પિટલ લઈ જવામાં આવ્યો. પરંતુ ડોકટરો તેને બચાવી શક્યા ન હતા અને તેનું મોત નીપજ્યું હતું.

ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાંથી એક દુખદ સમાચાર સામે આવી રહ્યા છે. ફિલ્મ 'સરદાર ૨'ના સેટ પર એક મોટો અકસ્માત થયો છે. ૫૪ વર્ષના વરિષ્ઠ સ્ટંટમેન ઈલુમલાઈનું અવસાન થયું છે. સ્ટંટ દરમિયાન તે પડી ગયો અને જીવ ગુમાવ્યો.ઈલુમલાઈએ રજની કાંત, કમલ હાસન, વિજય, અજીત કુમાર માટે ઘણી ફિલ્મોમાં સ્ટંટ કર્યા હતા. મંગળવારે તે કાર્તિની ફિલ્મ 'સરદાર ૨' માટે સ્ટંટ કરી રહ્યો હતો. ત્યારબાદ લેબ પરિસરમાં સલામતીના અભાવે એલવી પ્રસાદ ૨૦ ફૂટ નીચે પડી ગયા. ડોકટરો તેને બચાવી શક્યા ન હતા અને તેનું મોત નીપજ્યું હતું. તેની છાતીની આસપાસ ઘણી ઈજાઓ હતી. તેના ફેફસામાં ગંભીર ઈજા થઈ હતી. વિરુગમ્બક્કમ પોલીસે આ મામલે એફઆઈઆર નોંધીને તપાસ શરૂ કરી છે.આ ઘટનાએ સૌને ચોંકાવી દીધા છે. ઈલુમલાઈના પરિવારજનો પર દુઃખનો પહાડ તૂટી પડ્યો છે. ફિલ્મ સરદાર ૨ ના સેટ પર ઉદાસીન વાતાવરણ છે.

દરેક વ્યક્તિ તેમની આંખોમાં આંસુ સાથે ઈલુમલાઈને યાદ કરીને તેમને શ્રદ્ધાંજલિ આપી રહ્યા છે.ફિલ્મ સરદાર ૨નું શૂટિંગ ૧૫ જુલાઈથી શરૂ થયું હતું. તેનું શૂટિંગ ચેન્નાઈના એલવી પ્રસાદ સ્ટુડિયોમાં ચાલી રહ્યું હતું. સરદાર ૨ ની સત્તાવાર જાહેરાત ૧૨મી જુલાઈના રોજ મુહૂર્ત પૂજા સાથે કરવામાં આવી હતી. ડાયરેક્ટર પીએસ મથિરન, કાર્તિ અને અન્ય ક્રૂ મેમ્બર પૂજામાં હાજર હતા. પીઢ અભિનેતા શિવકુમાર પણ અહીં જોવા મળ્યા હતા.

### પિતાએ વિવેકને બિઝનેસની ટ્રેનિંગ આપી હતી

## જ્યારે બાળકો રમે છે ત્યારે હું પૈસા કમાવવાનું શીખ્યો છું : વિવેક ઓબેરોય

**વિવેકે જણાવ્યું કે જ્યારે તે ૧૦ વર્ષનો હતો ત્યારે તેના પિતા તેને વેપારી સામાન લાવતા હતા અને તેને વેચવાનું કામ આપતા**



મુંબઈ, તા.૧૯

વિવેક ઓબેરોયે ૨૦૦૨માં ફિલ્મ 'કંપની'થી બોલિવૂડમાં એન્ટ્રી કરી હતી. કરિયરની શરૂઆતમાં 'સડક', 'યુવા' અને 'દમ' જેવી ફિલ્મો કરી ચૂકેલા વિવેકને બોલિવૂડનો આગામી મોટો સ્ટાર માનવામાં આવી રહ્યો હતો. પરંતુ છેલ્લા ૧૦ વર્ષમાં વિવેકે મેઈનસ્ટ્રીમ બોલિવૂડ ફિલ્મોથી દૂર જવાનું શરૂ કર્યું.

આજકાલ વિવેક એક્ટર કરતાં ઉદ્યોગસાહસિક તરીકે વધુ સક્રિય છે.હવે એક નવા ઈન્ટરવ્યુમાં વિવેકે જણાવ્યું છે કે તે ૧૦ વર્ષનો હતો ત્યારે બિઝનેસમેન બની ગયો હતો અને તેમાં તેના પિતાની મોટી ભૂમિકા હતી. તમને જણાવી દઈએ કે, વિવેકના પિતા સુરેશ ઓબેરોય પણ લોકપ્રિય અભિનેતા હતા અને બોલિવૂડની ઘણી યાદગાર ફિલ્મોમાં મહત્વની ભૂમિકાઓ ભજવી હતી. વિવેકે જણાવ્યું કે કેવી રીતે તેના પિતાએ તેને ૧૦ વર્ષની ઉંમરથી જ બિઝનેસમેન બનવાની તાલીમ આપવાનું શરૂ કર્યું.

આજતક સાથેના એક ઈન્ટરવ્યુમાં વિવેકે જણાવ્યું કે જ્યારે તે ૧૦ વર્ષનો હતો ત્યારે તેના પિતા તેને વેપારી સામાન લાવતા હતા અને તેને વેચવાનું કામ આપ્યું હતું. વિવેક નફો પોતાના માટે રાખી શકતો હતો, પરંતુ તેણે તેના પિતાને પુરવઠાની કિંમત ચૂકવવી પડી હતી. આ રીતે તે હિસાબ જાળવતા શીખ્યો. વિવેક ઉનાળાના વેકેશનમાં આ ટ્રેનિંગ મેળવતો હતો. વિવેકે કહ્યું, 'જે દિવસે સ્કૂલ પૂરી થઈ, મારા પિતા બીજા દિવસે મારા માટે કેટલીક પ્રોડક્ટ્સ લાવશે. તે ઈલેક્ટ્રોનિક્સ, અત્તર, વિવિધ પ્રકારની વસ્તુઓ હતી. તે કહેતો હતો કે આ તમામ માલસામાનની કિંમત ૨૦૦૦ રૂપિયા છે. તમે આમાંથી કેટલું કાઢી શકો છો? જો મેં તેની પાસેથી રૂ. ૧૦૦૦ ની કિંમતની ચીજવસ્તુઓ લીધી હોય, તો તેનાથી ઉપર જે પણ મેં કમાણી કરી હતી તે મારી હતી અને હું તેને રૂ. ૧૦૦૦ પરત કરીશ. ત્યારે હું ૧૦ વર્ષનો હતો.વિવેકે કહ્યું કે તે ઉંમરથી જાણે છે કે એકાઉન્ટ કેવી રીતે મેન્ટેન કરવું. તેણે આગળ કહ્યું, 'તમે તમારી સાયકલ વેચશો તો કેટલા પૈસા બચાવશો? જો તમે ઓટો લો છો તો તમે કેટલો ખર્ચ કરશો? તેથી મને આ બાબતોની સમજ હતી, જે દર વર્ષે વધતી ગઈ. હું ૧૫-૧૬ વર્ષનો હતો ત્યાં સુધી મારા પિતા મને દર વર્ષે આ કામો કરાવવા માટે કરાવતા હતા.

વિવેકે જણાવ્યું કે તેની ઉંમરના બાળકો તેમનો મોટાભાગનો સમય ક્રિકેટ રમવામાં પસાર કરતા હતા. પરંતુ તેણે પૈસા કેવી રીતે બનાવવું તે શીખી લીધું. તેણે કહ્યું કે 'આ બધું પાત્ર નિર્માણ મારા પિતાના કારણે થયું છે.' વિવેકે આગળ કહ્યું, '૧૫ વર્ષની ઉંમરથી મેં મારા પિતા પાસેથી આશીર્વાદ સિવાય બીજું કંઈ લીધું નથી.' વિવેક ટૂંક સમયમાં 'મસ્તી ૪'માં મોટા પડદા પર જોવા મળશે.



ઝારા યાસ્મિને તેના તાજેતરના બોલ્ડ ફોટોશૂટની તસવીરો ઈન્સ્ટાગ્રામ પર શેર કરી છે.જેમાં તેણે યલો ડ્રેસ પહેર્યો છે.ઝારા યાસ્મિનનું આ ફોટોમાં પરફેક્ટ ફિગર પણ જોવા મળી રહ્યું છેતેનો આ ગોર્જિયશ અંદાજ ખૂબ જ એક્ટ્રેટિવ લાગી રહ્યો છે.શોર્ટ ડ્રેસમાં તેનો આ ગોર્જિયશ અંદાજ ખૂબ જ એક્ટ્રેટિવ લાગી રહ્યો છે.ઝારા યાસ્મિન એક્ટ્રેસ બનવા ઈચ્છે છે. તે અનેક શોમાં નજર આવી ચૂકી છે.તે અનેક આવા બોલ્ડ ફોટોશૂટ પણ કરાવી ચૂકી છે. તે એક્ટિંગ કરવા માટે ખૂબ જ ઉત્સાહિત છે.

## નાની અને જાન્હવી કપૂર સાથે ફિલ્મ કરશે



મુંબઈ, તા.૧૯

સાઉથ ઈન્ડિયન સુપર સ્ટાર નાનીની ૩૩મી ફિલ્મ આવી રહી છે, તેમાં તેની સાથે જાન્હવી કામ કરી શકે તેવી ચર્ચાઓ ચાલી રહી છે. જોકે, હાલ હજુ આ ફિલ્મનું નામ નક્કી થયું નથી તેથી આ ફિલ્મને હાલ 'નાની૩૩'થી ઓળખવામાં આવે છે. જો આ અહેવાલો સાચા હોય તો જાન્હવી અને નાની પહેલી વખત સાથે જોવા મળશે. સાથે ઓડિયન્સ માટે આ ફિલ્મ પ્રોમિસિંગ હોવાની સાથે ફ્રેશ અને એક્સાઈટિંગ પણ હશે. હજુ આ ફિલ્મના મેકર્સ તરફથી પણ કોઈ કન્ફર્મેશન આપવામાં આવ્યું નથી. પરંતુ તેલુગુ અખબારોના કહેવા મુજબ મેકર્સ જાન્હવીને કાસ્ટ કરવા ઘણા ઉત્સુક છે. જો આ શક્ય થઈ જાય તો જાન્હવીની આ ત્રીજી તેલુગુ ફિલ્મ હશે, પહેલી તેની જુનિયર એનટીઆર સાથેની 'દેવરા'પછી તેણે રામ ચરણ અને ડિરેક્ટર બુચી બાબુ સના સાથે તેલુગુ ફિલ્મમાં એન્ટ્રી કરી હતી. જો તે નાનીની ફિલ્મમાં પણ જોડાશે તો તેનાથી તેની ફિલ્મની અપીલ પણ વધી જશે. જાન્હવી ઉપ રાંત આ ફિલ્મ સાથે 'દસરા'થી જાણીતા શ્રીકાંત ઓડેલા પણ ફરી એક વખત નાની સાથે કામ કરશે. તેમાં નાનીનો રોલ એક ગંભીર અને રફ પાત્રનો હતો. તેમાં કિર્તિ સુરેશ, દિક્ષિત શેટ્ટી, શાઈન ટોમ ચાકો અને સમુથિરકની સહિતના કલાકારો હતા.

આ ફિલ્મને ઘણી પ્રશંસા મળી હતી. આ ફિલ્મની એનિવર્સરી વખતે જ નાનીએ તેની નવી ફિલ્મનું ટીઝર રિલીઝ કર્યું હતું, જેને તેણે "મેડનેસ" ગણાવી હતી. આ ટીઝરથી જ વિવેચકો અને દર્શકો બધાંમાં ભારે ઉત્સુકતા પણ જામી રહી છે કે આ એક્ટર અને ડિરેક્ટરની જોડી હવે શું લઈને આવશે. આ પહેલાં નેચરલ સ્ટાર ગણાતા નાનીએ ડેબ્યુટન્ટ ડિરેક્ટર શૌર્યુવની 'હાઈ નન્ના'માં કામ કર્યું હતું, જેમાં તે એક પલ્મોનરી ડિસીઝ ધરાવતી દિકરીનાં સિંગલ પિતાનો રોલ કરે છે.

### અમિતાભ બચ્ચન ફેમિલી મેન તરીકે ઓળખાય છે

## ફેમિલી મેન બિગ બી: વરસાદમાં છત્રી પકડી ઊભા રહ્યા



મુંબઈ, તા.૧૯

અમિતાભ બચ્ચન ફેમિલી મેન તરીકે ઓળખાય છે. પોતાની આ ઈમેજને વધારે પ્રબળ બનાવતો ફોટોગ્રાફ બિગ બીએ સોશિયલ મીડિયા પર શેર કર્યો છે. જયા બચ્ચન માટે તેઓ વરસતા વરસાદમાં છત્રી લઈનેઊભા રહેલા દેખાય છે. આ ફોટોગ્રાફ રીયલ લાઈફનો હોય તેવું લાગતું નથી. તેના પરથી એવી અટકળો લગાવાઈ રહી છે બિગ બી અને જયા બચ્ચન એક સાથે કોઈ ફિલ્મમાં કામ કરી રહ્યાં છે.

બિગ બીએ શેર કરેલી તસવીરમાં તેઓ જયા બચ્ચન માટે છત્રી ખોલીને ઉભા છે અને તેઓ સેટ પરથી શૂટ પૂરું કરીને નીકળ્યાં છે. આ ઉપરાંત તેમણે મુંબઈના વરસાદમાં પરેશાનીનો સામનો કરી રહેલાં લોકો માટે ચિંતા વ્યક્ત કરીને તેમના માટે શુભેચ્છાઓ પણ વ્યક્ત કરી છે. બિગ બીએ તેમની અને જયાની એક રોમેન્ટિક તસવીર શેર કરી હતી. જેમાં તેમણે લખ્યું, " ૫૦૭૪ – આખો દિવસ વરસાદ વરસ્યો છે..કામના સેટ પર પણ.. કલાકારો પાણીમાંથી પસાર થાય છે, ત્યારે તેમના પર છત્રીઓ સજેલી દેખાય છે.

મોટાભાગનાને તેમાં કામ કરવાની મજા આવે છે.." આ ઉપરાંત તેમણે એક બ્લોગ પણ લખ્યો હતો. બ્લોગમાં બિગ બીએ લખ્યું, "વરસાદ આકરા તાપના ઉનાળાના મહિનાઓથી છૂટકારો અપાવે છે, પણ તે તારાજી પણ સર્જે છે." તેમણે આગળ લખ્યું, "ગરમ ઉનાળા પછી ચોમાસુ આશીર્વાદરૂપ છે, પરંતુ જેની રાહ જોવાય છે એવા ખેતીના ફાયદા સિવાય તે તારાજી અને પૂર પણ લાવે છે.



નમ્રતા મલ્લા એક ભોજપુરી અભિનેત્રી છે. અભિનેત્રીએ હાલમાં જ તસવીરો શેર કરી છે. આ તસવીરોમાં નમ્રતા વ્હાઈટ શોર્ટ્સ પહેરેલી જોવા મળી રહી છે.નમ્રતાની આ તસવીરો સોશિયલ મીડિયા પર ખૂબ જ ખળભળાટ મચાવી રહી છે.

## સાબરમતી રિપોર્ટમાંથી ડાયરેક્ટરની વિદાય

**'ધ સામબરમતી રિપોર્ટ' ગોધરામાં ૨૭ ફેબ્રુઆરી, ૨૦૦૨ના રોજ સાબરમતી એક્સપ્રેસ ટ્રેન સળગાવાની ઘટના પર આધારિત છે**

મુંબઈ, તા.૧૯

વિક્રાંત મેસ્સી, રાશિ ખન્ના અને રિદ્ધી ડોગરાની ફિલ્મ 'ધ સાબરમતી રિપોર્ટ' પહેલાં ૨ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ રિલીઝ થવાની હતી. પરંતુ ત્યાર બાદ એવા અહેવાલો આવ્યા કે હવે આ ફિલ્મ પોસ્ટપોન થઈ છે, ત્યાર પછી એવા અહેવાલો આવ્યા હતાં કે હવે આ ફિલ્મ ફરી શૂટ થઈ રહી છે. તેમજ તેના ડિરેક્ટર રંજન ચંદેલે પણ ફિલ્મ છોડી દીધી છે.

હવે ડિરેક્ટર ચંદેલે પણ આ સમાચારની ખરાઈ કરી છે, તેણે એક ઈન્ટરવ્યૂમાં ખુલાસો કર્યો,"મેં ફિલ્મમાંથી પાછળ ખસી જવાનો નિર્ણય મારી જાતે લીધો છે." તેની પાછળનાં કારણ વિશે વાત કરતા રંજન ચંદેલે કહ્યું,"મેં આખી ફિલ્મ શૂટ કરી લીધી પરંતુ પછી પ્રોડ્યુસર્સના કેટલાંક આઈડિયા હતા, જે અનુસાર સીન રીશૂટ નહોતા કરવાના પણ કેટલાંક નવા સીન ઉમેરવાના હતા.

આ ફિલ્મ એક સંવેદનશીલ પર બની રહી છે, તેથી હું એ ફેરફાર કરવા માટે સહમત નહોતો, તેથી મેં પાછળ ખસી જવાનો નિર્ણય લીધો. મારી અને પ્રોડ્યુસર્સ વચ્ચે કેટલાંક સર્જનાત્મક બાબતોના વિચારભેદ હતાં." 'ધ સામબરમતી રિપોર્ટ' ગોધરામાં ૨૭ ફેબ્રુઆરી, ૨૦૦૨ના રોજ સાબરમતી એક્સપ્રેસ ટ્રેન સળગાવાની ઘટના પર આધારિત છે. ગુજરાતના ગોધરા પાસે બનેલી આ ઘટનામાં અયોધ્યાથી પરત આવી રહેલાં ૫૯ હિન્દુ યાત્રાળુઓ અને કરસેવકોનાં મૃત્યુ થયા હતા.

આ ઘટનાના પરિણામે રમખાણો થયાં હતાં. જોકે, તેનું કારણ હજુ વિવાદિત જ રહ્યું છે. આગળ ચંદેલે કહ્યું,"એવા અહેવાલો વહેતા થયાં હતાં કે, સેન્સર બોર્ડે કેટલાંક ફેરફાર સૂચવતાં ફિલ્મ પોસ્ટપોન થઈ છે. પરંતુ આ વાત બિલકુલ સાચી નથી."

# SPORTS કોર્નર

## હાર્દિક પંડ્યાએ કશું ખોટું નથી કર્યું, મળવી જોઈએ કેપ્ટનશીપ



નવી દિલ્હી, તા.૧૯

શ્રીલંકાના પ્રવાસ માટે ભારતીય ટીમનું સુકાન હાર્દિક પંડ્યાની જગ્યાએ સૂર્યકુમાર યાદવને સોંપાયું છે. ટીમ મેનેજમેન્ટના આ નિર્ણયથી ક્રિકેટ ચાહકો આશ્ચર્યમાં મૂકી ગયા છે. આ દરમિયાન પૂર્વ ભારતીય ક્રિકેટર મોહમ્મદ કૈફે હાર્દિક પંડ્યાના સમર્થનમાં મોટું નિવેદન આપ્યું છે. રસપ્રદ વાત એ છે કે હાર્દિકની જગ્યાએ યુવા બેટર શુભમન ગિલને T20 અને વનડેનો નવો વાઈસ કેપ્ટન બનાવવામાં આવ્યો છે. ટીમ મેનેજમેન્ટનો આ નિર્ણય ઘણાં સવાલો ઉભા કરે છે, કારણ કે T20 વર્લ્ડકપ ૨૦૨૪ની જીતમાં હાર્દિક પંડ્યા ટીમનો વાઈસ કેપ્ટન હતો.

મીડિયા સાથે વાત કરતા કહ્યું હતું કે, અજીત અગરકરની આગેવાની હેઠળની પસંદગી સમિતિએ હાર્દિકને T20 ટીમની કેપ્ટનશિપના તેના અગાઉના અનુભવને ધ્યાનમાં રાખીને તેને સમર્થન આપવું જોઈએ. કૈફે કહ્યું, હાર્દિકે ૨ વર્ષ સુધી ગુજરાત ટાઇટન્સની કેપ્ટનશિપ કરી રહ્યો છે અને તેના નેતૃત્વમાં ટીમે પહેલા વર્ષમાં જ ટ્રોફી જીતી હતી. હાર્દિક પાસે T20 ટીમની કેપ્ટનશિપનો અનુભવ છે. તે T20 વર્લ્ડ કપમાં પણ વાઈસ કેપ્ટન હતો.

હાર્દિકની કેપ્ટનશિપ વિશે વાત કરતા કૈફે ગંભીરનો ઉલ્લેખ પણ કર્યો હતો. તેણે કહ્યું કે, હવે ટીમનો નવો કોચ આવી ગયો છે. હવે નવી યોજના ઘડાશે. સૂર્યા પણ સારો ખેલાડી છે, તે વર્ષોથી રમી રહ્યો છે. તે નંબર વન T20 ખેલાડી છે, મને આશા છે કે તે કેપ્ટનની જવાબદારી સારી રીતે નિભાવશે. પરંતુ મને લાગે છે કે તેણે હાર્દિકનું સમર્થન જોઈતું હતું. કૈફે વધુમાં કહ્યું, ગંભીર એક અનુભવી કેપ્ટન અને કોચ છે, તે ક્રિકેટને સારી રીતે સમજે છે. મને લાગે છે કે, હાર્દિકે એવું કંઈ ખોટું કર્યું નથી કે તેને કેપ્ટનશિપ ન મળે. હાર્દિકે આઈપીએલમાં ગુજરાત ટાઇટન્સનો કેપ્ટન હતો. અને હવે તે મુંબઈ ઈન્ડિયન્સનું નેતૃત્વ કરી રહ્યો છે. આ સિવાય તેણે ત્રણ વનડે અને ૧૬ T20 મેચમાં ભારતનું નેતૃત્વ કર્યું છે. કૈફે કહ્યું કે, હાર્દિક પાસે કેપ્ટનશિપનો સારો અનુભવ છે. તેણે આઈપીએલમાં કેપ્ટનશિપ કરી છે અને નવી ટીમ (ગુજરાત ટાઇટન્સ) અને નવા અને યુવા ચહેરાઓ સાથે ટ્રોફી જીતવી તે મોટી વાત છે. તેણે ગ્રાઉન્ડ ઝીરોથી કામ કરીને ટાઇટન્સને આઈપીએલમાં વિજય અપાવ્યો છે. મને લાગે છે કે તે કેપ્ટનશિપને લાયક હતો.

## જર્મન ભૂતપૂર્વ ટેનિસ ખેલાડી સ્ટેફની મારિયા ગ્રાફનું ૫૫ વર્ષની વયે અવસાન

નવીદિલ્હી,તા.૧૯

૧૪ જૂન, ૧૯૬૯ના રોજ પશ્ચિમ જર્મનીના માનહા-ઈમમાં જન્મેલા ગ્રાફે ૧૯૮૦ અને ૧૯૯૦ના દાયકામાં તેની શક્તિશાળી બેઝલાઇન રમત અને અવિરત એથ્લેટિકિઝમ સાથે રમતમાં પ્રભુત્વ જમાવ્યું હતું. તેણીની કારકિર્દીએ પ્રભાવશાળી ૨૨ ગ્રાન્ડ સ્લેમ સિંગલ્સ ટાઇટલ જીત્યા, એક રેકોર્ડ જે ૨૦૧૭ સુધી રહ્યો જ્યારે સેરેના વિલિયમ્સ તેને વટાવી ગઈ. ગ્રાફની સિદ્ધિઓમાં ઓલિમ્પિક સુવર્ણચંદ્રક અને અન્ય અસંખ્ય પ્રશસ્તિનો પણ સમાવેશ થાય છે જેણે ઈતિહાસની મહાન રમતવીરોમાંની એક તરીકે તેણીની સ્થિતિને મજબૂત બનાવી છે. તેણીના અકાળ મૃત્યુના સમાચારથી વિશ્વભરના ટેનિસ સમુદાયને આઘાત અને દુઃખ થયું છે. મૃત્યુના કારણની આસપાસની વિગતોની સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી, પરંતુ પરિવારના નજીકના સૂત્રો સૂચવે છે કે તે લાંબા ગાળાની બીમારી સાથે સંબંધિત હોઈ શકે છે જે ગ્રાફ તાજેતરના વર્ષોમાં લડી રહ્યો હતો. ગ્રાફની અસર તેણીની કોર્ટની સિદ્ધિઓ કરતાં ઘણી વધારે હતી. તેણીએ તેના સમર્પણ, કૃપા અને અતૂટ સ્પર્ધાત્મક ભાવનાથી રમતવી-રોની પેઢીઓને પ્રેરણા આપી. મોનિકા સેલેસ સાથે અને બાદમાં માર્ટિના નવરાતિલોવા અને અરાન્તક્સા સાંચેઝ વિકારિયો સાથેની તેણીની હરીફાઈએ મહિલા ટેનિસના યુગને ઉગ્ર સ્પર્ધા અને અપ્રતિમ કૌશલ્ય દ્વારા વર્ગીકૃત કર્યું હતું. કોર્ટ ની બહાર, ગ્રાફ તેના સખાવતી કાર્ય અને બાળકોના શિક્ષણ અને પર્યાવરણ સંરક્ષણ સહિતના વિવિધ કારણોમાં યોગદાન માટે જાણીતી હતી. તેણીનું ફાઉન્ડેશન, ૧૯૯૮ માં સ્થપાયેલ, રમતગમત અને શિક્ષણ દ્વારા યુવાનોને સશક્તિકરણ કરવાના હેતુથી પહેલોને સમર્થન આપવાનું ચાલુ રાખે છે.

સાથી એથ્લેટ્સ, ચાહકો અને વિશ્વ નેતાઓ તરફથી શ્રદ્ધાંજલિઓ રેડવામાં આવી છે, જે કોર્ટમાં અને બહાર બંને ગ્રાફના કાયમી વારસાને પ્રકાશિત કરે છે. ટેનિસ જગત તેના સૌથી તેજસ્વી તારાઓમાંથી એકની ખોટ સાથે ઝઝૂમી રહ્યું છે.

## ટીમ ઈન્ડિયાના ૫ સ્ટાર ખેલાડીઓ સાથે અન્યાય!

નવી દિલ્હી, તા.૧૯

BCCIએ શ્રીલંકા સામેની T20 અને ODI શ્રેણી માટે ટીમ ઈન્ડિયાની જાહેરાત કરી દીધી છે. રોહિત શર્મા, વિરાટ કોહલી અને રવીન્દ્ર જાડેજાની નિવૃત્તિ બાદ ટી-૨૦ ટીમમાં મોટા ફેરફારો ની જરૂર છે, તેથી કેટલાક મોટા નામોને ચોક્કસપણે પડતા મૂકવામાં આવ્યા છે. ભારતીય ક્રિકેટ ટીમ ૨૭ જુલાઈથી ૩૦ જુલાઈ સુધી પલ્લેકેલે ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં શ્રીલંકા સામે ત્રણ મેચની T20 શ્રેણી રમશે. ત્યાર બાદ વનડે શ્રેણીનું પણ આયોજન કરવામાં આવ્યું છે. ચાલો એવા કેટલાક મોટા નામો પર એક નજર કરીએ જેઓ શ્રીલંકામાં રમાનારી શ્રેણી માટે લાયક હોવા છતાં ભારતની T20 અથવા ODI ટીમમાં ના મળ્યું સ્થાન.

અભિષેક શર્મા : તાજેતરની IPL સિઝનમાં શાનદાર પ્રદર્શન કર્યા પછી, અભિષેક શર્માને આખરે તેનો પહેલો ઈન્ડિયા કોલ અપ મળ્યો અને તેણે હરારેમાં સારું પ્રદર્શન કર્યું. ડેબ્યૂમાં ચાર બોલમાં શૂન્ય રને આઉટ હોવા છતાં તે વાપસી કરવામાં સફળ રહ્યો હતો. ત્યારપછીની મેચમાં તેણે માત્ર ૪૮ બોલમાં શાનદાર સદી ફટકારી હતી. જે બાદ યશસ્વી જયસ્વાલની વાપસીના કારણે તેને ૩ નંબર પર રમવું પડ્યું હતું. હવે તેને શ્રીલંકા સામેની શ્રેણી માટે પસંદ કરવામાં આવ્યો ન હતો.

ઋતુરાજ ગાયકવાડ : ભારતના ટોપ ઓર્ડર બેટ્સમેન તરીકે રુતુરાજ ગાયકવાડની સતત અવગણના કરવામાં આવી રહી છે. પૂણેના આ બેટ્સમેનનો T20 ફોર્મેટમાં ખૂબ જ શાનદાર રેકોર્ડ છે. તેણે ૩૯.૫૬ની એવરેજ અને ૧૪૩.૫૩ની સ્ટ્રાઈક રેટ સાથે કુલ ૬૩૩ રન બનાવ્યા છે. તે ઝિમ્બાબ્વે પ્રવાસમાં ત્રીજા નંબરે બેટિંગ કરીને પોતાની પ્રતિભા દર્શાવવામાં પણ સફળ રહ્યો હતો, પરંતુ તેમ છતાં તેની અવગણના કરવામાં આવી હતી.

સંજુ સેમસન : સંજુ સેમસન એક એવો ખેલાડી છે જે ટીમની અંદર અને બહાર આવતો રહે છે. ક્યારેક તેમને નોકરીમાંથી કાઢી મૂકવામાં આવે છે તો ક્યારેક પાછા બોલાવવામાં આવે છે. સેમસનને શ્રીલંકા સામેની ટી-૨૦ સીરીઝ માટે પસંદ કરવામાં આવ્યો છે પરંતુ તેને વનડે ટીમમાં જગ્યા મળી નથી. સેમસને ગયા વર્ષે દક્ષિણ આફ્રિકા વિરૂદ્ધ વનડેમાં સદી ફટકારી હતી. જે બાદ તેની વનડેમાં પસંદગી કરવામાં આવી ન હતી.

યુઝવેન્દ્ર ચહલ : ટી૨૦માં ભારત માટે સૌથી વધુ વિકેટ લેનાર યુઝવેન્દ્ર ચહલની ફરી અવગણના કરવામાં આવી. તે T20 વર્લ્ડ કપની ટીમમાં હતો, પરંતુ તેને એક પણ મેચમાં રમવાની તક મળી ન હતી. હવે તેને શ્રીલંકા સામેની શ્રેણી માટે પસંદ કરવામાં આવ્યો ન હતો. ચહલના નામે ૮૦ મેચમાં ૯૬ વિકેટ છે.

મુકેશ કુમાર : તાજેતરના ઝિમ્બાબ્વે પ્રવાસ દરમિયાન જમણા હાથના ફાસ્ટ બોલર મુકેશ કુમારનું પ્રદર્શન ઘણું સારું રહ્યું હતું. તેણે હરારેમાં રમાયેલી ત્રણ મેચમાં કુલ આઠ વિકેટ ઝડપી હતી. આમ છતાં તેને ટીમમાં પસંદ કરવામાં આવ્યો ન હતો. ખલીલ અહેમદ જેવા ખેલાડીઓની વાપસીને કારણે તેને ટીમમાં સ્થાન મળ્યું નથી.

# ફિલ્મ 'જય સંતોષી માં' બનાવનાર નિર્માતાનું નિધન

મુંબઈ, તા.૧૯

વર્ષ ૧૯૭૫માં બનાવાયેલી દેશની સૌથી મોટી બ્લૉકબસ્ટર ફિલ્મ 'જય સંતોષી માં'ના નિર્માતા સતરામ રોહરાનું નિધન થયું છે. ૮૫ વર્ષીય રોહરાએ વિશ્વને અલવિદા કહી દીધું છે, જોકે તેમની આ ફિલ્મ હંમેશા તેમની યાદ અપાવશે. આ ફિલ્મે એવા રેકોર્ડો તોડ્યા છે, જેને આજસુધી કોઈપણ ફિલ્મ તોડી શકી નથી. સતરામ રોહરાની સૌથી મોટી ફિલ્મ 'જય સંતોષી માં' હતી, જેણે બૉક્સ ઓફિસ પર જોરદાર કમાણી કરી હતી. એટલું જ નહીં. તેમની ફિલ્મ રિલિઝ થઈ ત્યારે ભારતીય સિનેમા જગતની સૌથી મોટી ફિલ્મ 'શોલે' પણ ક્લેશ થઈ હતી, જોકે મુશ્કેલ સ્પર્ધા વચ્ચે પણ 'જય સંતોષી માં'એ જોરદાર કમાણી કરી હતી.



હિન્દી સિનેમા જગતમાં ૧૯૭૫નું વર્ષ અમિતાભ બચ્ચનના વર્ષ તરીકે યાદ કરવામાં આવે છે, કારણ કે આ વર્ષે તેમની બે ફિલ્મો 'શોલે' અને 'દીવાર' સૌથી વધુ કમાણી કરનારી ટોપ ૫ ફિલ્મોમાં સામેલ હતી. જોકે આ જ વર્ષે રિલીઝ થયેલી ફિલ્મ 'જય સંતોષી માં'એ ફિલ્મી પંડિતોના તમામ સમીકરણો બદલી નાખ્યા હતા અને ફિલ્મ સૌથી વધુ કમાણી કરવા મામલે 'શોલે' પછી બીજા ક્રમે હતી.

# સૌરાષ્ટ્રમાં સાંબેલાધાર વરસાદને કારણે લીલો દુષ્કાળ સર્જાવાની ભીતિ

અમદાવાદ,તા.૧૯

સૌરાષ્ટ્રમાં ધોધમાર વરસાદ વચ્ચે હવામાન વિભાગે આજે ૧૦ જિલ્લામાં અત્યંત ભારે વરસાદની આગાહી કરી છે. જે અંતર્ગત સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના કેટલાંક સ્થળો પર રેડ એલર્ટ આપવામાં આવ્યું છે. દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જૂનાગઢ, અમરેલીમાં રેડ એલર્ટ અપાયું છે. ગીર સોમનાથ અને રાજકોટમાં પણ અત્યંત ભારેની આગાહી કરાઈછે. બીજી તરફ ૧૧ જિલ્લામાં વરસાદનું ઓરેન્જ એલર્ટ અપાયું છે. જેમાં કચ્છ, જામનગર, મોરબી, સુરેન્દ્રનગર, બોટાદ, ભાવનગરનો સમાવેશ થાય છે. મધ્ય ગુજરાતના ૫ જિલ્લા અમદાવાદ, આણંદ, વડોદરા, પંચમહાલ, દાહોદમાં યેલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

અનરાધાર વરસાદથી ફરી એક વખત જુનાગઢ જિલ્લો જળબંબાકાર બન્યો. ખાસ કરીને જુનાગઢના કેશોદ પંથકમાં સ્થિતિ વિકટ બની. કેશોદના ઘેડ પંથકમાં આવેલ અખોદર ગામે ઉપરવાસમાં ભારે વરસાદને કારણે ડેમનાં દરવાજા ખોલવામાં આવતાં સમગ્ર ઘેડ પંથકમાં પાણી ફરી વળ્યાં છે. ત્યારે અખોદર ગામે વાડી વિસ્તારમાં ૪ પશુ પાલકો ફસાયા. ઘટનાની જાણ થતાં જ રેસ્ક્યૂ ટીમ સ્થળ પર પહોંચી અને વોટર બોટની મદદથી ચારેયને સહીસલામત પાણીમાંથી બહાર કાઢ્યા.જુનાગઢમાં અવિરત વરસાદને કારણે ઘેડ પંથકના ગામો ત્રીજી વાર બેટમાં ફેરવાયા. ઘેડ પંથકના સરમા, સમરડા, સાંઢા, ઘોડાદર, ભાથરોટ સહિતના ગામો જળમગ્ન થયા. અવિરત વરસાદ પડતાં ક્યાંક ખુશી ક્યાંક તારાજી જોવા મળી રહી છે. ખેડૂતોના ખેતરોમાં નદી જેવી સ્થિતિ સર્જાઇ છે. ખેડૂતોએ મગફળી, સોયાબીન, કપાસ જેવા પાકોનું વાવેતર કર્યું છે. પરંતુ ઓઝત નદીના પાળા તૂટ્યા બાદ સ્થિતિ વધુ વિકટ બની છે. દેવભૂમિ દ્વારકા પંથકને સતત ત્રીજા દિવસે મેઘરાજાએ ધમરોળી નાંખ્યો. ભારે વરસાદને કારણે ખંભાળિયા તાલુકાનો સિંહણ ડેમ ઓવર ફ્લો થયો. જેના સુંદર દ્રશ્યો સામે આવ્યા. ઉપરવાસ વિસ્તારમાં એક જ રાતમાં પડેલા પડેલા વરસાદે સિંહણ ડેમને છલકાવી દીધો.

દ્વારકાના જામ રાવલમાં પણ ફરી જળબંબાકારની સ્થિતિ સર્જાઇ. જામ રાવલ ગામે ભારે વરસાદ થતા જનજીવન પ્રભાવિત થયું છે. ખાસ કરીને હાઇસ્કુલ પાસેના વિસ્તારોમાં ધસમસતા પાણી ફરી વળ્યા. સમગ્ર ગામ જાણે કે બેટમાં ફેરવાયું હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા. જામ રાવલ ગામે તારાજીના આકાશી દ્રશ્યો સામે આવ્યા છે. જેમાં જ્યાં જુઓ ત્યાં પાણી જ પાણી નજરે પડી રહ્યું છે.દેવભૂમિ દ્વારકાના કલ્યાણપુર તાલુકામાં ૧૦ ઈંચથી વધુ વરસાદથી પાણી ભરાયા. ભાટિયામાં ધોધમાર વરસાદમાં ચારે તરફ પાણી પાણી થઈ ગયું. ભાટિયા ગેટ પાસેના ભોગાત જતા માર્ગ પર પાણી ફરી વળ્યાં. જેના કારણે વાહનચાલકોને અવરજવરમાં મુશ્કેલી પડી. ભાટિયાના કાલેશ્વર મંદિર વિસ્તારમાં આવેલા રહેણાંક મકાનોમાં પણ પાણી ફરી વળ્યા. ધસમસતા પાણીના પૂરના કારણે મકાનોની દિવાલ ધરાશાયી થઈ. ઘરવખરી પણ પલળી જતા લોકોને હાલાકી વેઠવી પડી.

# જયપુરમાં બંધ થશે મટનની દુકાનો અને કતલખાના

રાજસ્થાન,તા.૧૯

રાજસ્થાનની ભજનલાલ સરકારે એક મોટો નિર્ણય લીધો છે, જે અંતર્ગત આખા જયપુરમાં ગેરકાયદેસર મીટની દુકાનો હટાવામાં આવશે. ખાલી મીટની દુકાનો જ નહીં પણ ગેરકાયદેસર કતલખાના પર પણ તાળા લાગી જશે. ગ્રેટર નગર નિગમની એક્ઝીક્યૂટિવ કમિટીની મીટિંગમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે. હવે રાજધાનીમાં ફક્ત લાયસન્સવાળી મીટની દુકાનો પર જ મીટ વેચી શકાશે. જયપુર નગર નિગમ તરફથી લેવામાં આવેલો આ નિર્ણય અંતર્ગત ગેરકાયદેસર મીટની દુકાનો હટાવામાં આવશે. સાથે જ મીટની દુકાન પર લખવું પડશે કે તે હલાલ છે કે ઝટકા. જયપુર શહેરમાં ગેરકાયદેસર કતલખાનાને પણ બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આવી રીતે જયપુર નગર નિગમ ગેરકાયદેસર મીટ શોપ અને કતલનાખા પર કાર્યવાહી કરવા જઈ રહી છે. દરેક મીટ શોપને નિયમોનું પાલન કરતા પોતાની દુકાન પર એ લખવાનું રહેશે કે અહીં ઝટકા મીટ મળે છે અથવા હલાલ મીટ. જેથી કોઈની ભાવનાને ઠેસ ન પહોંચે. હકીકતમાં જોઈએ તો, શહેરમાં મોટા પાયે ગેરકાયદેસર મીટની શોપ ચાલી રહી છે. તેના પર કાર્યવાહી કરવાનો નિર્ણય લેવાયો છે. સાથે જ એ સ્પષ્ટ કર્યું છે કે, જે દુકાનો પાસે હવે કોમર્શિયલ પટ્ટા હશે, તેમને જ મીટની દુકાન ખોલવાનું લાયસન્સ આપવામાં આવશે. આ ઉપરાંત મંદિર, સ્કૂલનું અંતર અને મીટની દુકાન સંચાલિત કરવાના તમામ નિયમોનું પાલન નહીં કરનારા પર કડક કાર્યવાહી કરવામાં આવશે.

# અમદાવાદમાંથી ઝડપાયું હથિયારોની હેરાફેરીનું નેટવર્ક

અમદાવાદ,તા.૧૯

રામોલમાંથી હથિયારોની હેરફેરીનું નેટવર્ક ઝડપાયું છે. CTM પાસેથી ત્રણ પિસ્ટલ અને કારતુસ સાથે બે આરોપીની ધરપકડ કરી છે. રામોલ પોલીસની ગિરફ્તમાં દેખાતા આરોપીઓના નામ છે. પ્રયાગ સિંગ જોધા તેમજ અંશુમાન સિંગ દેવડા. આ બંને આરોપીઓ રાજસ્થાનના જેસલમેર તેમજ પાલીના રહેવાસી છે. આરોપીઓને રામોલ પોલીસે હથિયાર સાથે પકડી પાડ્યા છે.

વિગતવાર વાત કરીએ તો રામોલ પોલીસની ટીમ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી, જે દરમિયાન બાતમી મળી હતી કે રામોલ સીટીએમ એક્સપ્રેસ હાઈવે નજીકથી હથિયારની હેરાફેરી થનાર છે. જે બાતમીના આધારે આ બંને આરોપીઓને પકડી પાડવામાં આવ્યા હતા. આરોપીઓનીતપાસકરતાંઆરોપીઓ પાસેથી ભારતીય બનાવટની ત્રણ પિસ્તોલ તેમજ ૮ જીવતા કારતૂસ મળી આવ્યા હતા. જેથી રામોલ પોલીસે હથિયાર ની હેરા ફેરી નો ગુનો દાખલ કરી બંને આરોપીઓની ધરપકડ કરી વધુ પૂછપરછ હાથ ધરી હતી.

આરોપીઓની વધુ પૂછપરછ કરતા સામે આવ્યું કે પાંચેક દિવસ પહેલા તેઓ મધ્ય પ્રદેશ ખાતે હથિયાર ની ખરીદી કરવા માટે ગયા હતા. વસંતસિંગ નામના મધ્યપ્રદેશના સેંદવા ગામના રહેવાસીનો સંપર્ક કરી તેની પાસેથી આ ત્રણે પિસ્તોલ અને કારતૂસ ખરીદ્યા હતા. જે હથિયારો લઈને બંને આરોપી ઓ રાજસ્થાન ખાતે ભવાની ચૌધરી અને અશોક બિસ્નોઈ નામના વ્યક્તિને આપવા માટે નીકળ્યા હતા પરંતુ તે પહેલા જ રામોલ પોલીસ ના હાથે પકડાય ગયા હતા. આ બંને આરોપી ઓ એમપીથી ખરીદીને રાજસ્થાન ખાતેના આરોપીઓ સુધી પહોંચાડવાના પૈસા લેતા હતા. આરોપી ઓની વધુ તપાસ કરતા સામે આવ્યું કે પ્રયાગ સિંહ જોધા બે વર્ષ પહેલાં મધ્યપ્રદેશથી દેશી બનાવટની પિસ્ટલ લાવ્યો હતો અને પોતે પિસ્ટલ સાથે શેરગઢ પોલીસ સ્ટેશન જોધપુર ખાતે પકડાઈ ગયો હતો. તેના મિત્ર ભવાની ચૌધરી અને અશોક બિશનોઈ દ્વારા પણ તેની પાસેથી બે પિસ્તોલ અને કારતૂસ મંગાવ્યા હતા. જેથી પૈસાની લાલચમાં આવીને તે હથિયાર લેવા માટે મધ્ય પ્રદેશ ગયો હતો ગયો હતો.

આ ગુનામાં ઝડપાયેલો આરોપી પ્રયાગ સિંહ જોધા અગાઉ સુરતમાં તેમજ રાજસ્થાન ખાતે ફલસૂન અને શહેરગઢ અને ઓશિયા પોલીસ સ્ટેશન ખાતે ગેરકાયદેસર હથિયાર ના ગુનામાં ઝડપાયો ચુક્યો છે. આ મામલે રામોલ પોલીસે આરોપી ઓની ધરપકડ કરી આ ગુનામાં સામેલ અન્ય આરોપી ઓની શોધખોળ હાથ ધરી છે. સાથે આરોપી ઓ હથિયાર કેટલા રૂપિયામાં લાવ્યા હતા. અગાઉ કેટલી વાર લાવી ચૂક્યો છે તે તમામ દિશામાં તપાસ હાથ ધરી છે

# માલગાડી પાટા પરથી ઉતરી, મુંબઈ-અમદાવાદ રેલવે ટ્રેકને અસર

## યુપી બાદ હવે ગુજરાતમાં ટ્રેન અકસ્માત



અમદાવાદ,તા.૧૯

ઉત્તર પ્રદેશના ગોંડા જિલ્લા બાદ હવે ગુજરાતમાં પણ એક ટ્રેન અકસ્માત થયો છે. આ અકસ્માત વલસાડ અને સુરત સ્ટેશન વચ્ચે થયો હતો. વલસાડના ડુંગરી પાસે માલગાડીના અનેક ડબ્બા પાટા પરથી ઉતરી ગયા છે. જેના કારણે આ રૂટ પર ટ્રેનોની અવરજવર પર અસર પડી હતી. આ અકસ્માતમાં કોઈ જાનહાનિ થઈ નથી.રેલવે વિભાગને આ દુર્ઘટનાની માહિતી મળતા જ મુંબઈ-અમદાવાદ લાઇન પરના અધિકારીઓ અને કર્મચારીઓ ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને ટ્રેક સાફ કરવાનું કામ શરૂ કરવામાં આવ્યું હતું.

વલસાડના ડુંગરી પાસે માલગાડીના અનેક ડબ્બા પાટા પરથી ઉતરી ગયા છે. જેના કારણે આ રૂટ પર ટ્રેનોની અવરજવર પર અસર પડી હતી. આ અકસ્માતમાં કોઈ જાનહાનિ થઈ નથી.રેલવે વિભાગને આ દુર્ઘટનાની માહિતી મળતા જ મુંબઈ-અમદાવાદ લાઇન પરના અધિકારીઓ અને કર્મચારીઓ ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને ટ્રેક સાફ કરવાનું કામ શરૂ કરવામાં આવ્યું હતું.

# ઈટાલિયન પત્રકારે પ્રધાનમંત્રી મેલોનીની ઊંચાઈની મજાક ઉડાવી

રોમ, તા.૧૯

ઈટાલીમાં દેશના વડાપ્રધાનની મજાક ઉડાવવા બદલ કોર્ટે મહિલા પત્રકાર પર ભારે દંડ ફટકાર્યો છે. મિલાન કોર્ટે એક પત્રકારને સોશિયલ મીડિયા પર ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીની મજાક ઉડાવવા બદલ ૫૦૦૦ યુરો (રૂ. ૪,૫૫,૫૬૯) નું વળતર ચૂકવવાનો આદેશ આપ્યો છે. સમાચાર એજન્સીઓ અને અન્ય સ્થાનિક મીડિયા રિપોર્ટ્સમાં આ માહિતી આપવામાં આવી છે.આ સિવાય મેલોનીની ઊંચાઈને લઈને ઓક્ટોબર ૨૦૨૧માં કરવામાં આવેલી ટ્વિટ માટે પત્રકાર જિયુલિયા કોર્ટેસ પર ૧૨૦૦ યુરો (૧૦૯૩૩૬ રૂપિયા)નો સસ્પેન્ડેડ દંડ પણ લગાવવામાં આવ્યો છે. આ ટ્વીટને 'બોડી શેમિંગ' તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવી હતી.કોર્ટના નિર્ણય પર, કોર્ટેસે ગુરુવારે એક્સ પર લખ્યું, 'ઈટાલિયન સરકારને પત્રકારત્વમાં અભિવ્યક્તિની સ્વતંત્રતા અને અસંમતિ સાથે ગંભીર સમસ્યા



છે.' ત્રણ વર્ષ પહેલા સોશિયલ મીડિયા પર બંને વચ્ચે વિવાદ થયા બાદ મેલોનીએ પત્રકાર વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરી હતી. ઈટાલીની પાર્ટી મેલોની બ્રધર્સ તે સમયે વિરોધમાં હતી. મેલોનીએ વાંધો ઉઠાવ્યો હતો જ્યારે કોર્ટેસે તેનો નકલી ફોટો પોસ્ટ કર્યો હતો જેમાં તેની પૃષ્ઠભૂમિમાં ફાશીવાદી નેતા બેનિટો મુસોલિનીની તસવીર હતી. અન્ય એક ટ્વિટમાં કોર્ટેસે લખ્યું, 'મને જ્યોર્જિયા મેલોનીને ડરાવશો નહીં. તમે માત્ર ૪ ફૂટ ઊંચા છો. હું તમને જોઈ પણ શકતો નથી.'કોર્ટેસ આ સજા સામે અપીલ કરી શકે છે. મેલોનીના વકીલે કહ્યું કે વડા પ્રધાન દંડ તરીકે મળેલી રકમ ચેરિટીમાં દાન કરશે. "ઈટાલીમાં સ્વતંત્ર પત્રકારો માટે આ મુશ્કેલ સમય છે," કોર્ટેસે ગુરુવારે લખ્યું. અમે સારા દિવસોની આશા રાખીએ છીએ. અમે હાર માનીશું નહીં.'રિપોર્ટર્સ વિધાઉટ બોર્ડર્સે ૨૦૨૪ના વર્લ્ડ પ્રેસ ફ્રીડમ ઈન્ડેક્સમાં ઈટાલીને પાંચ સ્થાન નીચે ૪૬મું સ્થાન આપ્યું છે. ગયા વર્ષની શરૂઆતમાં, રોમની એક અદાલતે લેખક રોબર્ટો સેવિઆનો પર ૧,૦૦૦ યુરોનો દંડ અને કાનૂની ખર્ચ લાદ્યો હતો. ગેરકાયદેસર ઈમિગ્રેશન પર તેના કડક વલણને કારણે ૨૦૨૧ માં ટીવી પર મેલોનીનું અપમાન કરવાનો તેના પર આરોપ મૂકવામાં આવ્યો હતો.

# ભાજપ પ્રદેશ પ્રમુખ તરીકે સીઆર પાટીલ યથાવત રહેશે

ગાંધીનગર, તા.૧૯

OBC અનામતના કારણે અટકેલી ગુજરાતની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચુંટણી આગામી સપ્ટેમ્બરમાં યોજાવાની શકયતા ના પગલે ભાજપે તૈયારીઓ શરૂ કરી છે. ઉપરાંત ગુજરાત ભાજપ આ તમામ ચૂંટણીઓ સી આર પાટીલની આગેવાનીમાં લડશે, તેવા સંકેત પણ આજે ભાજપ કાર્યલય કમલમ ખાતે યોજાયેલી ૨ બેઠકોમાં પાટીલે કરેલા સંબોધનથી મળી રહ્યા છે. આજની બેઠકમાં ચૂંટણીઓ માટેની જવાબદારીઓ સોંપવા માટેની ચર્ચા કરવામાં આવી હતી. આગામી દિવસોમાં ગુજરાત ભાજપના ૨ મહામંત્રીઓ આ જવાબદારી વહેચણી કરશે તેવું નક્કી કરવામાં આવ્યું હતું.

આવનાર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈ ભાજપની તૈયારીઓ તેજ કરી દીધી છે. આ પહેલા અનેક અટકળો હતી કે નવા પ્રમુખ કોણ હશે, પરંતુ તે વાતનો હવે છેદ ઊડી



ગયો છે. પ્રદેશ પ્રમુખ સી આર પાટીલના નેતૃત્વમાં સ્થાનિક સ્વરાજ્ય થશે ચૂંટણી યોજશે.

લોકસભાની સામન્ય ચૂંટણી બાદ પ્રદેશ ભાજપની શુક્રવારે કમલમ ખાતે બેઠક મળી હતી. પ્રદેશ ભાજપ કાર્યાલય કમલમ ખાતે યોજાયેલી બેઠક પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલના અધ્યક્ષ સ્થાને મળી હતી. જેમાં પ્રથમ બેઠક ભાજપના પ્રદેશના હોદેદારોની બેઠક મળી હતી. ભાજપના મહામંત્રી રજની પટેલ અને વિનોદ ચાવડા તેમજ સંગઠન મહામંત્રી રત્નાકરજી ઉપસ્થિતિમાં મળી હતી. બીજી બેઠક આવનારી જિલ્લા પંચાયત, નગર પાલિકા, તાલુકા પંચાયતની ચૂંટણીને લઈ ભાજપ પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલની અધ્યક્ષતામાં મળી હતી.

મહત્વનું છે કે આવનાર સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી પ્રદેશ પ્રમુખ પાટીલના અધ્યક્ષ સ્થાને યોજશે તેઓ હુંકાર આપ્યો હતો. એટલે કે રાજ્યમાં વિધાનસભા લોકસભા બાદ વધુ એક ચૂંટણી પણ ભાજપ પ્રદેશ પ્રમુખ સી આર પાટીલની અધ્યક્ષતામાં યોજાશે. એટલે કે હાલ ગુજરાત ભાજપ પ્રદેશ સંગઠન માળખામાં કોઈ ફેરફાર નહિ થાય. કમલમ ખાતે આજે યોજાયેલી બેઠકમાં પાટીલના નેતૃત્વમાં થશે તેવો હુંકાર કરીને તમામ કાર્યકર્તા હોદેદારોને જોશ સાથે કામે લાગવા પ્રદેશ પ્રમુખે સૂચન પણ કર્યું હતું.

આવનાર સમયમાં યોજાનાર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અંગે મંથન થયું હતું. જે મુજબ આવનાર સમયમાં રાજ્યમાં ૫૩૦૦ જેટલી ગ્રામ પંચાયત, ૭૫ નગર પાલિકા, ૧૭ તાલુકા પંચાયત સાથે સાથે ખેડા અને બનાસકાંઠા એમ ૨ જિલ્લા પંચાયત ચૂંટણી પણ યોજવાની છે. જે અંગે ભાજપની આજે મળેલી બેઠકમાં ચૂંટણીની પૂર્વ તૈયારીઓ અંગે બેઠકમાં મંથન થયું હતું. આવનાર દિવસોમાં ભાજપ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં હોદેદારો જવાબદારી નિયુક્ત કરશે.

ભાજપે કેબિનેટ મંત્રી બન્યા બાદ પ્રથમ બેઠક મળતા સીઆર પાટીલનો ૪ વર્ષનો કાર્યકાળ આવતીકાલે પૂર્ણ થઈ રહ્યો છે. માટે તેમનું અભિવાદન કરાયું હતું. હવે પાટીલના નેતુવના સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી લડશે અને પ્રદેશ ભાજપે પણ તે દિશામાં તૈયારીઓ તેજ કરી દીધી છે.કેન્દ્રીય નેતૃત્વ પ્રદેશ અધ્યક્ષનો નિર્ણય ન કરે ત્યાં સુધી સીઆર પાટીલની આગેવાનીમાં ચૂંટણી માટે ભાજપ એક્ટિવ બનીને ચૂંટણીની તૈયારી આરંભી દીધી છે.

# શું રત્ન ભંડારના અંદરના ભાગમાં કોઈ રહસ્યમય ટનલ છે..!

ઓડિશા, તા.૧૯

ઓડિશાના પુરીમાં શ્રી જગન્નાથ મંદિરના રત્ન ભંડારની અંદરની ચેમ્બરમાં સુરંગ અંગેનું રહસ્ય હજુ પણ ચાલુ છે. આવી સ્થિતિમાં, ગજપતિ મહારાજ દિવ્ય સિંહ દેબે સૂચન કર્યું કે પુરાતત્વ વિભાગ તેની તપાસ માટે આધુનિક તકનીકનો ઉપયોગ કરી શકે છે. દેબે આ વાતો રત્ના ભંડારની અંદરની ચેમ્બરમાં સુરંગ અથવા ગુપ્ત ચેમ્બરની સંભાવના પર કહી હતી.એજન્સીના જણાવ્યા અનુસાર, ઘણા સ્થાનિક લોકોનું માનવું છે કે મંદિરના રત્ન ભંડારના અંદરના ચેમ્બરમાં એક ગુપ્ત સુરંગ છે. આ અંગે દિવ્ય સિંહ દેબે કહ્યું કે છજ્જૈં અનામતની સ્થિતિ જાણવા માટે લેસર સ્કેનિંગ જેવા અદ્યતન સાધનોનો ઉપયોગ કરી શકે છે. આવી ટેક્નોલોજી વડે ટનલ જેવા હાલના કોઈપણ માળખા વિશે



માહિતી મેળવી શકાય છે.જો કે, સુપરવાઇઝરી કમિટીના અધ્યક્ષ અને ઓરિસ્સા હાઈકોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ જસ્ટિસ વિશ્વનાથ રથે કહ્યું કે જ્યારે અમે રત્ન ભંડારની અંદરની ચેમ્બરમાં ગયા અને તેનું નિરીક્ષણ કર્યું ત્યારે અમને સુરંગનો કોઈ પુરાવો મળ્યો ન હતો. રથે લોકોને આ વિષય પર ખોટી માહિતી શેર કરવાનું ટાળવા વિનંતી કરી.તમને જણાવી દઈએ કે વિશ્વનાથ રથ અન્ય દસ સભ્યો સાથે સાત કલાકથી વધુ સમય સુધી રત્ના ભંડારના અંદરના રૂમમાં રોકાયા હતા. સમિતિના અન્ય સભ્ય અને સેવાદાર દુર્ગાદાસ મહાપાત્રાએ કહ્યું કે અમે રત્ન ભંડારમાં કોઈ ગુપ્ત ઓરડો કે સુરંગ જોઈ નથી. રત્ના ભંડાર અંદાજે ૨૦ ફૂટ ઊંચો અને ૧૪ ફૂટ લાંબો છે. તેમણે નિરીક્ષણ દરમિયાન જોવા મળેલી કેટલીક નાની સમસ્યાઓ વિશે જણાવ્યું.દુર્ગાદાસે કહ્યું કે છત પરથી ઘણા નાના પથ્થરો પડ્યા છે અને રત્ન ભંડારની દિવાલમાં તિરાડ પડી છે. તે સારી વાત હતી કે ફ્લોર અપેક્ષા મુજબ ભીનું ન હતું. ગુરુવાર, ૧૮ જુલાઈના રોજ, પુરીમાં ૧૨મી સદીના જગન્નાથ મંદિરનો પ્રતિષ્ઠિત ભંડાર 'રત્ન ભંડાર' બીજી વખત ફરીથી ખોલવામાં આવ્યો. આ દરમિયાન સરકાર દ્વારા રચવામાં આવેલી સમિતિના અધ્યક્ષ અને ઓરિસ્સા હાઈકોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ જસ્ટિસ વિશ્વનાથ રથ અને અન્ય અધિકારીઓ હાજર હતા. તેમણે કહ્યું કે કિંમતી સામાનને અસ્થાયી સ્ટ્રોંગ રૂમમાં શિફ્ટ કરવા માટે એક સપ્તાહમાં બીજી વખત સ્ટોર ખોલવામાં આવ્યો છે.

# કાવડ યાત્રા વિવાદ : યોગી સરકારના નિર્ણય ઉપર ભડક્યા NDAના સાથી પક્ષો

લખનૌ, તા.૧૯

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કાવડ યાત્રાના માર્ગમાં આવતી તમામ દુકાનો પર નામ લખવાનો આદેશ આપ્યા બાદ ભારે વિવાદ જોવા મળી રહ્યો છે. પહેલા વિપક્ષો દ્વારા તેમના નિર્ણયનો વિરોધ કરાયો, હવે ખૂદ ભાજપના સાથી પક્ષોએ પણ વિરોધમાં સૂર પુરાવવાનું શરૂ કરી દીધું છે. શ્રાવણ મહિના દરમિયાન કાવડ યાત્રા રૂટ પર હોટલ, રેસ્ટોરન્ટ, ઢાબા, ફળ અને ખાણી-પીણીની બીજી દુકાનો પર માલિકના નામનું બોર્ડ લગાવવાના આદેશનો જનતા દળ યુનાઈટેડ, રાષ્ટ્રીય જનતાંત્રિક ગઠબંધને વિરોધ કર્યા બાદ હવે એનડીઓના સાથી પક્ષ લોક જનશક્તિ પાર્ટી (રામ વિલાસ)ના વડા અને કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાને પણ યોગીના નિર્ણય પર સવાલો ઉઠાવ્યા છે.

ચિરાગ પાસવાને કહ્યું કે, 'જ્યારે પણ જાતિ અથવા ધર્મનું વિભાજન થશે, ત્યારે હું ક્યારેય તેનું સમર્થન નહીં કરું.' ઉત્તર પ્રદેશ સરકારે કાવડ યાત્રાના માર્ગ પરની તમામ દુકાનો પર માલિકનું નામ લખવાનો આદેશ સૌથી પહેલા મુજફ્ફનગરના પોલીસ તંત્રને આપ્યો હતો, પછી આવો જ આદેશ શામલી અને સહારનપુર જિલ્લામાં પણ અપાયો હતો. આ મામલો સામે આવ્યા બાદ સમાજવાદી પાર્ટી, બહુજન સમાજ પાર્ટી, કોંગ્રેસ જેવા વિપક્ષી દળોએ વિરોધ કર્યો હતો. માયાવતીએ પણ યોગીના આદેશને પરત ખેંચવાની માંગ કરી હતી.

યોગી સરકારના આદેશનો નીતીશ કુમારની પાર્ટી જનતા દળ યુનાઈટેડ (જેડીયુ) અને જયંત ચૌધરીની પાર્ટી રાષ્ટ્રીય લોક દળ (આરએલડી)એ પણ વાંધો ઉઠાવ્યો હતો. જેડીયુએ ગુરુવારે બેઠક બોલાવી યોગી સરકારના આદેશની સમીક્ષા કરી હતી, તો આરએલડીએ નિર્ણયને પરત ખેંચવાની શુક્રવારે માંગ કરી છે. તેમના આદેશનો વિરોધ માત્ર વિપક્ષો જ નહીં, ભાજપના સાથી પક્ષો પણ કરી રહ્યા છે. સમાજવાદી પાર્ટી (સપા)ના અધ્યક્ષ અખિલેશ યાદવ, બહુજન સમાજ પાર્ટી (બસપા) ની અધ્યક્ષ માયાવતી, ઓલ ઈન્ડિયા મજલિસ એ ઈત્તેહાદ ઉલ મુસ્લિમીન (એઆઈએમઆઈએમ) અધ્યક્ષ અસદુદ્દીન ઓવૈસી અને બીજા વિપક્ષી નેતાઓના વિરોધ બાદ મુઝફ્ફરનગરની પોલીસે ગુરુવારે સ્પષ્ટતા આપતાં કહ્યું કે આ આદેશ સ્વૈચ્છિક છે પરંતુ શુક્રવારે સીએમ યોગી આદિત્યનાથે સમગ્ર યુપીમાં કાવડ રૂટ પર દુકાનદારોને નામ લગાવવાના આદેશ આપ્યા છે.

આરએલડીના પ્રદેશ અધ્યક્ષ રામાશીષ રાયે એક્સ પર ટ્વીટ કરી છે કે ઉત્તર પ્રદેશ તંત્રનો દુકાનદારોને પોતાની દુકાનો પર પોતાનું નામ અને ધર્મ લખવાનો આદેશ આપવો જાતિ અને સંપ્રદાયને પ્રોત્સાહન આપનાર પગલું છે. રાલોદ નેતાએ તેને ગેર બંધારણીય નિર્ણય ગણાવતાં તંત્રને તેને પાછો ખેંચવાની માગ કરી છે. જયંત ચૌધરીની પાર્ટીના વધુ સાંસદ તો નથી પરંતુ વેસ્ટ યુપીમાં તે ભાજપની એકમાત્ર સહયોગી પાર્ટી છે. જયંત ચૌધરીની પાર્ટીના રાજકારણમાં મુસલમાનોને સ્થાન મળતું રહ્યું છે. તેથી તેના પ્રદેશ અધ્યક્ષનું નિવેદન વિસ્તારમાં લઘુમતી વચ્ચે આ આદેશને ફેલાવી રહેલી નારાજગીને વ્યક્ત કરે છે. જેડીયુના પ્રવક્તા કેસી ત્યાગી પશ્ચિમી યુપી સાથે જ સંબંધ રાખે છે. તેમણે ગુરુવારે કહ્યું હતું કે આવો કોઈ આદેશ જારી ન કરવો જોઈએ જેનાથી સાંપ્રદાયિક વિભાજન પેદા થાય. મુઝફ્ફરનગરના મુસ્લિમોનો ઉલ્લેખ કરતાં ત્યાગીએ કહ્યું હતું કે આ લોકો હંમેશા કાવડિયોની સેવા અને મદદમાં આગળ રહ્યાં છે. ત્યાગીએ સરકારને આ આદેશની સમીક્ષા કરવાની માગ કરી હતી.

## ઉત્તરાખંડમાં પણ દુકાનદારોએ પોતાની દુકાનની આગળ નામ લખવાનું રહેશે

દેહરાદૂન, તા.૧૯

યુપીમાં સરકારે કાવડ યાત્રાના માર્ગ પર આવતા દુકાનદારો માટે આદેશ જાહેર કર્યો છે કે તેમણે પોતાની હોટેલ, દુકાનની બહાર નેમ પ્લેટ લગાવવી પડશે. હવે ઉત્તરાખંડ સરકારે પણ નિર્ણય લીધો છે કે રાજ્યમાં દુકાનદારોએ પોતાની દુકાનની આગળ નામ લખવાનું રહેશે. હરિદ્વારના એસએસપીએ આ વાતની પુષ્ટિ કરી છે. તેમના કહ્યા અનુસાર દુકાનના માલિક અને સ્ટાફના નામ લખવા જરૂરી છે. હાલમાં દુકાનદારોનું વેરિફિકેશન ઝડપથી કરવામાં આવી રહ્યું છે. ૨૨ જુલાઈથી રૂરકીમાં શરૂ થનારી કાવડ યાત્રાને ધ્યાનમાં રાખીને પોલીસે હાઈવે પર બનેલા ઢાબાઓની ચકાસણી પણ શરૂ કરી દીધી છે. અહીંયા પણ ઢાબા ચલાવનાર અને દુકાનદારોએ તેમની નેમ પ્લેટ લગાવવી પડશે. પોલીસે દરેક માટે માર્ગદર્શિકા જાહેર કરી છે. વાસ્તવમાં નારસનથી હરિદ્વાર કાવડ ટ્રેક સુધી હાઈવે પર ઘણી દુકાનો અને ઢાબા છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આદેશ જારી કર્યો છે કે કાવડ યાત્રાના માર્ગ પરની તમામ દુકાનોના માલિકોએ તેમની દુકાનો, ઢાબાઓ, અને ગાડીઓની બહાર માલિકનું નામ લખવાનું રહેશે. સીએમનું કહેવું છે કે, કાવડ તીર્થયાત્રીઓની આસ્થાને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. આ સાથે હલાલ પ્રમાણપત્ર સાથે ઉત્પાદનો વેચનારાઓ સામે પણ કાર્યવાહી કરવામાં આવશે.

# ચિલીમાં ૭.૩ની તિવ્રતાનો ભૂકંપ આવતા ભારે અફરાતફરી મચી

ચિલી, તા.૧૯

શુક્રવારે સવારે ચિલીમાં ભૂકંપના તીવ્ર આંચકા અનુભવાયા હતા. એએફપીના સમાચાર અનુસાર ભૂકંપની તીવ્રતા ૭.૩ માપવામાં આવી હતી. યુનાઈટેડ સ્ટેટ્સ જિયોલોજિકલ સર્વેએ આ માહિતી આપી છે. યુએસજીએસએ જણાવ્યું કે ભૂકંપના આ આંચકા ચિલીના એન્ટોફગાસ્તામાં અનુભવાયા હતા. ભૂકંપ સાન પેડ્રો ડી અટાકામા શહેરથી ૪૧ કિલોમીટર દક્ષિણ પૂર્વમાં ૧૨૮ કિલોમીટરની ઊંડાઈએ આવ્યો હતો. ભૂકંપ બાદ લોકો ભયભીત થઈ ગયા હતા. જો કે હજુ સુધી સુનામીની કોઈ ચેતવણી જારી કરવામાં આવી નથી. ભૂકંપના આંચકા બોલિવિયા, પેરાગ્વે અને આર્જેન્ટીના સુધી અનુભવાયા હતા. અગાઉ ૨૯ જૂને પણ અહીં ભૂકંપ આવ્યો હતો. ત્યારે તેની તીવ્રતા ૫.૨ હતી.

એએફપીના જણાવ્યા અનુસાર હજુ સુધી સુનામીની કોઈ ચેતવણી જારી કરવામાં આવી નથી. જાન્યુઆરીમાં પણ ઉત્તર ચિલીના તારાપાકા વિસ્તારમાં ૧૧૮ કિલોમીટરની ઊંડાઈએ ૫.૩ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. તે સમયે કોઈ નુકસાનના સમાચાર નહોતા આવ્યા. ચિલી વિશ્વના સૌથી વધુ ભૂકંપની સંભાવના ધરાવતા દેશોમાંનો એક છે. તે પ્રશાંત મહાસાગરના રિંગ ઓફ ફાયર પર સ્થિત છે, જ્યાં પૃથ્વીના ઘણા જ્વાળામુખી ફાટવા અને ધરતીકંપો થાય છે. ૨૦૧૦ માં, ૮.૮ તીવ્રતાનો ભૂકંપ અને ત્યારબાદ સુનામીમાં ૫૦૦ થી વધુ લોકો માર્યા ગયા હતા.

# સંક્ષિપ્ત સમાચાર

## રાપર જૈન યુવક મંડળ અને આરોગ્ય વિભાગ દ્વારા રક્તદાન કેમ્પ યોજાયો



રાપર તા.૧૯

રાપર ચોવીસી સ્થાનક જૈન યુવક મંડળ અને ભુજ જી.કે. જનરલ હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે અહીંના વિવિધલક્ષી હોલ ખાતે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સિત્તેર રક્ત દાતાઓએ ઉત્સાહભેર બલ્ડ ડોનેટ કરી માનવતાનું ઉદાહરણ પુરું પાડ્યું હતું. આ કેમ્પના દાતા વાડીલાલ રતિલાલ મોરબીયા પરિવાર રહ્યા હતા, કેમ્પ દરમિયાન મંડળના પ્રમુખ હર્ષ મોરબીયા સાથે મંડળના સભ્યોએ જહેમત ઉઠાવી હતી, ભુજ જી.કે.જનરલ હોસ્પિટલના ડો.જિજ્ઞાબેન દવે, કમલેશ ચૌધરી, નિતેશ પટેલ, ચંદ્રેશ દરજી, મમતાબેન સોલંકી, પ્રિયંકા પંડિત વિગેરેએ સેવા આપી હતી, કેમ્પ દરમિયાન દિપક મોરબીયા, હર્ષ મોરબીયા, દિવ્ય દોશી, વિનોદ દોશી, વિકાસ ખંડોર, જિનેશ મહેતા, સતિષ વાઢેર, દિનેશ મકવાણા, નવિન પરમાર, હર્ષ સુથાર, સહિતના આરોગ્ય વિભાગના કર્મચારીઓએ સહયોગ પુરો પાડ્યો હતો.

## આશ્રમમાં મેડિકલ તપાસણી કેમ્પ સાથે આશ્રિતોને સ્વસ્થ કરાયા


ભુજ તા.૧૮

લોક સેવા સાર્વજનિક ટ્રસ્ટ-ભુજ તેમ જ નગરપાલિકા કચેરી ભુજ ના સંહયોગથી ચાલતું રેન બસેરા મા-બાપનું ઘર તથા ઘર વિહોણા લોકો માટેનું આશ્રય સ્થાનમાં રહેતા ૬૦ જેટલા આશ્રિતોની મેડિકલી તપાસણી કેમ્પ યોજવામાં આવ્યો હતો અને કેમ્પ દરમિયાન જરૂરિયાતમંદ લોકોને નિશુલ્ક દવાઓ આપવામાં આવી હતી.તેમજ આ તમામ આશ્રિતોને સંસ્થા દ્વારા સ્વસ્થ કરાયા હતા.આ સેવા કાર્યમાં જિલ્લા પંચાયત આરોગ્ય શાખાના સી.એસ.સી સેન્ટરના ડોક્ટરો દ્વારા તપાસણી કેમ્પ માટે મદદરૂપ થવાયું હતું મા-બાપ નું



ઘર,ઘર વિહોણા લોકોનું આશ્રમ જેની અંદર રહેતા આશ્રીતો માટે તન મન ધનથી સેવા આપનાર સરકારી તંત્ર તેમજ દાતાનો સંસ્થા દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## ભુજના સિદ્ધેશ્વર મહાદેવ મંદિરના ૨૧માં પાટોત્સવની ઉજવણી કરાઈ



ભુજ તા.૧૯

સવાર ના પ્રથમ ધ્વજા રોહણ,સ્થાપિત દેવોનુ પુજન,રુદ્રા અભિષેક, હોમ હવન,મહા પ્રસાદ અને સાંજે મહાઆરતી સહિતનુ આયોજન કરાયુ હતું. જેમા નગર વાસીઓ પાંખી પાડી પાટોત્સવ મા જોડાયા હતા.

ભુજના અરિહંત નગરના ગરબી ચોક ખાતે સિધ્ધેશ્રૃવર મહાદેવ મંદિર ના ૨૧ મા પાટોત્સવ પ્રસંગની ધામ ધુમથી ઉજવણી કરાઈ સવારના પ્રથમ મંદિરનો ધ્વજા રોહણ કરાયા બાદ સ્થાપિત દેવોનુ પુજન અર્ચન,રુદ્રા અભિષેક, હોમ હવન,આરતી કરયા બાદ બપોર મહા પ્રસાદનુ આયોજન કરાયુ હતું. આ પ્રસંગે હવન મા બેસવાનો લાભ સોસાયટીના લોકોએ લીધો હતો. દર વર્ષે આ પાટોત્સવની ઉજવણી અષાઢ મહિનામા આવતી હોય તેમા વરસાદની સિઝન હોય જેથી નગરની રજુઆતને લઈ સાંસદ વિનોદ ચાવડાએ ગ્રાન્ટમાંથી ડોમ (સેડ) બનાવી આપશે.તેવી ખાતરી મળતા તેનો આભાર વ્યક્ત કરાયો હતો.

ધાર્મીક કાર્યક્રમો સાથે સાંજના મંદિર ખાતે મહાઆરતીનુ આયોજન કરાયુ હતુ અહિંના સ્થાનિક પુજારી ભાવેશ મહારાજે પુજન વિધી કરાવી હતી. સોસાયટીના પ્રમુખ અનિલ ગોર, પ્રફુલ જોષી (જ્યોતિષ આચાર્ય), શ્યામ ગઢવી, હિતેશ દામા,કૌશિક ભાઈ, રમેશભાઈ, ઉપેન્દ્રસિંહ ઝાલા, જયમિન ગોર, કિરણ દરજી સહિતના અરિહંત નગરના લોકોએ શ્રધ્ધા,ભાવ અને ભક્તિથી સહયોગી બની સાથ સહકારથી પાટોત્સવને સફળ બનાવ્યો હતો.

## ભુજના વાંઢાય તીર્થધામ ઈશ્વર આશ્રમ દ્વારા ગુરૂ પૂર્ણિમાની ઉજવણી કરાશે

ભુજ : ઈશ્રૃવર આશ્રમ વાંઢાય દ્વારા હરિહર પરંપરાનાં મૂળ સ્થાને, હરિહર પરંપરાનાં સંતો બાવા દેવાસાહેબ,બાવા વિહારીસાહેબ,બાવા ક્ષેમસાગરજી મહારાજ, સદગુરૂ ઈશ્રૃવરરામજી મહારાજ, સદગુરૂ લાલરામજી મહારાજ, સદગુરૂ ઓધવરામજી મહારાજ, સદગુરૂ દયાલરામજી મહારાજ, સંત વાલરામજી મહારાજ, સંત સેવાદાસજી મહારાજ, સંત રામદાસજી મહારાજ, સદગુરૂ શાન્તિરામજી મહારાજ, સદગુરૂ કરશનરામજી મહારાજ વગેરે સંતોનાં સન્મુખ મહંત મોહનદાસજી મહારાજ ગુરૂ કરશનરામજી મહારાજનાં પરમ સાનિધ્ય માં ગુરૂપૂર્ણિમા મહોત્સવની ઉજવણી કરવામાં આવશે.તા.૨૧/૭/૨૪ ને ગુરૂપૂર્ણિમાંનાં મહોત્સવ માં સવારે ૫:૧૫ વાગ્યે મંગલા આરતી,સવારે ૬:૧૫ થી ૮ વાગ્યા સુધી અમૃતપાન (નાસ્તો),સવારે ૮ વાગ્યે પાદૂકા પૂજન અને મહાઆરતી ધ્વાજારોહણ, સવારે ૯ થી ૧૨:૧૨ સેવકગણ દ્વારા ગુરજનોનાં ચરણ પૂજન, મહંત શ્રીમોહનદાસજી મહારાજનાં ચરણ પૂજન, હર્ષિદ સોલંકી એન્ડ પાર્ટીનાં સંગાથે ભજન સંગીત,બપોરે ૧૨ વાગ્યે મહાપ્રસાદ,સાંજે ૪:૩૦ વાગ્યે સંધ્યાપાઠ,સમુહ પ્રસાદ સહિતના કાર્યક્રમો યોજવામાં આવશે.

## માંડવીની જનકલ્યાણ મેડિકલ સોસાયટીને દાન મળ્યું



ભુજ તા.૧૮

આ ટ્રસ્ટ ઘણા સમયથી દર વર્ષે રેગ્યુલર રીતે આ સંસ્થાને દાન આપે છે.ત્યારે ગાંધીધામના ટ્રસ્ટ તરફથી કેન્સર અને ડાયાલિસિસના ગરીબ દર્દીઓ માટે દાન અપાયુ

બંદરીય માંડવી શહેરમાં છેલ્લા ૩૨ વર્ષથી આરોગ્ય ક્ષેત્રે સુંદર કામગીરી કરતી સંસ્થા "જનકલ્યાણ મેડિકલ સોસાયટી" સંચાલિત નવનીત કેન્સર રિસર્ચ હોસ્પિટલ અને ડાયાલિસિસ સેન્ટર માંડવીને તાજેતરમાં ગાંધીધામના પુરબાઈ લખમશી લાલકા ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી કેન્સર અને ડાયાલિસિસના ગરીબ દર્દીઓ માટે રૂપિયા ૩૧૦૦૦/- (એકત્રીસ હજાર) નું દાન મળેલ છે.તાજેતરમાં આ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ વિજય લાલકા અને ચેતન લાલકા એ સંસ્થાની રૂબરૂ મુલાકાત લઈ સંસ્થાના પ્રમુખ કિરણકુમાર વાડીલાલ સંઘવી, ખજાનચી નિશાંત શાહ અને સહમંત્રી મહેશ કંસારાને રૂપિયા ૩૧, ૦૦૦/- ના દાનનો ચેક અર્પણ કરેલ હોવાનું સંસ્થાના ટ્રસ્ટી તથા પ્રવક્તા દિનેશ મણીલાલ શાહે જણાવ્યું હતું. ગાંધીધામના આ ટ્રસ્ટ તરફથી ઘણા સમયથી દર વર્ષે રેગ્યુલર રીતે આ સંસ્થાને દાન મળતું હોવાનું સંસ્થાના ઉપપ્રમુખ શાંતિલાલ પટેલ અને મંત્રી અરવિંદ શાહે જણાવ્યું હતું.

## સહકારી મંડળીઓના ખાતા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકમાં જ ખોલાવવાના રહેશે

ભુજ તા.૧૯

જિલ્લાની તમામ સહકારી મંડળીઓને રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, (ગાંધીનગર)ના પરિપત્ર મુજબ સહકારના સાત સિદ્ધાંતો પૈકી 'સહકારી મંડળીઓમાં સહકાર' ના સિદ્ધાંત મુજબ, સહકારી મંડળીઓનો વિકાસ થાય અને તેનો લાભ સહકારી મંડળીઓના સભાસદો તથા સામાન્ય લોકોને થાય તે માટે ભારત સરકારના સહકાર મંત્રાલય અને ગુજરાત સરકાર દ્વારા અમલમાં મુકવામાં આવેલા પાયલોટ પ્રોજેક્ટ અંતર્ગત હવેથી તમામ સહકારી મંડળીઓના બેંક ખાતાઓ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકમાં ખોલાવવાના રહેશે. જિલ્લાની તમામ સહકારી મંડળીઓ/બજાર સમિતિઓને સૂચિત કરી, તેમની સંસ્થાનું બેંક ખાતુ કચ્છ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી.માં જ ખોલાવવાનું કહેવાયું છે, તેમજ જો અન્ય બેંકમાં ખાતાઓ હોય તો તે પણ કચ્છ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી.માં ટ્રાન્સફર કરાવવાના રહેશે. આ કામગીરીને ટોચ અગ્રતા આપવા જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ ભુજ કચ્છ દ્રારા અનુરોધ કરાયો છે.

## શ્રીમદ ભગવદ ગીતાને અભ્યાસક્રમમાં શમાવવા આવકાર

### આજે સરકારના આ નિર્ણયનો વિરોધ કરતા પરિબળોને વખોડવા દરેક જિલ્લા મથકે કલેક્ટરને આવેદન પત્ર અપાશે

ભુજ તા.૧૯

અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાતની રાજ્યની કારોબારીએ ઠરાવ્યા અનુસાર સરકાર દ્વારા શ્રીમદ ભગવદ ગીતાને ધોરણ ૬ થી ૧૨ અભ્યાસક્રમમાં શમાવવાનો નિર્ણય કરાયો છે, તેને અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાત આવકારે છે, અને આનો વિરોધ કરતા વિવિધ પરિબળોની પ્રવૃત્તિઓને વખોડવા આગામી ૨૦ જુલાઈ, શનિવારના સમગ્ર ગુજરાતમાં તમામ જિલ્લા મથકે કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવશે.

સંસ્થાના વિવિધ નવા સંવર્ગના પદાધિકારીઓ દ્વારા જીલ્લા કક્ષાએ કલેકટરને આવેદન પત્ર આપવામાં વિશાળ સંખ્યામાં શિક્ષકો, શાળાઓ ,શૈક્ષણિક સંસ્થાઓ, સંચાલકો તથા બુદ્ધિજીવી મહાનુભવો સમર્થનમાં જોડાશે. જિલ્લામાં અપાનાર આ આવેદનપત્ર આપવાનો સમય અ.ભા.રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના જિલ્લા અધ્યક્ષ પાસેથી મેળવી લઈ રાષ્ટ્રહિતની વિચારધારા ધરાવતા પ્રબુદ્ધ નાગરિકો પણ આવેદનપત્ર આપવા જોડાય તેવી જાહેર અપીલ સંસ્થા દ્વારા કરવામાં આવી છે.

## ખીરસરા ખાતે અંધજન મંડળ દ્વારા મફત નેત્ર નિદાન અને સારવાર



ભુજ તા.૧૯

કચ્છ જિલ્લા ના વિવિધ સ્થળો પર અંધજન મંડળ સંચાલિત કે.સી.આર.સી.આંખ ની હોસ્પિટલ ભુજ દ્વારા દર વર્ષે છેવાડાના વિસ્તારોમાં માનવસેવા રૂપે મફત નેત્ર નિદાન અને સારવાર કેમ્પ રાખવામાં આવે છે ગત તારીખ ૧૬ ના અબડાસા તાલુકાના ખીરસરા (વિંઝાણ) ગામ મધ્યે આ કેમ્પ યોજાયો હતો. જેમાં આંખ ના ૯૮ દર્દીઓ એ લાભ લીધો હતો. એમાં થી ૧૫ દર્દીઓ ઓપરેશન લાયક હોતા તેઓ ને ગામ થી ભુજ લઈ જઈને ઓપરેશન કરી ને પરત ઘર સુધી પહોંચાડવાની મફત સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી હતી આ મફત કેમ્પ રાખવા માટે અબડાસા ભાજપ બક્ષીપંચ મોરચા પ્રમુખ રજાક હિંગોરા દ્વારા નલીયાના સેવાભાવી હરેશ ઠક્કર સાથે સંપર્ક કરી ને આયોજન કરવામાં આવ્યું હતુ. કેમ્પ આયોજન પહેલા પચાણ ગઢવીની ટીમ દ્વારા ઘર ઘર જઈ પ્રચાર કરવામાં આવ્યો હતો જેથી વધુ લોકો લાભ લે ખીરસરા ગામના સરપંચ દ્વારા કેમ્પ માટે ગ્રામ પંચાયત ખુલ્લી રાખવાની વ્યવસ્થા કરાઇ હતી અને અબડાસા તાલુકાના મુસ્લિમ અગ્રણી સલીમ હિંગોરા,સરપંચ આદમ હિંગોરા,તાલુકા પંચાયત ના માજી ચેરમેન જાફર હિંગોરા,હરેશ ઠક્કર વગેરે એ જરૂરી સેવા માટે મદદ કરી હતી અને કેમ્પ બદલ સંસ્થાનો આભાર માન્યો હતો.

# "મીટ અગેઈન" ભુજ જે.બી.ઠક્કર કોમર્સ કોલેજના મિત્રોમાં મળવાની હોડ લાગી



**છેલ્લા એક વર્ષમાં ૧૨ કાર્યક્રમો યોજાયા: કોલેજની ૧૯૯૯-૨૦૦૨ની બેચના બીજા રિયુનિયનમાં કોલેજ માટે અઢી લાખનો ફંડ એકત્ર**

ભુજ તા.૧૯

આજના ભાગ દોડના યુગમાં માણસ ભૌતિક સુખ પાછળ એટલો પડી ગયો છે કે તેને ખબર જ નથી પડતી કે, સમય અને ઉંમર ક્યારે નીકળી જાય છે અને કોલેજમાં મસ્તી કરતા યુવાઓ ક્યારે કૌટુંબિક, સામાજીક જવાબદારીઓમાં ક્યારે પડી જાય છે. ત્યારે આ દોડધામ ભરી જિંદગી વચ્ચે જુના મિત્રોને મળવાનો અમૂલ્ય મોકો એટલે રિયુનિયન. ભુજ ની જે.બી.ઠક્કર કૉમર્સ કોલેજના જુના વિદ્યાર્થીઓ દ્વારા છેલ્લા એક વર્ષમાં જાણે જુના કૉલેજના મિત્રોને મળવા માટેની હોડ લાગી હોય તેમ ઉપરા ઉપરી અલગ અલગ બેચો દવારા છેલ્લા એક વર્ષ માં લગભગ ૧૨ જેટલાં રિયુનિયનના કાર્યક્રમો કરવામાં આવ્યા છે, જે સારી નિશાની છે. કૉલેજની ૨૦૦૨/૦૩ની સંયુક્ત બેચ દ્વારા ગત જુલાઈ માસમાં આ રિયુનિયનોની શરૂઆત કરાયા બાદ હાલ માં ૨૦૦૨ ની બેચ દવારા સતત બીજા વર્ષે આ આયોજન થતા રિયુનિયનનો બીજો રાઉન્ડ શરૂ થઇ ગયો છે. ૧૯૯૯/૨૦૦૨ની બેચ દ્વારા હોટેલ ઈલાર્ક મધ્યે યોજાયેલ આ કાર્યક્રમ મીટ અગેઈન માં મોટી સંખ્યામાં સહપાઠીઓ એકત્ર થયાં હતા અને ગુરુષ્યા કાર્યક્રમ દ્વારા પ્રોફસરોને વંદન કરી તેમના આશીર્વાદ મેળવ્યા હતા. પ્રોફસર આર.એસ.શાહ, પી.સી.શાહ,કે. વી.પાટીદાર, એલ.પી.પરમાર, શ્રી સૈફી, એમ એસ.રાઠોડ, ડી. કે.અગારા, કાશ્મીરાબેન મહેતા, પ્રીતિબેન મોમાયા સહિતના પ્રોફેસરોએ ઉપસ્થિત રહી સૌ વિદ્યાર્થીઓને આશીર્વાદ આપી આવા સરસ હેતુલક્ષી આયોજન બદલ કમિટીના સભ્યોને અભિનંદન પાઠવ્યા હતા. પ્રોફસર શ્રી ગઢવી, શ્રી વ્હોરા, શ્રી મોઢવાડીયા, શ્રી દોશી, શ્રી ત્રિવેદી, એ આ બંને વખતના રિયુનિયનને શુભેચ્છાઓ પાઠવી હતી. કાર્યક્રમમાં પ્રોફસરો અને મહિલા સભ્યો દ્વારા દીપ પ્રાગટ્ય બાદ સહપાઠી મિત્રો અને પ્રોફસરો જે વિદાય લઇ ગયેલ છે તેમને યાદ કરી મૌન પાડી મિત્રાંજલિ- શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. પૂર્વ પ્રિન્સિપાલ એવા ડી.એ.પટેલે વિડિઓ સ્પીચ દ્વારા આ કાર્યક્રમને શુભેચ્છાઓ અને આશીર્વાદ પાઠવ્યા હતા. સાથે સાથે બહાર વસતા સહપાઠીઓએ પણ વિડીયો સ્પીચ દ્વારા શુભેચ્છાઓ પાઠવી હતી. લય અંતાણીની ધમાકેદાર ચિત્રહાર હાઉસીમાં તમામ મિત્રો ડાન્સ, મસ્તી કરી મન મૂકીને નાચ્યાં હતા અને ભરપૂર આનંદ માણ્યો હતો. આ ઉપરાંત ૧૯૯૯/૨૦૦૨ બેચ દવારા કૉમર્સ કૉલેજ માટે લગભગ સવા બે લાખ જેટલો ફંડ એકત્ર કરી કૉલેજને જરૂરિયાત મુજબ સાઉન્ડ સિસ્ટમ તેમજ કલાસ રૂમો માટે આધુનિક ક્લાસમેંટ સિસ્ટમ તેમજ સ્ટાફરૂમ માટે ખુરશી વગેરે ભેટ આપવામાં આવી હતી. આ ઉમદા વિચાર બદલ હાલના પ્રિન્સિપાલ મૌલીક બારોટે બેચના વિદ્યાર્થીઓ તેમજ કમિટીના સભ્યોને અભિનંદન સાથે શુભકામના પાઠવી હોવાનું કમિટીના ચેતન કતીરાએ જણાવ્યું હતું.

## સમસ્ત જૈન સમાજ માધાપર, ચાર મહિનાનો ધર્મોત્સવ ઉજવશે

**સવા કરોડ નવકારમંત્રના જાપ, ૫૪ હજાર સામાયિકનો સંકલ્પ**

ભુજ તા.૧૯

તાલુકાના માધાપરના પનોતા પુત્ર અને કોહિનૂર સમા તીર્થતિલક મ.સા.ની પ્રેરણાથી મૂર્તિ પૂજક જૈન સંઘના સાધ્વીભગવંત દિવ્યાગીરાશ્રી આદિ ઠાણા -૩, તથા સ્થાનકવાસી સંઘના દમયંતી મહાસતીજી આદિ ઠાણા-૫ ની પાવન નિશ્રામાં ચાર મહિનાનો ધર્મ ઉત્સવ સવા કરોડ નવકારમંત્રના જાપ અને ૫૪,૦૦૦ સામાયિકના સવાયા સંકલ્પ સાથે સમસ્ત જૈન સમાજ દ્વારા ઉમંગભેર ઉજવવામાં આવશે.

આખા આયોજનને સફળ બનાવવા માટે મુખ્ય દાતા તરીકે માતૃશ્રી વિમળાબેન હિંમતલાલ ખંડોર, માતૃશ્રી ભારતીબેન ભાઇલાલ શેઠ, માતૃશ્રી મંછીબેન સરુપચંદ ભાભેરા, માતૃશ્રી નિર્મળાબેન નેમચંદ મહેતા, માતૃશ્રી ગંગાબેન મલુકચંદ મહેતા તેમજ સહયોગી દાતા તરીકે માતૃશ્રી શાંતાબેન શાંતિલાલ મહેતા, માતૃશ્રી પ્રભાબેન વેલજી શાહ, માતૃશ્રી લક્ષ્મીબેન દિપચંદ લોદરીયા, માતૃશ્રી કંચનબેન હીરાલાલ શાહ, માતૃશ્રી નિર્મલાબેન નાનાલાલ વોરા વગેરે પરિવારોએ લાભ લીધો છે. આયોજક કમિટમાં નીતિન મહેતા, જીનેશ શેઠ, સુરેશ મહેતા, કમલેશ કોરડીયા, અરવિંદ મહેતા, અમુલ મહેતા, હર્ષ મહેતા, કૈલાશ મહેતા, રાજેશ મહેતા તેમજ રાજા લોદરીયા વગેરે ૧૦ કાર્યકર્તાઓની ટીમ સાથે સમસ્ત જૈન સંઘના પ્રમુખ હિતેશ ખંડોર, મહામંત્રી સંજય મહેતા, મૂર્તિપૂજક જૈન સંઘના પ્રમુખ વસંત મહેતા, સ્થાનકવાસી જૈન સંઘના પ્રમુખ વસંત ભાભેરા તેમજ તેરાપંથ જૈન સંઘના પ્રમુખ સુરેશ મહેતા વેગેરેએ જહેમત ઉઠાવી રહ્યા છે.

સમગ્ર ચાર મહિનાના ધર્મોત્સવ આયોજનમાં દરેક મહિને લક્કી ડ્રો દ્વારા આકર્ષક ઈનામો આપવામાં આવશે તેમજ ચાતુર્માસ અંતે સૌથી વધુ સામાયિક કરનાર તેમજ સૌથી વધુ નવકારવાળી ગણનાર આરાધકોમાં ૧૫ થી ૫૦ વર્ષની કેટેગરી તેમજ ૫૧ વર્ષથી ઉપરના, એમ બે કેટેગરીમાં બે સુશ્રાવક અને બે સુશ્રાવિકા વિજેતાઓને ઈનામ અર્પણ કરવામાં આવશે, ભાગ લેનાર દરેક આરાધકોને પ્રોત્સાહિત આશ્વાસન ઈનામ અર્પણ કરવામાં આવશે.

## મંગળવારે રજૂ થનારા કેન્દ્રીય બજેટમાં માંડવીને રેલ સુવિધાની જાહેરાત થશે ?



**ઘણાં વરસોથી કરાતી રજૂઆતને સફળતા મળી નથી તેવું અખબારી નિવેદન કરી માંડવીની સંસ્થાએ આશાવાદ વ્યક્ત કર્યો**

માંડવી તા.૧૯

આગામી ૨૩ જુલાઈના રજૂ થનાર કેન્દ્ર બજેટમાં માંડવીનો વર્ષો જુનો અને અગત્યનો પ્રશ્ન હલ કરી બજેટમાં માંડવીને ઝડપથી રેલવેની સુવિધા આપવા કેન્દ્ર નાણામંત્રી નિર્મલા સીતારામન અને રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ સમક્ષ લેખિત રજૂઆત કરેલ છે. માંડવી ચેમ્બર ઓફ કોમર્સ પ્રેરિત માંડવી વિકાસ કાઉન્સિલના પ્રમુખ વાડીલાલ દોશી અને મંત્રી દિનેશ શાહે એક અખબારી નિવેદનમાં જણાવ્યું હતું કે માંડવી ચેમ્બર ઓફ કોમર્સ અને માંડવી મર્ચન્ટ એસોસિયન ઘણા વર્ષોથી માંડવીને રેલવેની સુવિધા આપવા રજૂઆત કરતા આવ્યા છે, પરંતુ તેમને હજી સુધી સફળતા મળી નથી. ગત ૨૬ એપ્રિલના રેલવે મંત્રીના ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ગાંધીધામ હોલીડે રિસોર્ટમાં યોજાયેલ સંવાદ કાર્યક્રમમાં માંડવી સર્વાંગી વિકાસ કાઉન્સિલના પ્રમુખ વાડીલાલ દોશી, ઉપપ્રમુખ દીપક પંડ્યા અને મંત્રી દિનેશ શાહે રેલવે મંત્રીને રૂબરૂ મળીને માંડવીને રેલવેની સુવિધા આપવા લેખિત રજૂઆત કરી હતી અને આ પ્રતિનિધિ મંડળે માંડવીની ૮૦ જેટલી અગ્રણી સંસ્થાઓના રેલવે સુવિધા ઝડપથી આપવાની માંગ કરતા આવેદન પત્રો અર્પણ કર્યા હતા અત્રે કચ્છના સાંસદ વિનોદ ચાવડા તથા માંડવીના ધારાસભ્ય અનિરુદ્ધ દવે પણ માંડવીને રેલવેની સુવિધા મળે તે માટે હકારાત્મક અભિગમ ધરાવે છે, તેમના પણ પ્રયાસો રહ્યા છે. ૨૩ જુલાઈના રજૂ થનારા બજેટમાં માંડવીને રેલવેની સુવિધા આપવાની જાહેરાત થશે એવો આશાવાદ માંડવી સર્વાંગી વિકાસ કાઉન્સિલના હોદેદારોએ વ્યક્ત કર્યો હતો.

# વિકસિત ભારતની નવી પહેચાન, કુટુંબ નિયોજન દરેક દંપતિની શાન



**માધાપર ટ્રેનિંગ સેન્ટર ખાતે વિશ્વ વસ્તી દિવસની ઉજવણી નિમિતે સેમિનાર યોજાયો**

ભુજ તા.૧૯

વિશ્વ વસ્તી દિવસની ઉજવણીના ભાગરૂપે તાલુકાના માધાપર ટ્રેનિંગ સેન્ટર ખાતે તાલુકા પંચાયતના પ્રમુખ વિનોદ વરસાણીના અધ્યક્ષસ્થાને સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમીનારમાં ગત વર્ષમાં પરિવાર નિયોજન કાર્યક્રમમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર મહિલા આરોગ્ય કાર્યકર (એફ.એચ. ડબલ્યુ) અને આશા બહેનોનું સન્માન કરવામાં આવ્યું હતું. તાલુકા પંચાયતના પ્રમુખે વસ્તી વધારાના કારણે દેશ, પરિવારોને થતા નુકશાન અંગે પોતાના વિચારો વ્યક્ત કરીને "વિકસિત ભારતની નવી પહેચાન, કુટુંબ નિયોજન દરેક દંપતિની શાન" એ સૂત્રને સાકાર બનાવવા અનુરોધ કર્યો હતો, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ.આર.આર ફુલમાલીના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ સેમિનારમાં કચ્છ જિલ્લાના ઈ.એમ.ઓ. તથા ઈ.ચા.ભુજ તાલુકાના આરોગ્ય અધિકારી ડૉ.કેશવકુમારે પરિવાર નિયોજન વિશેના સચોટ માર્ગદર્શન સાથે વિસ્તૃત માહિતી આપી હતી.

આ પ્રસંગે જિલ્લા માહિતી, શિક્ષણ પ્રસાર અધિકારી વિનોદભાઈ તથા DSBCC સમા ઈસ્માઈલે સામાજિક વ્યવહાર પરિવર્તન તેમજ વસ્તી નિયંત્રણ માટેની યોજનાઓ અને તેના લાભો અંગે માહિતી સાથે સૌને માર્ગદર્શન પુરું પાડ્યું હતું, આ સેમિનારમાં ડૉ.એસ.કે. સિંઘે વસ્તી નિયંત્રણમાં 'સેફ-અનસેફ'ના ગાળા વિશેની ખૂબ સારી રીતે સમજણ આપી હતી, જ્યારે ભુજ અર્બનના ફિમેલ હેલ્થ સુપરવાઈઝર કુંજલબેને આરોગ્ય કર્મચારીઓને ખંત, નિષ્ઠાથી કામગીરી કરવા અને વિશ્વ વસ્તી નિયંત્રણની યોજનાઓ વિશે પોતાના અભિપ્રાયો રજૂ કર્યા હતા.

સમગ્ર સેમિનારનું આગવી શૈલીમાં સંચાલન કલ્પનાબેન મહેતાએ, જ્યારે આશિતભાઈ એ આભારવિધિ કરી હતી, સેમિનારને સફળ બનાવવામાં ભુજ બ્લોક ઓફિસના સ્ટાફે જહેમત ઉઠાવી હોવાનું જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. ફૂલમાલી દ્વારા જણાવાયું હતું.

## કેન્યામાં ચાતુર્માસ પ્રારંભે સંતો અને હરિભક્તોએ વિશેષ નિયમો ધારણ કર્યા



**ભુજ :** સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીના ૭૬,૭૭ અને ૭૮ મા જણાવ્યું છે કે,"ચાતુર્માસમાં સૌ ભક્તોએ વિશેષપણે નિયમ ધારણ કરવા જોઈએ અને જે અસમર્થ હોય તેમણે શ્રાવણ માસમાં તો અવશ્ય વિશેષ નિયમો ધારવા જ જોઈએ. તે નિયમો જણાવતાં કહે છે કે,' ભગવાનની કથા સાંભળવી તથા વાંચવી, ભગવાનના ગુણનું કિર્તન ગાન કરવું, પંચામૃત સ્નાનથી ભગવાનની મહાપૂજા કરવી, ભગવત્મંત્રનો જપ કરવો, સ્તોત્રમંત્રનો પાઠ કરવો, ભગવાનની પ્રદક્ષિણા કરવી તથા સાષ્ટાંગ નમસ્કાર કરવા.આ આઠ નિયમોમાં ભક્તિયુક્ત થઈને ચાતુર્માસમાં વિશેષપણે ધારવા.'આ ઉપરાંત ગુરુદેવ જીવનપ્રાણ મુક્તજીવન સ્વામીબાપાની આજ્ઞા અનુસાર ધ્યાન, એકટાણાં, ધારણા-પારણાં, મંગળા આરતીના નિયમો, સંધ્યા આરતીના નિયમો, એકાદશીના નકોરડા ઉપવાસ વગેરે પણ લઇ શકાય. શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય જિતેન્દ્રિયપ્રિયદાસ સ્વામી મહારાજની અનુજ્ઞાથી પૂજનીય સંતો અને હરિભક્તોએ ચાતુર્માસના વિશેષ નિયમો ધારણ કરી સર્વોપરી શ્રી સ્વામિનારાયણબાપા સ્વામીબાપાની પ્રસન્નતા પ્રાપ્ત કરી હોવાનુ ગુરુપ્રિયદાસ સ્વામીએ જણાવ્યુ હતુ.

Printer, Publisher and Owner : Jay Dineshbhai Dave, Printed at NIDHIRESH PRINTERY, Plot No. 50, KailashDham Society, Nr. Ruda Transport Nagar, SatHanuman Temple, Navagam, Rajkot, Published from 9, Matrubhav, Satyam Society, Bhuj - Kutch. Editor : Jay Dineshbhai Dave Responsible for News Under PRB Act

# આજે વિશ્વ ચેસ દિવસ



જાણ્યું અજાણ્યું
ડો.મિહિર એમ.વોરા

ચેસના મહત્વને દર્શાવવા માટે દર વર્ષે ૨૦ જુલાઈનો દિવસ સમગ્ર દુનિયામાં વિશ્વ ચેસ દિવસ તરીકે મનાવવામાં આવે છે.ચેસની રમત ખૂબ જ શાંતિથી રમવામા આવતી પરંતુ મનોરંજક ગેમ છે, જેમાં ખૂબ મગજ દોડાવવુ પડે છે. આ કારણે આને માઈન્ડ ગેમ પણ કહેવામાં આવે છે. ચેસના મહત્વને દર્શાવવા માટે દર વર્ષે ૨૦ જુલાઈનો દિવસ સમગ્ર દુનિયામાં વિશ્વ ચેસ દિવસ તરીકે મનાવવામાં આવે છે.

પ્રાચીન સમયમાં ચેસની રમત મનોરંજન અને રાજઘરાનાની રમત હતી, હવે આને કોઈ પણ રમી શકે છે અને આને રમવાથી મગજ પણ શાર્પ થાય છે. ૧૨ ડિસેમ્બર ૨૦૧૯એ સંયુક્ત રાષ્ટ્ર મહાસભા (યુએનજીએ) એ વિશ્વ ચેસ દિવસને મનાવવાની જાહેરાત કરી હતી. ૨૦ જુલાઈનો દિવસ જ ચેસ દિવસ તરીકે એટલા માટે પસંદ કરવામાં આવ્યો કેમ કે ૨૦ જુલાઈના દિવસે ૧૯૨૪માં પેરિસમાં ઈન્ટરનેશનલ ચેસ ફેડરેશનની સ્થાપના થઈ હતી.

પહેલા ચેસ દિવસ ૧૮૫૧માં લંડનમાં આયોજિત કરવામાં આવ્યો હતો, જેને જર્મનીમાં એડોલ્ફ એન્ડરસને જીત્યો હતો. એવુ માનવામાં આવે છે કે ચેસની રમતને પહેલા ચતુરંગાના નામનથી ઓળખવામાં આવતી હતી. જેનો અર્થ છે ચાર ભાગ. કહેવાય છે કે ચેસ ચાર લોકો દ્વારા રમાતીરમત છે. લગભગ ૧૫૦૦ વર્ષ પહેલા આ રમતની ઉત્તપત્તિ ભારતમાં થઈ હતી. ચેસ રમવાથી માનવની માનસિક ક્ષમતાઓનો વિકાસ થાય છે. ચેસની રમત બે ખેલાડીઓ વચ્ચે સર્વસમાવેશકતા અને સહિષ્ણુતા, પરસ્પર આદર અને ન્યાયીપણાને પ્રોત્સાહન આપે છે. આ રમત વૈજ્ઞાનિક વિચાર અને કલાના તત્વોના સંયોજનની સાથે સૌથી પ્રાચીન બૌદ્ધિક અને સાંસ્કૃતિક રમતોમાંની એક છે.

આ દિવસને મનાવવાનો હેતુ આંતરરાષ્ટ્રીય ચેસ મહાસંઘનો પ્રચાર-પ્રસાર કરવો અને લોકોને આંતરરાષ્ટ્રીય ચેસ મહાસંઘ પ્રત્યે જાગૃત કરવાનો છે. થોડા વર્ષો પહેલા લોકો ઈન્ડોર ગેમ રમવાનું પસંદ કરતા ન હતા અને તેમાં પણ ચેસ ખૂબ જ ઓછા લોકો રમતા હતા પરંતુ છેલ્લા ૫ થી ૧૦ વર્ષમાં ચેસને લઈને જે જાગૃતિ આવી છે તેના કારણે હવે ચેસના ખેલાડીઓ વધી રહ્યા છે.ચેસ એ બે ખેલાડીઓ વચ્ચે રમાતી બૌદ્ધિક અને મનોરંજક રમત છે.

આ રમતમાં બે ખેલાડીઓ એકબીજાની રાણીને હરાવવા માટે વિવિધ યોજનાઓ બનાવીને રમત રમે છે. કેટલીકવાર પરિસ્થિતિઓ ખૂબ મુશ્કેલ બની જાય છે અને વિરોધીને હરાવવા મુશ્કેલ બની જાય છે. આવી સ્થિતિમાં મન પર ભાર મૂકીને વિવિધ પ્રકારના વિચારો સર્જાય છે. તેથી આ રમત માનસિક સ્વાસ્થ્ય માટે ખૂબ સારી માનવામાં આવે છે. તે મનને ચોંકાવનારી રમત માનવામાં આવે છે.

# ચાંદીપુરા વાયરસના કેસો ગુજરાતમાં વધ્યા



ગાંધીનગર, તા.૧૯

રાજ્યભરમાં ચાંદીપુરા વાઈરસથી સંક્રમિત દર્દીઓના કેસમાં દિવસે ને દિવસે ઉછાળો આવી રહ્યો છે. ત્યારે સરકારે શુક્રવાર સુધીમાં જાહેર કરેલા આંકડા મુજબ ચાંદીપુરા વાઈરસના કુલ કેસની સંખ્યા વધીને ૫૮ થઈ છે. જ્યારે મૃત્યુઆંક વધીને ૨૦ થયો છે.પંચમહાલ જિલ્લામાં આવેલા ગોધરા તાલુકાના નંદાપુરા અને મોટી કાટડી ગામે તેમજ મોરવા હડફ તાલુકાના ખાબડા અને ખાનપુર તથા ઘોઘંબા તાલુકા ના જીંજરી ગામે શંકાસ્પદ ચાંદીપુરમ વાઈરસના કેસ મળી આવ્યા છે. આ સાથે ગુજરાતના જામનગર તથા અન્ય જીલ્લામાં પણ કેસો સામે આવી રહ્યા છે. મુખ્યમંત્રી-આરોગ્ય મંત્રીએ ગઈકાલે આ અંગે રીવ્યુ બેઠક કરી સમગ્ર રાજ્યમાં પગલા ભરવા અંગે નિર્દેશ આપ્યા હતા. વડોદરા શહેરની સયાજી હોસ્પિટલ માં છેલ્લા ૨૦ દિવસમાં શંકાસ્પદ ચાંદીપુરમના ૧૨ કેસ નોંધાયા છે.આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે હિંમતનગર મેડિકલ કોલેજ ખાતે વાઈરલ એક્રેફેલાઈટીસની સારવાર હેઠળના બાળદર્દીઓની મુલાકાત લીધી હતી. સાબરકાંઠા જિલ્લામાં વાઈરલ એક્રેફેલાઈટીસના શંકાસ્પદ કેસોની સારવાર, વ્યવસ્થા અને ઉપચારાત્મક બાબતો અંગે સમીક્ષા કરી હતી કેસો વધ્યા બાદ સરકારે અન્ય એક પણ જાહેરાત કરી હતી જેમાં ચાંદીપુરા વાઈરસનાં સેમ્પલ નું ટેસ્ટિંગ હવે ગુજરાત બાયો ટેક્નોલોજી રિસર્ચ સેન્ટરમાં થશે.તેવુ જણાવાયુ હતુ. અત્યાર સુધી સાબર- કાંઠા-પંચમહાલમાં સૌથી વધુ કેસો સામે આવ્યા છે સાથે ૨૧ જીલ્લામાં તેના કેસો સામે આવ્યા છે.

# મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં સેમીકનેક્ટ કોન્ફરન્સનો પ્રારંભ



ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે ૧ દિવસીય સેમીકનેક્ટ કોન્ફરન્સનો પ્રારંભ કરવામાં આવ્યું હતુ. સેમિકન્ડક્ટર ઈન્ડસ્ટ્રી માટે કોન્ફરન્સનું આયોજન યોજાયો હતો. જેમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં કોન્ફરન્સ યોજાઈ. જેમાં સેમીકનેક્ટ કોન્ફરન્સમાં આજે કુલ ૮ ટેકનિકલ સેશન રાખવામાં આવ્યા છે. ઈન્ડીયા સેમિકન્ડક્ટર મિશન આ કોન્ફરન્સના મુખ્ય પાર્ટનર છે. ગાંધીનગર ખાતે સેમીકનેક્ટ કોન્ફરન્સ યોજાઈ હતી. જેમાં ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત બનાવવાના ભાગરૂપે આ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે. મેન્યું ફેકચરિંગ માટે નવી ટેકનોલોજી આધારિત કોન્ફરન્સનો વિદેશની ઈન્ડસ્ટ્રીને લોકલ ઈન્ડસ્ટ્રી સાથે જોડાવાનો આ કોન્ફરન્સનો મુખ્ય હેતુ છે. કેમિકલ, ગેસ, ગોલ્ડ, ડિફેન્સ, ઈલેક્ટ્રિક વ્હિકલ વગેરે ઈન્ડસ્ટ્રીમાં સેમિકન્ડક્ટર ડીવાઈસનો ઉપયોગ થાય છે ટાટા પાવર અને સીજી પાવર સહિત કંપનીના સહયોગથી કોન્ફરન્સનું આયોજન કરાયુ હતુ. યોજાયેલ આ કોન્ફરન્સમાં ૩ પ્રતિષ્ઠિત કંપનીના ઉદ્યોગ સંચાલકો રણધીર ઠાકુર, અરૂણ મુરુગપ્પ અને ગુરુશરણસિંઘ ઉપસ્થિત રહ્યા. ત્યારે ૩ કંપનીનું ગુજરાતમાં પ્રોજેક્ટ શરૂ કરવાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ગુજરાતમાં રૂપિયા ૧ લાખ કરોડ રોકાણ આવવાની શક્યતા છે. આ સાથે તેનાથી ૪૫ હજર રોજગારીની તક ઊભી થવાની શક્યતા છે.

CRIME LINE CRIME LINE CRIME LINE CRIME LINE

# નાનાદિનારામાં ૪૦ કિલો ગૌવંશનું માંસ પકડતી પોલીસ



ભુજ તા.૧૯

ભુજ વિભાગ તથા સર્કલ પોલીસ ઈન્સ્પેક્ટર પી.બી.ગઢવીએ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગૌવંશની હત્યા અટકાવવા તેમજ ગૌવંશની હત્યા કરનાર ઈસમો વિરુધ્ધ કડક કાર્યવાહી કરવા આપેલી સુચના અનુસંધાને ખાવડા પો.સબ ઈન્સ્પેક્ટર એમ.બી.ચાવડાના માર્ગદર્શન હેઠળ એ.એસ.આઈ. મેઘરાજ ગઢવી, કોન્સ.દશરથસિંહ વિજયરાજસિંહ,હિતેષ વજાભાઇ, સાગરભાઈ ભાથીભાઇ, પીન્ટુભાઇ, તેજસિંહ સોનાજી સાથે પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન એ.એસ.આઈ.ને બાતમી મળેલ કે, નાનાદિનારા ગામના અલૈયાવાંઢના બસ સ્ટેશન પાછળથી એક હિરો કંપનીની સ્પેલન્ડર પ્લસ બાઈક સાઇડમાં એક કોથળામાં આશરે ૪૦ કિલો જેટલું પશુમાંસ ભરીને આવે છે, સચોટ બાતમીના આધારે એ જગ્યાએ જઇ તપાસ કરતા એક સ્પેલન્ડર પ્લસ મો.સા. સાઇડમાં એક કોથળામાં પશુમાસ લઇને આવી રહેલ, પરંતુ પોલીસને જોઇ મો.સા. તેમજ ગૌમાંસ ત્યાં જ મુકી ઈસમ નાશી ગયો હતો, પશુમાંસની એક કિ.ગ્રા.ની કિ.રૂ.૧૦૦ ગણી ૪૦ કી.ગ્રા.ની કિ.રૂ.૪૦૦૦, તેમજ મો.સા. રૂ.૧૫,૦૦૦ તપાસ અર્થે કબ્જે કરી, આ પશુમાસ ક્યા પશુનું છે તે તપાસ કરવા વેટરનીટી ડોક્ટરને સ્થાનીકે બોલાવી તપાસ કરાવતા આ માસ ક્યા પશુનું છે તે ચોક્કસ કહી શકાય નહી તેવું સ્થાનિક વેટરનીટી ડોક્ટરે જણાવતાં, માંસમાંથી એક સેમ્પલ લઇ તુરત તેનું પૃથ્થકરણ કરવા માટે એફ.એસ.એલ. રાજકોટ ખાતે મોકલી આપવામાં આવેલ, અને સદર બનાવ બાબતે જાણવા જોગ ગુનો દાખલ કરી આગળની તપાસ દરમ્યાન હાથ ધરી હતી, દરમ્યાન એફ.એસ.એલ. રાજકોટ ખાતે મોકલેલ સેંમ્પલ પૃથ્થકરણમાં ગૌવંશના હોવાનું જણાઇ આવતા સંડોવાયેલ ઈસમો વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# ગાંધીધામ સોસાયટીમાં બાળકોની સાયકલો ચોરતો ઈસમ ઝડપાયો



ગાંધીધામ તા.૧૯

સોસાયટીમાં પાર્ક કરેલ સાયકલોની ચોરી કરનાર ઈસમને ઝડપી પાડી તેની પાસેથી સાત સાયકલો ગાંધીધામ-બી ડીવીઝન પોલીસે રીકવર કરી છે.

જીલ્લામાં થતી ગેરકાયદેસર પ્રવૃતિઓને અંકુશમાં લાવવા તેમજ મિલક્ત સબંધી બનતા ગુનાઓ શોધી કાઢવા પોલીસ વડાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સપેક્ટર એસ. વી.ગોજીયા દ્વારા આ બાબતે અસરકારક કામગીરી કરવા સ્ટાફને જણાવેલ જે અનવ્યે સર્વેલન્સ સ્ટાફના કર્મચારીઓ પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન ગાંધીધામ સેક્ટર વિસ્તાર તેમજ સોસાયટી વિસ્તારમાં ઘરની બહાર પાર્ક કરેલ નાના બાળકોની સાયકલોની ચોરી થતી હોવા બાબતે બી ડીવીઝન પોલીસ મથકે દાખલ થયેલ ગુનામાં સંડોવાયેલ ઈસમ ગોવિંદ ઉર્ફે પાજી સુખદેવસિંગ જાટ (રહે-ગણેશનગર, શાક માર્કેટ ગાંધીધામ) ને મળેલી બાતમી આધારે પકડી પાડી તેની પાસેથી ચોરી કરેલ જુદી કંપનીની સાત સાયકલો અંદાજે કિં. રૂ.૨૪,૮૦૦ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

આ સફળ કામગીરી ગાંધીધામ બી ડીવીઝન પોલીસ ઈન્સપેક્ટર એસ.વી.ગોજીયા, સબ ઈન્સ. એલ.એન.વાઢીયા તથા સર્વેલન્સ પોલીસ કર્મચારીઓ દ્વારા કરવામા આવી હતી.

# લુંટ ચોરી જેવા ૫૧ ગુનામાં સંડોવાયેલ રીઢો ચોર સાથીદાર સાથે ઝડપાયો



ભુજ તા.૧૯


પધ્ધર પોલીસ સ્ટેશન વિસ્તારમાં થયેલ લુંટ તેમજ અલગ અલગ ચોરીના ગુન્હાઓને અંજામ આપનાર ચોર પદ્ધર પોલીસની પકડમાં આવી ગયો હતો, જેની સામે ૫૦ થી વધુ ગુના અલગ અલગ પોલીસ મથકે ગુના નોંધાયેલા છે. મિલકત સંબંધી ગુનાઓ અટકાવવા અને શોધવા પધ્ધર પોલીસ સ્ટેશનના સબ ઈન્સપેક્ટર એચ.એમ.ગોહિલ તથા સ્ટાફના માણસો શેખપીર ત્રણ રસ્તા પાસે પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન સાથેના એ.એસ. આઇ. રામસંગજી સોઢા તથા હેડ.કોન્સ. દિવ્યરાજસિંહ જાડેજાને અંગત બાતમીદારો પાસેથી બાતમી મળેલ કે, અલગ અલગ અનેક ગુન્હામાં નાસતો ફરતો રીઢો ગુનેગાર રશીદ ઉર્ફે વલો દેશર સમા તેમજ તેની સાથે હબીબ ઉર્ફે અભુડો સીધીક સમા (રહે. બંન્ને નાના દિનારા તા.ભુજ) વાળાઓ મોટર સાયકલથી આવી પારલે કંપની પાસે આવેલ સમાવાસના છેડે આવેલ બંધ છાપરાઓમાં છુપાયેલ છે, સચોટ અને ભરોસાલાયક બાતમી મળતા સદર જગ્યાએ જઇ તપાસ કરતા બાતમી વાળા ઈસમો હાજર હોઇ તેમને કોર્ડન કરી બંન્ને ઈસમોને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

તેમની પાસેથી એક મોટર સાયકલ કિ.રૂ.૧૦,૦૦૦ તથા રોકડ રકમ રૂપીયા ૩૫૦૦ કબ્જે કર્યા હતા. રશીદ ઉર્ફે વલો દેશર સમા રીઢા ગુનેગાર સામે ૫૧ જેટલા ગુના અલગ અલગ પોલીસ મથકે નોંધાયેલા છે. જ્યારે હબીબ ઉર્ફે અભુડો સીધીક સમા સામે માધાપર પો.સ્ટેશનમાં એક ગુનો નોંધાયેલો છે.

આ કામગીરીમાં સબ.ઈન્સ. એચ. એમ.ગોહિલ, એ.એસ.આઈ. રામસંગજી સોઢા, ઈન્દ્રસિંહ ઝાલા, મહેંદ્રસિંહ જાડેજા, શિવરાજસિહ રાણા, નિલેષ ચૌધરી, નરેશ ચૌધરી, દિવ્યરાજસિહ જાડેજા, પો.કોન્સ. ભાવેશકુમાર ગેલોત, તથા પ્રતાપજી ઠાકોર જોડાયેલ હતા.

# કચ્છમાં મેઘાની અમીદ્રષ્ટ્રી : અંજાર, નખત્રાણા, ભુજ પંથકમાં ધોધમાર


**સવારે ભારે ગરમી વચ્ચે શુક્રવારે પણ કચ્છમા વરસાદે હાજરી પુરાવી હતી.કચ્છના છ તાલુકા મથકો પર વરસાદ નોંધાયો હતો જેમાં સૌથી વધુ સેવા બે ઇંચ અંજારમાં નોંધાયો હતો આ ઉપરાંત નખત્રાણા એક ઈંચ,ભુજમા એક ઈંચ મુન્દ્રા દોઢ ઈંચ સાથે અબડાસા-ગાંધીધામમા પણ વરસાદે હાજરી પુરાવી હતી.સ્થાનીક અનેક નદીઓમા પાણી વહી નિકળ્યા હતા.**













ગાંધીનગર તા.૧૯

ગઈકાલે જ્યા લખપત સહિત કચ્છમા છુટોછવાયો વરસાદ પડ્યો હતો તે વચ્ચે શુક્રવારે બપોર બાદ કચ્છમાં વરસાદી વાતાવરણ બન્યુ હતુ જે બાદ અનેક વિસ્તારોમાં ભારે વરસાદ પડ્યો હતો જેને કારણે ગરમીથી ત્રસ્ત લોકોને રાહત મળી હતી. જો કે સૌરાષ્ટ્ર સહિત રાજ્ય અને દેશમાં જે રીતે ભારે વરસાદ પડી રહ્યો છે તેવો કચ્છમાં હજુ પડ્યો નથી પરંતુ કચ્છના લોકો પર શુક્રવારે વરસાદે અમીદ્રષ્ટ્રી કરી હતી અને સંચરાચર વરસાદ નોંધાયો હતો. હા કેટલાક વિસ્તારમાં ભારે વરસાદને કારણે મુશ્કેલી પણ સર્જાઇ હતી પરંતુ એંકદરે વરસાદ પડતા કચ્છમાં પણ અષાઢી માહોલ બરોબરનો જામ્યો હતો. અંજાર, ભુજ, મુન્દ્રા, અબડાસા, નખત્રાણા, ગાંધીધામ સહિત કચ્છના ૬ તાલુકામા વરસાદ નોંધાયો હતો. કચ્છમાં ખાસ કરીને નખત્રાણા પંથકમાં પડેલા ભારે વરસાદ પડ્યો હતો જેમાં નખત્રાણા તાલુકાના જીયાપર ગામે શુક્રવારે બપોરના અડધાથી પોણા કલાક માં દોઢથી બે ઈંચ વરસાદ પડયો હતો.જેને કારણે શેરીઓમાં પાણી પાણી થઈ ગયા હોવાનુ સુનિલ પોકારે જણાવ્યું હતું તો રતનાલ, માનકુવા, મમુઆરા, કોઠારા, સાંધવ તથા નખત્રાણાના અનેક ગામોમા વરસાદ પડ્યો હતો તો મુન્દ્રા વિસ્તારના ગામોમાં પણ ભારે વરસાદને કારણે ખેડુતોમાં ખુશી જોવા મળી હતી તો નખત્રાણા ના મંજલ, દેશલપર, મથલ, નેત્રા સહિતના ગામોમાં વરસાદ પડતા પાણી વહી નિકળ્યા હતા નખત્રાણા માં મોડી સાંજે પણ વરસાદે એન્ટ્રી કરી હતી. તો લખપત, અબડાસાના ગ્રામ્ય વિસ્તાર સાથે ૬ તાલુકામા વરસાદ નોંધાયો હતો. આંકડકીય માહિતીની વાત કરીએ તો સૌથી વધુ અઢી ઈંચ વરસાદ અંજારમા નોંધાયો હતો તો ભુજ-મુન્દ્રા, નખત્રાણામાં એક ઈંચથી વધુ વરસાદ નોંધાયો હતો મોટાયક્ષ-સાંયરા ગામ વચ્ચે આવેલી નદીમાં સારા પ્રમાણમાં પાણી આવતા નદી વહેવા લાગતા રસ્તો બંધ થયો હતો લોકોને સાંયરા તેમજ સાંયરાથી મોટાયક્ષ, મોરગર,પલીવાડ તેમજ આણંદપર આવવા માટે દેવપર થઈને ચાલવાની ફરજ પડી હતી.આ નદીને જોવા આજુબાજુના ગામલોકો ઉમટ્યા હોવાનુ આગેવાન સુજા ભોવાએ જણાવ્યું હતુ.તો ભુજના વડવારા પાસે નદી બે કાંઠે આવી હતી ભારે વરસાદના પગલે નદીમાં ભારે પાણી આવ્યા હતા જેન કારણે વાહનવ્યવહાર ખોરવાયો હતો સ્થાનીક મથલથી લઇ અનેક નદીઓમાં પાણીનો પ્રવાહ શરૂ થયો હતો. કચ્છમાં લાંબા સમયથી ખેડુતો અને લોકો વરસાદની રાહ જોઇ રહ્યા હતા ત્યારે સારા વરસાદને કારણે લોકોમાં ખુશી ફેલાઇ છે. રાજ્યની સાથે કચ્છમાં પણ વરસાદની આગાહી કરવામા આવી છે ત્યારે હજુ વરસાદની લોકો રાહ જોઇને ચાતક નજરે બેઠા છે. શુક્રવારે પડેલા વરસાદને કારણે અનેક નાના-ડેમો અને તળાવમાં નવા પાણીની આવક થઇ હતી. જો કે વરસાદ મુશ્કેલી લઇને પણ આવ્યો હતો પાલરધુના ધોધ પાસે ૨ યુવાનો શુક્રવારે પાણીમાં ફસાયા હતા. પાણીના વહેણમા યુવાનો ફસાતા રેસ્ક્યુ કરી તેમને સલામત બહાર કઢાયા હતા. બે કલાકની જહેમત બાદ યુવાનો બહાર આવ્યા હતા. અહી ફરવા માટે આવેલા બે યુવાનો પાણીના પ્રવાહમા ફસાઇ ગયા બાદ સ્થાનીક લોકોની સાથે નખત્રાણા પોલીસના જવાનો તથા અન્ય લોકોની મદદથી તેમને બચાવવામાં આવ્યા હતા. વરસાદ બાદ આ સ્થળ આસપાસ ફરવા આવતા લોકો ફસાયાના બનાવો અગાઉ પણ બન્યા છે. જો કે સદ્દનશીબે યુવકનો બચાવ થયો હતો.

## મંગવાણા નજીક વાહનો થંભી ગયા



નખત્રાણાના દેશલપર,મંગવાણા સહિત આસપાસના ગામોમાં પડેલા અવીરત વરસાદને કારણે ભારે મુશ્કેલી સર્જાઇ હતી. દેશલપરમાં આઠ ઈંચ જેટલો વરસાદ પડતા ગામમાં પાણી ફરી વળ્યા હતા બીજી તરફ મંગવાણામાં પણ સારો વરસાદ પડતા ગામ પાણી-પાણી થયુ હતુ નલિયા-ભુજને જોડતા રસ્તા વચ્ચે આ ગામમાં સારા વરસાદ બાદ મંગવાણાના મુખ્યમાર્ગ પરથી ભારે પાણી ભરાતા વાહન વ્યવહારને અસર પડી હતી અને કલાકો સુધી વાહનો અટક્યા હતા સાથે જોખમી રીતે કેટલાક વાહનો પસાર પણ થયા હતા. કલાકો સુધી અનેક વાહનો ફસાતા ભારે ટ્રાફીક જામ સર્જાયો હતો દેશલપરના સરપંચ જયશ્રી વાસાણીએ સમગ્ર પંથકમાં સારા વરસાદ અંગે ચિતાર આપ્યો હતો અને બે દિવસમાં સારા વરસાદ અંગે વિગતો આપી હતી મંગવાણા દેશલપર ના મુખ્ય માર્ગો સાથે ગામમાંથી પાણી વહી નિકળ્યા હતા

## સારા વરસાદથી પાલરધુના-કડિયા ધ્રોમાં ધોધ વહી નિકળ્યા

**દર વર્ષે વરસાદ બાદ અહી પ્રકૃતિ સોળે કલાએ ખીલી ઉઠે છે અને આ નજારો જોવા આજુ-બાજુ તેમજ દૂર-દૂરથી લોકો અહીં આવે છે. ત્યારે શુક્રવારે સારા વરસાદ બાદ અહી પાણી વહી નિકળ્યા હતા જો કે પ્રવાહ જોવા આવેલા બે લોકો અહી ફસાઇ જતા સ્થાનીકની મદદથી તેને બચાવાયા હતા.**



કુદરતી સૌંદર્યથી સુશોભિત અને ચોમાસાની ઋતુમાં જ્યારે વરસાદ પડે ત્યારે ખીલી ઉઠતા પાલરધુના (નાયગ્રા-ફલો) જે કુદરતી નજારો જોવા મળ્યો હતો ઉપરથી નીચે તરફ પડતો પાણીનો ધોધ ને નિહાળવા પ્રકૃતિ પ્રેમીઓ આ જગ્યાએ ચૌમાસામાં અચુક આવે છે.મંગવાણાના નનામા ડુંગરનું પાણી પુઅરેશ્વર નજીક આવેલ નદીમાં આવતા આ પાણી આ પાલરધુનામાં આવે છે.ઉપરથી નીચે પડતા પાણી અને પાણીનો અવાજ એક જોવા અને માણવા જેવો લ્હાવો છે. આજે પણ વરસાદ બાદ કેટલાક લોકો ત્યા પહોચ્યા હતા અને ત્યાના અદ્દભુત નયનરમ્ય દ્રશ્ર્યો સામે આવ્યા હતા તો કડિયા ધ્રોમાંથી વહેતા પાણીથી પણ દુષ્કાળ ગ્રસ્ત વિસ્તાર તરીકે ઓળખાતા કચ્છમાં આવી જગ્યા પણ છે તે જોઇને લોકો રોમાંચ અનુભવે છે. જો કે આ વિસ્તારમાં સુવિદ્યાના અભાવને કારણે વાહનો ફસાય છે સાથે લોકો બેદરકારી સાથે મસ્તી કરતા અનેકવાર અકસ્માતના ભય પણ ફેલાય છે. પાલરધુનાને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા માટે ની વાત થઇ હતી પંરતુ હજુ સુધી કોઇ વિકાસ થયો નથી તો કડિયા ધ્રો માટે પણ સરકારે જાહેરાત કરી હતી પંરતુ હજુ પણ ત્યા સુવિદ્યાનો વિકાસ થયો નથી જો કે વરસાદ બાદ સર્જાયેલા દ્રશ્ર્યો તમારૂ મન મોહી લેશે અને તમને મુલાકાત માટે પ્રેરશે



**વરસાદ બાદ પાણીના ધોધ વહી નિકળતા ડાંગ જેવા આહલાદક દ્રશ્યો સર્જાયા હતા.**